અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654
19 JUNE-2026 FRIDAY
વર્ષ-15 । અંક-218 । વિક્રમ સંવત-2082 । અષાઢ સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



પેજ-08
તમિલનાડુના CM વિજયને મળી સામંથા



પેજ-09
મનપ્રીત સિંહ ભારતીય હોકીના સૌથી વધુ મેચ રમતા ખેલાડી

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 29.00 |
| વડોદરા | 34.00 | 28.00 |
| સુરત | 33.00 | 28.00 |



પેજ 5
એનએસઈનો સૌથી મોટો આઈપીઓ લાવવાની તૈયારી શરૂ થઈ



પેજ 10
અમેરિકા ઈરાન શાંતિ માટે સ્વિટ્ઝર્લેન્ડમાં મળવાનું નક્કી

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 77409.98 ▲ | 254.36 |
| નિફ્ટી | 24168.00 ▲ | 82.30 |
| સોનું | 150022.00 ▼ | 3857.0 |
| ચાંદી | 238887.00 ▼ | 12920.0 |

## પેરિસમાં મોદીનું ભવ્ય સ્વાગત, ટ્રમ્પે આપી ભારતને સુરક્ષાની ખાતરી

# ભારતીય મૂળના લોકોએ સ્વાગત કર્યું







● ટ્રમ્પનું ભારતને મોટું આશ્વાસન: 'મોદીના શાસનકાળમાં ભારત પર હુમલો થશે તો અમેરિકા સાથે રહેશે' : 'મોદી સિવાય અન્ય કોઈ નેતા હશે તો વિચારવું પડશે'

### ● જી-૭ સમિટમાં મોદી-ટ્રમ્પ વચ્ચે ૧૮ મિનિટની મહત્વની દ્વિપક્ષીય બેઠક

(એજન્સી) પેરિસ । તા. 18

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની છ દિવસની ફ્રાન્સ અને સ્લોવાકિયાની યાત્રાના અંતિમ ચરણમાં પેરિસ પહોંચ્યા છે. ફ્રાન્સના એવિયન શહેરમાં આયોજિત ૫૨મી જી-૭ સમિટમાં ભાગ લીધા બાદ તેઓ પેરિસ પહોંચતા જ ભારતીય મૂળના લોકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાન મોદીએ ત્યાં ઉપસ્થિત લોકો સાથે હાથ મિલાવ્યા અને બાળકોને વહાલ પણ કર્યું હતું.

### વૈશ્વિક નેતાઓ સાથે પરામર્શ

જી-૭ સમિટ દરમિયાન પીએમ મોદીએ અનેક દેશોના દિગ્ગજ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. જેમાં યુકેના વડાપ્રધાન કીર સ્ટાર્મર, યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાનનો સમાવેશ થાય છે. આ બેઠકોમાં વેપાર, રોકાણ, ઊર્જા અને વૈશ્વિક સુરક્ષા જેવા મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી.વડાપ્રધાન મોદીની આ યાત્રા ભારતની વૈશ્વિક છબીને વધુ મજબૂત બનાવનારી સાબિત થઈ રહી છે.

### ટ્રમ્પનું મોટું નિવેદન: 'મોદી છે તો ભારત સુરક્ષિત છે'

જી-૭ સમિટ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચે ૧૮ મિનિટની દ્વિપક્ષીય વાતચીત થઈ હતી. આ બેઠક અત્યંત મહત્વની રહી હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે વડાપ્રધાન મોદીના વખાણ કરતા કહ્યું હતું કે, 'જ્યાં સુધી મોદી નેતા છે, ભારત દરેક ક્ષેત્રમાં મોટી ભૂમિકા ભજવશે. મોદી શાંત અને જબરદસ્ત નેતા છે.' સૌથી મહત્વની વાત એ છે કે ટ્રમ્પે ભારતને સુરક્ષાની મોટી ખાતરી આપી છે. તેમણે કહ્યું કે, 'મોદીના શાસનકાળ દરમિયાન જો ક્યારેય ભારત પર હુમલો થશે.

### હોર્મુઝ સ્ટ્રેટમાં ભારતીય નાવિકોનો મુદ્દો

વડાપ્રધાન મોદીએ સમિટમાં હોર્મુઝ સ્ટ્રેટમાં થયેલા ભારતીય નાવિકોના મૃત્યુનો મુદ્દો ખૂબ જ ગંભીરતાથી ઉઠાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે વૈશ્વિક વેપારમાં મહત્વનો ભાગ ભજવતા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ તમામ દેશોની જવાબદારી છે. તેમણે ઈરાન સાથેની ડીલમાં ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો. તો અમેરિકા મદદ માટે ચોક્કસપણે સાથે ઊભું રહેશે.'જેમાં ભારતની ટેકનિકલ સિદ્ધિઓ પ્રદર્શિત કરવામાં આવી રહી છે.

### વિવાટેક (Vivatech) ટેકનિકલ સંમેલનમાં હાજરી

યુરોપના સૌથી મોટા ટેકનિકલ સંમેલન 'વિવાટેક'માં ભાગ લેશે. તેમની સાથે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પણ હાજર રહેશે. આ સંમેલનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), સ્ટાર્ટઅપ, ડિજિટલ ટેક્નોલોજી અને સાયબર સુરક્ષા જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે. અહીં ભારતનો 'ઈન્ડિયા પેવેલિયન' પણ સ્થાપિત કરાયો છે, ફ્રાન્સ અને સ્લોવાકિયાની સફળ યાત્રા બાદ, પેરિસમાં યોજાનાર વિવાટેક સંમેલન ટેક્નોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રમાં ભારતની વધતી શક્તિને દુનિયા સમક્ષ રજૂ કરશે.

## ઝારખંડથી ચોથી ટર્મ માટે રાજ્યસભામાં ચૂંટાયા પરિમલ નથવાણી

● ગ્રામીણ વિસ્તારોમાં કૌશલ્યવર્ધન, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે વિકાસ કરવા પર રહેશે વિશેષ ભાર



(એજન્સી) રાંચી । તા. 18

પરિમલ નથવાણી ફરી એકવાર ઝારખંડનું પ્રતિનિધિત્વ કરતા ચોથી ટર્મ માટે રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા છે. આ સાથે તેઓ રાજ્યસભાના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા અપક્ષ સાંસદ તરીકેનો પોતાનો રેકોર્ડ વધુ મજબૂત કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૦માં આંધ્રપ્રદેશથી ચૂંટાયા બાદ, ઝારખંડમાં તેમની આ વાપસીને રાજ્યના વિકાસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

### ગ્રામીણ વિકાસનું નવું રોડમેપ

પોતાના વિઝન અંગે વાત કરતા નથવાણીએ જણાવ્યું હતું કે, ઝારખંડ હવે તેમના માટે માત્ર એક રાજ્ય નથી, પરંતુ તેમની 'કર્મભૂમિ' છે. તેમણે કહ્યું, 'આગામી સમયમાં મારું સંપૂર્ણ ધ્યાન ગ્રામીણ વિસ્તારોના વિકાસ પર રહેશે.

### ભૂતકાળમાં સિદ્ધિઓનો ઈતિહાસ

પરિમલ નથવાણીએ તેમની અગાઉની ટર્મ દરમિયાન સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ (MPLAD) ફંડનો ૧૦૦ ટકા ઉપયોગ કરીને અનેક સીમાચિહ્નો સ્થાપિત કર્યા હતા. તેમણે દત્તક લીધેલા આદર્શ ગ્રામ પંચાયતોમાં બડામ-જરાટોલી, ચુટ્ટુ અને બરવાડાગમાં આધુનિક સુવિધાઓ પૂરી પાડી હતી.

## મુંડન સંસ્કાર પ્રસંગે પરત ફરતી વખતે સર્જાયો કરુણ અકસ્માત, સમગ્ર પંથકમાં શોકનું મોજું

# હિમાચલમાં ગમખ્વાર અકસ્માત: બોલેરો ૧૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકતા ૭ ના મોત



મધરાતે સર્જાયો અકસ્માત, સવારે ખબર પડી: હિમાચલના મેહલ ગામમાં શોકનું મોજું

(એજન્સી) ચંબા । તા. 18

હિમાચલ પ્રદેશના ચંબા-મસરુંડ માર્ગ પર એક અત્યંત કરુણ અને ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. કાકડ્રોથા ગામ ખાતે એક મુંડન સંસ્કારમાં સામેલ થઈને પરત ફરી રહેલા પરિવારની બોલેરો ગાડી (HP-01C-2581) અનિયંત્રિત થઈને ૧૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકતા કુલ ૭ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે.હિમાચલ પ્રદેશના ચંબા-મસરુંડ માર્ગ પર અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે. તેમાં મેહલ ગામના એક જ પરિવારના છ લોકોનો સમાવેશ થાય છે, જ્યારે સાતમો મૃતક ડ્રાઈવર હતો. પોલીસે તમામ મૃતદેહોને ખીણમાંથી બહાર કાઢીને આગળની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

### શું હતી ઘટના?

મેહલ ગામનો એક પરિવાર બુધવારે રાત્રે મુંડન સંસ્કારમાંથી પરત ફરી રહ્યો હતો. રસ્તામાં અચાનક ગાડી પરથી ચાલકનો કાબૂ છૂટી જતાં તે સીધી ખીણમાં ખાબકી હતી. ગાડી એટલી ઊંડી ખીણમાં પડી હતી કે તેના ફુરચા ઉડી ગયા હતા. અકસ્માત મધરાતના સમયે થયો હોવાથી કોઈને જાણ થઈ શકી નહોતી. સવારે જ્યારે લોકોને આ અંગે જાણ થઈ ત્યારે પોલીસને તરત જ જાણ કરવામાં આવી હતી.

### મૃતકોની ઓળખ

આ અકસ્માતમાં મૃત્યુ પામેલા ૭ લોકોમાં મેહલ ગામના ચુની લાલ, દેવી લાલ, બબલી દેવી, મોતી રામ, અનિતા કુમારી, કુંતા દેવી અને ધરો ગામના મનોહર લાલનો સમાવેશ થાય છે. આ દુર્ઘટનામાં એક જ પરિવારના ૬ સભ્યોનો કાળ બનીને ભોગ લેવાયો છે, જેમાં બે સગા ભાઈઓ અને પતિ-પત્ની પણ સામેલ છે. સાતમો મૃતક ગાડીનો ચાલક હતો.જેના કારણે ગાડીના ફુરચા ઉડી ગયા હતા.

### પોલીસ તપાસ અને કાર્યવાહી

ચંબાના એસપી વિજય કુમારે આ કરુણ અકસ્માતની પુષ્ટિ કરી છે. પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને તમામ મૃતદેહોને ખીણમાંથી બહાર કાઢ્યા હતા. તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા છે, ત્યારબાદ તે પરિવારજનોને સોંપવામાં આવશે. હાલમાં અકસ્માતનું સચોટ કારણ જાણી શકાયું નથી, પરંતુ પોલીસ આ મામલે આગળની તપાસ ચલાવી રહી છે.

**મધરાતે થયો અકસ્માત, પોલીસને સવારે જાણ થઈ :** મધરાતે થયેલા અકસ્માતને કારણે કોઈને તેની જાણ થઈ નહીં. સવારના સમયે પોલીસને જાણકારી મળી. ત્યારબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને રાહત તથા બચાવ કાર્યમાં લાગી ગઈ. આ અકસ્માતમાં મેહલ ગામના ચુની લાલ (65) પુત્ર પરસ રામ, દેવી લાલ (62) પુત્ર પરસ રામ, બબલી દેવી (45) પત્ની મોતી રામ, મોતી રામ (45) પુત્ર પરસ રામ, અનિતા કુમારી (20) પુત્રી ધર્મસિંહ, કુંતા દેવી (53) પત્ની કર્મ સિંહ અને ધરો ગામના મનોહર લાલ (34) નું મૃત્યુ થયું. બે સગા ભાઈઓ અને પતિ-પત્ની પણ સામેલ છે.

## શહીદ શુભમની પત્ની અંતિમ-સંસ્કારમાં આવી, 21 લાખ લઈને જતી રહી

પિતાનો આરોપ- દીકરાને ભોળવીને અમદાવાદમાં કોર્ટ મેરેજ કર્યા, જેની અમને ખબર જ નથી

(એજન્સી) જહાનાબાદ । તા. 18

આસામના જોરહાટમાં 13 જૂને વાયુસેનાના વિમાન દુર્ઘટનામાં જહાનાબાદ નિવાસી 25 વર્ષીય લેફ્ટનન્ટ શુભમ કુમાર શહીદ થયા. તેમની શહાદત બાદ પરિવારમાં સરકાર તરફથી મળેલી સહાયને લઈને વિવાદ શરૂ થયો છે.શહીદના પિતા અમરેન્દ્ર શર્માનો આરોપ છે કે શુભમની પત્ની શ્રેયાએ અધિકારી સાથે મિલીભગત કરીને 21 લાખનો ચેક હડપી લીધો છે. તે ચેક લઈને પોતાના ઘરે જતી રહી.બિહાર સરકારની આ મદદની જાણકારી શહીદના પરિવારને આપવામાં આવી ન હતી. જો શ્રેયા રાય મારા દીકરાની પત્ની હતી તો તેને અંતિમ સંસ્કારથી શ્રાદ્ધ સુધી પરિવાર સાથે રહેવું જોઈતું હતું.પિતાનું કહેવું છે કે બંનેના લગ્ન નક્કી થઈ ગયા હતા, પરંતુ દાદીના મૃત્યુને કારણે એક વર્ષ માટે મુલતવી રાખવામાં આવ્યા હતા. આ દરમિયાન શ્રેયાના પરિવારજનોએ શુભમને ભોળવીને અમદાવાદમાં કોર્ટ મેરેજ કરાવી દીધા હતા.

● ૬ બળવાખોર સાંસદોને નોટિસ આપવાની તૈયારી, કેન્દ્ર સરકાર દ્વારા સુરક્ષામાં વધારો

## શિવસેનામાં સંકટ ઘેરું: સંસદીય બેઠકમાં માત્ર 3 સાંસદો હાજર

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

મહારાષ્ટ્રના રાજકારણમાં શિવસેના (UBT) સામેનું સંકટ વધુ ગંભીર બન્યું છે. ગુરુવારે દિલ્હીમાં આયોજિત સંસદીય દળની બેઠકમાં ૯ માંથી માત્ર ૩ સાંસદો–અનિલ દેસાઈ, અરવિંદ સાવંત અને રાજાભાઉ વાજે–હાજર રહ્યા હતા. પક્ષ દ્વારા જારી કરાયેલા વ્હીપ છતાં અન્ય ૬ સાંસદોની ગેરહાજરીએ પાર્ટીમાં મોટા ભંગાણ પર મહોર લગાવી દીધી છે.

### બળવાખોરોને Y+ સુરક્ષા

એક તરફ ઉદ્ધવ જૂથ બેઠકો કરી રહ્યું છે, તો બીજી તરફ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે બળવાખોર ૬ સાંસદોની સુરક્ષા વધારીને તેમને Y+ સુરક્ષા આપવાનો નિર્દેશ આપ્યો છે.

### સંજય રાઉતનો સતત આક્રોશ

રાજ્યસભા સાંસદ સંજય રાઉતે સતત બીજા દિવસે બળવાખોર સાંસદો પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે દાવો કર્યો કે 'અમારા સાંસદોનું અપહરણ કરવામાં આવ્યું છે.

**છેલ્લા ત્રણ દિવસનો ઘટનાક્રમ :** ૧૫ જૂન: 'ઓપરેશન ટાઈગર' ના નામે ૬ સાંસદોના પક્ષપલટાની અફવાઓ તેજ બની. ૧૬ જૂન: સંજય રાઉતે દાવો કર્યો કે સાંસદોને તોડવા માટે ૫૦ કરોડ રૂપિયાની ઓફર આપવામાં આવી છે. ઉદ્ધવ જૂથે સ્પીકરને ઈમેલ કરીને સાંભળ્યા વિના નિર્ણય ન લેવા અપીલ કરી. ૧૭ જૂન: ૬ સાંસદોએ શિંદે જૂથમાં વિલય માટે સ્પીકરને પત્ર સોંપ્યો હોવાની ચર્ચા શરૂ થઈ.

## વિશ્વભરમાં રેકોર્ડ 1.65 લાખ કરોડપતિઓ દેશ છોડશે : યુએઈ-સિંગાપોર પ્રથમ પસંદગી

### અમેરિકનો સૌથી વધુ સ્થળાંતર કરી રહ્યા છે, વેલ્થ હબમાં ભારતનો સ્કોર 56.5

(એજન્સી) મુંબઈ । તા. 18

હેનલી પ્રાઈવેટ વેલ્થ માઈગ્રેશન રિપોર્ટ ૨૦૨૬ મુજબ, વિશ્વભરમાં કરોડપતિઓના સ્થળાંતરનો આંકડો વિક્રમી સ્તરે પહોંચ્યો છે. આ વર્ષે અંદાજે ૧.૬૫ લાખ ધનિક પરિવારો પોતાનો દેશ છોડીને અન્ય દેશોમાં સ્થાયી થવાના છે, જે ૨૦૧૩ના ૫૧,૦૦૦ ના આંકડા કરતા ત્રણ ગણો વધારે છે.

### અમેરિકા અને બ્રિટન સોર્સ માર્કેટમાં અગ્રેસર

અમેરિકા હાલમાં સ્થળાંતર કરનારા ધનિકોનું સૌથી મોટું કેન્દ્ર છે. અમેરિકન કરોડપતિઓમાં સ્થિરતા અને વિદેશી નાગરિકતા માટેની માંગમાં ૨૦૨૫થી બમણો વધારો થયો છે. બીજી તરફ, બ્રિટન પણ હવે ટોપ ૫ સોર્સ માર્કેટ્સમાં સામેલ થઈ ગયું છે.

### ભારતનો વેલ્થ મોબિલિટી સ્કોર ૫૬.૫

ભારતીય ધનિકો માટે બીજી નાગરિકતા હવે માત્ર એક વિકલ્પ નહીં, પરંતુ 'એસ્ટેટ પ્લાનિંગ' નો અભિન્ન ભાગ બની ગઈ છે. રિપોર્ટ મુજબ, ભારતનો વેલ્થ મોબિલિટી સ્કોર ૫૬.૫ છે. વ્યવસાયના વિસ્તરણ અને સક્સેશન પ્લાનિંગ માટે વિદેશમાં વસવાટને પ્રાથમિકતા આપી રહ્યા છે.



### યુરોપિયન દેશોમાં બદલાતા સમીકરણો

યુરોપમાં સ્પેન અને પોર્ટુગલ જેવા દેશોમાં ગોલ્ડન વિઝા કે રિયલ એસ્ટેટ રૂટમાં સખ્તાઈ આવતા હવે કરોડપતિઓ ગ્રીસ જેવા દેશો તરફ વળી રહ્યા છે. રોકાણના બદલામાં નાગરિકતા આપતી યોજનાઓ હજુ પણ ઈટાલી, નેધરલેન્ડ્સ અને સાયપ્રસ જેવા દેશોમાં ધનિકોનું મુખ્ય આકર્ષણ બની રહી છે. યુએઈ ૮૫.૩ ના સ્કોર સાથે વિશ્વનું સૌથી પસંદીદા વેલ્થ હબ બન્યું છે.

## પ્રિયંકાનો આરોપ- NEET વિદ્યાર્થીઓ પાસેથી ₹1.32 લાખ કરોડ વસૂલ્યા

આ રકમ શિક્ષણ બજેટના લગભગ બરાબર, માનીતા ઉદ્યોગપતિઓની 16 લાખ કરોડની લોન માફ

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દાવો કર્યો કે દર વર્ષે NEET પરીક્ષા આપતા 22 લાખ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો પાસેથી વ્યવસ્થા દ્વારા 1.32 લાખ કરોડ ખર્ચ કરાવવામાં આવે છે. આ રકમ દેશના સમગ્ર શિક્ષણ બજેટ 1.40 લાખ કરોડની લગભગ બરાબર છે.

પ્રિયંકા ગાંધીએ બુધવારે રાત્રે X પોસ્ટમાં એ પણ લખ્યું કે - હું એક વાત વધુ ઉમેરવા માંગુ છું કે ભારત સરકારે પોતાના માનીતા ઉદ્યોગપતિઓની જે લોન માફ કરી, તે 16 લાખ કરોડ રૂપિયા છે.

**દેશભરમાંથી ૭,૯૩૧ વિદ્યાર્થીઓ થયા સફળ, પરીક્ષા પદ્ધતિમાં મહત્વના ફેરફાર**

# ICAI CA ફાઈનલ રિઝલ્ટ 2026 જાહેર: નૂર સિંગલાએ ટોપ કરી મેળવી સિદ્ધિ

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) એ આજે CA ફાઈનલ પરીક્ષા 2026 ના પરિણામો જાહેર કરી દીધા છે. આ પરિણામો સાથે જ હજારો વિદ્યાર્થીઓના લાંબા સમયના સંઘર્ષ અને મહેનતનું ફળ મળ્યું છે. આ વર્ષે કુલ ૭,૯૩૧ ઉમેદવારો સફળ રહ્યા છે. જે ઉમેદવારો સફળ થયા છે તેમને અભિનંદન અને જે વિદ્યાર્થીઓ આ વખતે સફળ નથી રહ્યા તેમને આગામી સેશન માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

### વિદ્યાર્થીઓ માટે મહત્વની સૂચના

ઉમેદવારો પોતાનું પરિણામ ICAI ની ઓફિશિયલ વેબસાઈટ icai.org અથવા icaiexam.icai.org પર લોગિન ક્રેડેન્શિયલ દ્વારા જોઈ શકે છે.સાવધાની: ICAI એ વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયા પર ફરતી થતી અસ્પષ્ટ કે અનઓફિશિયલ રિઝલ્ટ લિંક્સથી દૂર રહેવા ચેતવણી આપી છે. સ્કોરકાર્ડ: સ્કોરકાર્ડમાં દરેક વિષયના માર્ક્સ, પાસ/નાપાસ સ્ટેટસ અને ડિસ્ટિંક્શનની વિગતો મળશે. જો કોઈ વિસંગતતા જણાય તો તાત્કાલિક ICAI ના હેલ્પડેસ્કનો સંપર્ક કરવો.

### પરીક્ષા સિસ્ટમમાં ફેરફાર

ICAI એ આ વર્ષથી પરીક્ષા પદ્ધતિમાં મોટો સુધારો કરતા વર્ષમાં બે વાર પરીક્ષા યોજવાની જૂની વ્યવસ્થા લાગુ કરી છે. હવેથી CA ની પરીક્ષાઓ માત્ર મે અને નવેમ્બર મહિનામાં જ લેવામાં આવશે. જાન્યુઆરી સેશનને સંપૂર્ણપણે સમાપ્ત કરી દેવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય શૈક્ષણિક માળખાને વધુ સુવ્યવસ્થિત બનાવવાનો છે.

### ટોપર્સની સફળતા

પટિયાલાના નૂર સિંગલાએ ૮૩.૧૭% (૬૦૦ માંથી ૪૯૯ અંક) મેળવીને ઓલ ઈન્ડિયા રેન્ક-૧ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત, હાવડાના રિતિજ સરાફ ૭૯.૧૭% સાથે બીજા સ્થાને અને ડોમ્બિવલીના સોહન અનિલ માંજરેકર ૭૮.૮૩% સાથે ત્રીજા સ્થાને રહ્યા છે. આ પરિણામ સાથે CA બનવાનું સ્વપ્ન જોતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# જનકલ્યાણ શિબિર દ્વારા છેવાડાના ગામડાઓ સુધી યોજનાઓ પહોંચાડવાનો પ્રયાસ : ચૈતર વસાવા

નર્મદા : આજે નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ખોપી ખાતે જનકલ્યાણ શિબિર તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ પ્રજાના વિવિધ પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો તેમજ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડવાનો હતો. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી ડેડિયાપાડા મતવિસ્તારના ધારાસભ્ય ચૈતર વસાવા, નર્મદા જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના અધ્યક્ષ અસ્મિતાબેન આઝાદસિંહ ઠાકોર, નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન ડો. દયારામ વસાવા, સાગબારા તાલુકા પંચાયતના પ્રમુખ જગદીશભાઈ વસાવા, તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ જયંતભાઈ વસાવા, તાલુકા પંચાયત ન્યાય સમિતિના અધ્યક્ષ પ્રિયંકાબેન વસાવા, ખોપી જિલ્લા પંચાયતના સભ્ય ગિરધનભાઈ વસાવા, સાગબારા જિલ્લા પંચાયતના સભ્ય હેતલબેન ચેતનભાઈ તડવી, પાંચપીપરી તાલુકા પંચાયતના સભ્ય અનિતાબેન કોઠારી, નરવાડી તાલુકા પંચાયતના સભ્ય સુમનબેન તડવી, બર્કતુરા તાલુકા પંચાયતના સભ્ય ભાવતીબેન વસાવા, દેવસાકી તાલુકા પંચાયતના સભ્ય આર્તિકાબેન વસાવા,



ઉભારિયા તાલુકા પંચાયતના સભ્ય અંજુબેન વસાવા, નાલ તાલુકા પંચાયતના સભ્ય વીણાબેન વસાવા તેમજ સિમઆમલી તાલુકા પંચાયતના સભ્ય ચમારિયાભાઈ વસાવા સહિત વહીવટી તંત્રના અધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે સરકારની વિવિધ વિકાસલક્ષી અને કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના વ્યક્તિ સુધી પહોંચે તે માટે જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા લોકોને યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ સ્થળ પર જ અનેક સેવાઓ અને લાભો પૂરા પાડવામાં આવ્યા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કોઈપણ વિસ્તારનો વિકાસ માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિઓ કે અધિકારીઓના પ્રયાસોથી શક્ય નથી, પરંતુ અધિકારીઓ, પદાધિકારીઓ અને જનતાના સહિયારા પ્રયાસોથી જ વિકાસની ગતિને વેગ મળી શકે છે. શિક્ષણ, કૃષિ, આરોગ્ય, રોજગારી અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રોમાં સૌના સહયોગથી વિસ્તારને વધુ પ્રગતિશીલ બનાવી શકાય છે. કાર્યક્રમ દરમિયાન તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ અને લાભાર્થીઓએ હાજરી આપી હતી. મોટી સંખ્યામાં ગ્રામજનો, સરપંચો, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો તેમજ અન્ય આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## અનુભવી નેતાઓના જોડાવાથી નર્મદામાં 'આપ'નો પરિવાર વધુ મજબૂત બન્યો: ચૈતર વસાવા

નર્મદા : આજે ડેડિયાપાડાના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવા તથા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાની અધ્યક્ષતામાં કોંગ્રેસ પક્ષના અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ કોંગ્રેસ સાથે છેડો ફાડી આમ આદમી પાર્ટીમાં વિધિવત રીતે જોડાયા હતા. આમ આદમી પાર્ટીમાં જોડાનાર આગેવાનોમાં પ્રકાશભાઈ વસાવા (પૂર્વ ઉપપ્રમુખ, પૂર્વ ન્યાય સમિતી અધ્યક્ષ, કોંગ્રેસ નર્મદા), રાકેશભાઈ પટેલ (ધાનપુર તાલુકા મહામંત્રી, કોંગ્રેસ), જિગ્નેશભાઈ વસાવા (નાંદોદ તાલુકા મંત્રી), તેમજ સુરસિંહભાઈ વસાવા (



મહામંત્રી) સહિત અન્ય કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે જોડાયેલા આગેવાનોએ જણાવ્યું હતું કે તેઓ આમ આદમી પાર્ટીની જનહિતની નીતિઓ, પારદર્શક શાસન અને જનસેવાના કાર્યોને પ્રેરણા માની પક્ષમાં જોડાયા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આમ આદમી પાર્ટી ગુજરાતમાં લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે મજબૂત વિકલ્પ બની રહી છે. ધારાસભ્ય ચૈતર વસાવા અને જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ તમામ નવા જોડાયેલા આગેવાનો અને કાર્યકર્તાઓનું પક્ષમાં સ્વાગત કરી શુભેચ્છાઓ પાઠવી હતી અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સૌ સાથે મળીને કાર્ય કરવાની અપીલ કરી હતી.આ દરમિયાન આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, આજે નાંદોદ તાલુકાના કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રકાશભાઈ વસાવા વિધિવત રીતે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. તો પ્રકાશભાઈ અને તેમની સમગ્ર ટીમનું હું આમ આદમી પાર્ટીમાં સ્વાગત કરું છું.

# સરકારી સ્કૂલોમાં 'ચોપડા વગરનું ભણતર' થવા જઈ રહ્યું છે": ધાર્મિક માથુકિયા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ ASAPના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ એક વીડિયોના માધ્યમથી અત્યંત ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આપણે ઘણી જગ્યાએ હોર્ડિંગ્સમાં અને જાહેરાતોમાં જોયું કે "ભાર વગરનું ભણતર" આપવાની વાત થઈ રહી છે અને આજે ગુજરાત સરકાર સાચે જ સાબિત કરી આપ્યું કે ગુજરાતની સરકારી સ્કૂલમાં "ચોપડા વગરનું ભણતર" થવા જઈ રહ્યું છે. સરકારી શાળાનું વેકેશન પૂરું થયું અને તેને દસ દિવસથી પણ વધારે સમય થઈ ગયો છે છતાં પણ આજ દિન સુધી ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓને તેમના પુસ્તકો મળ્યા નથી. અમને એ પણ શંકા છે કે હજુ સુધી પુસ્તકો છાપવાની શરૂઆત પણ નથી થઈ. જ્યારે બીજી બાજુ એ જ પુસ્તકો જો બજારમાં ખરીદવા જઈએ તો તાત્કાલિક મળી જાય છે. આનાથી સાબિત થાય છે કે સરકારની પુસ્તકો આપવાની નીતિ જ નથી, સરકાર પાસે કોઈ વ્યવસ્થા જ નથી અને સરકાર પાસે કોઈ આયોજન પણ નથી.

વધુમાં આમ આદમી પાર્ટીના યુવા નેતા ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે, શિક્ષણના નામે તાઈફાઓ કરવા હોય, મોટા મોટા કાર્યક્રમો કરવા હોય તો સરકાર પાસે તાત્કાલિક એની ટીમ આવી જાય છે, તાત્કાલિક વ્યવસ્થા થઈ જાય છે અને તાત્કાલિક આયોજનો થઈ જાય છે. પરંતુ બીજી બાજુ આટલું લાંબુ વેકેશન ગયું પરંતુ એ વેકેશન દરમિયાન આ લોકો વિદ્યાર્થીઓ સુધી ચોપડા કઈ રીતે પહોંચાડવા, તેની વ્યવસ્થા ન કરી શક્યા, ચોપડા ક્યારે છાપવા અને કઈ રીતે વિતરણ કરવું તેની વિચારણા ન કરી શક્યા, જેના કારણે આજે વેકેશન પૂરું થવાના દસ દિવસ થયા છતાં પણ વિદ્યાર્થીઓ પાસે ચોપડા પહોંચ્યા નથી. ગુજરાતની સરકારી સ્કૂલમાં ભણતા કરી બાળકોના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. મારી ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી સહિત તમામ લાગતા વળગતા તંત્રના અધિકારીઓને વિનંતી છે કે બાળકોનું ભવિષ્ય બગાડો નહીં, તમારા લોકોના કારણે બાળકોનું ભવિષ્ય જોખમાય છે તો તાત્કાલિક ધોરણે ચોપડા પૂરા પાડો, પુસ્તકો પૂરા પાડો અને જે ચોપડા બજારમાં મળે છે એ જ ચોપડા તાત્કાલિક ધોરણે વિદ્યાર્થીઓને પહોંચાડીને સહાય કરો.

# News Brief

## અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં રેગિંગ : સિનિયર દ્વારા જુનિયર ડોક્ટરનું રેગિંગ કરાયું

અમદાવાદ | અમદાવાદની નામાંકિત બી.જે. મેડિકલ કોલેજમાં રેગિંગનો મામલો સામે આવ્યો છે. જુનિયર વિદ્યાર્થી દ્વારા સિનિયર સામે 8 જૂને ફરિયાદ કરવામાં આવી હતી. જે મામલે એન્ટી રેગિંગ કમિટીને તપાસ સોંપવામાં આવી હતી. તપાસ રિપોર્ટ બાદ ઓર્થોપેડિક વિભાગના ત્રણ વિદ્યાર્થીઓને 6 મહિનાથી 1 વર્ષ માટે સસ્પેન્ડ કરવાની કડક કાર્યવાહી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સામે કરવામાં આવેલી કાર્યવાહીની માહિતી ખુદ આરોગ્યમંત્રી દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી આપવામાં આવી હતી. અમદાવાદની બી જે મેડિકલ કોલેજમાં 8 જૂનના રોજ ઓર્થોપેડિક વિભાગના 3 સિનિયર ડોક્ટરો દ્વારા પ્રથમ વર્ષના જુનિયર ડોક્ટરનું રેગિંગ કરવામાં આવ્યું હતું. જે બાદ જુનિયર ડોક્ટર દ્વારા તેમને ફરિયાદ કરવામાં આવતા તપાસ કરવામાં આવી હતી. એન્ટી રેગિંગ કમિટીની તપાસ બાદ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. જે બાદ રિપોર્ટ આરોગ્ય વિભાગને સોંપવામાં આવ્યો હતો.

રેગિંગ કમિટી દ્વારા આરોગ્ય વિભાગને પગલા લેવા રિપોર્ટ કરાયો હતો. એન્ટી રેગિંગ કમિટીના રિપોર્ટ બાદ વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના આદેશ બાદ કાર્યવાહી કરવામાં આવી છે. ઓર્થોપેડિક વિભાગના 3 વિદ્યાર્થીઓને 6 મહિનાથી 1 વર્ષ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રેગિંગની ફરિયાદને લઈને સરકાર અને આરોગ્ય વિભાગ ગંભીરતાથી લીધી છે. વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત અને ભયમુક્ત શૈક્ષણિક વાતાવરણ જાળવવા માટે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. રેગિંગ જેવી અસામાજિક પ્રવૃત્તિઓથી દૂર રહેવા વિદ્યાર્થીઓને અપીલ પણ કરવામાં આવી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને સંવેદના અને સહકારની ભાવના સાથે આગળ વધવા માટે વિદ્યાર્થીઓને અપીલ કરી છે.

## વેરાવળ-પાટણમાં રસ્તા પર રખડતા ઢોરનો ત્રાસ : નગર પાલિકાની કાર્યવાહી બંધ થતા અકસ્માતનો ભય વધ્યો



ગીર સોમનાથ | સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ નજીકના વેરાવળ અને પાટણ શહેરમાં છેલ્લા ઘણા સમયથી રખડતા ઢોરનો ત્રાસ વધ્યો છે. વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા દ્વારા ગૌવંશને પાંજરે પૂરી પાંજરાપોળે મોકલવાની કાર્યવાહી બંધ કરાતા જાહેર માર્ગો પર આખલા યુદ્ધ સામાન્ય બન્યા છે, જેના કારણે શહેરીજનોમાં અકસ્માતનો ભય વધ્યો છે. પ્રભાસ પાટણ, સોમનાથ સોસાયટી વિસ્તાર અને વેરાવળ શહેરમાં ગૌવંશ, શ્વાન અને ભૂંડના ત્રાસથી નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસરને મૌખિક અને લેખિતમાં અનેક રજૂઆતો કરવામાં આવી છે.

જાહેર માર્ગો પર વારંવાર થતા આખલા યુદ્ધથી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોવાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. શહેરના મુખ્ય માર્ગો પર સિનિયર સિટીઝન, શાળાએ જતા બાળકો અને મહિલાઓને આવા આખલા યુદ્ધનો ભોગ બનવાનો અને અકસ્માત થવાનો ભય રહે છે. આથી, તંત્ર દ્વારા વહેલી તકે કાર્યવાહી કરવાની શહેરીજનોમાં પ્રબળ માંગ ઉઠી છે.

## ખાટલા સાથે થાર ગાડી અડી જવાની અદાવત લોહિયાળ બની

ગાંધીનગર | ગાંધીનગરના હાજીપુર ગામે માત્ર થાર ગાડી ખાટલા સાથે અડી જવા જેવી નજીવી બાબતમાં પાંચથી વધુ શખસોની ટોળકીએ ફિલ્મી ઢબે ઘાતકી હુમલો કરી એક યુવકને પીઠના ભાગે છરો મારી ફેફસાં સુધી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ સમગ્ર મામલે સાંતેજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલોલ તાલુકાના હાજીપુર ગામના મોતીપુરા સોસાયટીમાં રહેતો 27 વર્ષીય અજયજી ઠાકોર અરવિંદ મીલમાં નોકરી કરે છે. 14 જૂન, 2026ના મોડી રાત્રે તેનો કાકાનો દીકરો કરણ બળદેવજી ઠાકોર પોતાની થાર ગાડી લઈને ઘરે આવી રહ્યો હતો. એ વખતે ગામના અશોકજી ઉર્ફે જિગો ઠાકોરના ઘર આગળ જાહેર રસ્તા પર તેના મમ્મી ખાટલામાં સુતા હતા. જે ખાટલાને કરણની થાર ગાડી અડી ગઈ હતી.

આ ઘટના બાદ બીજા દિવસે 15 જૂનના રોજ રાત્રે અશોકજીએ અજયને ફોન કર્યો હતો. ગાડી ખાટલાને અડી જવા બાબતે વાતચીત કરવા માટે શેરીસા કેનાલ પર બોલાયો હતો. જેથી અજય, કરણ, અનીલ અને હાર્દિક રાત્રે શેરીસા કેનાલ પર પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા જ આરોપીઓ અશોકજી ઉર્ફે જિગો, મયુર ઠાકોર, પંકજ ઠાકોર, રવિ (રહે. થોળ) અને ફુલો (રહે. રાજપુર, કડી) તેમજ અન્ય અજાણ્યા માણસો હથિયારો લઈને ઊભા હતા. આ જોઈને અજય અને તેના ભાઈઓ ભાગવા લાગ્યા હતા. જો કે અશોકજીએ છરો છૂટો મારતા ગાડીમાં બેઠેલા હાર્દિકને ગાલ પર અને કરણને કાનના ભાગે ઈજા થઈ હતી.

# એલ.ડી. એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને કેમ્પસમાંથી જ મળી લાખોની નોકરી...

અમદાવાદ | એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ કરવામાં આવ્યું છે. સતત બીજા વર્ષે એક હજાર કરતા વધુ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થયું છે. આ વર્ષે 2026ના પ્લેસમેન્ટ સીઝનમાં વિદ્યાર્થીઓએ ફરી એકવાર શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. તેમજ ઈતિહાસમાં પ્રથમ વખત આ વર્ષે પ્લેસમેન્ટ પ્રક્રિયામાં સૌથી વધુ કંપનીઓએ ભાગ લીધો હતો. આ વર્ષે કુલ 227 કંપનીઓએ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જ્યાર ગયા વર્ષે માત્ર 161 કંપનીઓએ ભાગ લીધો હતો તેમજ કંપની દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતા પેકેજમાં પણ ધરખમ વધારો જોવા મળી રહ્યો છે.

નોકરી જ ન મળતી હોવાની ચર્ચા થઈ રહી છે. પરંતુ એલડી એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ જોયા બાદ તે બધી બાબતો ખોટી સાબિત થઈ રહી છે. કારણ કે સતત બીજા વર્ષે એક હજાર જેટલા વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ કોલેજ લેવલ જ કરવામાં આવ્યું છે. મહત્વની બાબત એ છે કે અત્યાર સુધીના ઈતિહાસમાં પહેલી વખત 227 કંપનીઓએ આ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જેમાં 2026માં પાસ આઉટ થયેલા એક હજાર વિદ્યાર્થીઓનું અલગ-અલગ કંપનીઓમાં પ્લેસમેન્ટ કરવામાં આવ્યું છે.

ગયા વર્ષે સૌથી વધુ પેકેજ 19 લાખ સુધી વિદ્યાર્થીને આપવામાં આવ્યું હતું. જ્યારે આ વર્ષે તેની સામે વિદ્યાર્થીઓને આપવામાં આવેલા પેકેજમાં પણ ધરખમ વધારો થયો છે. વિદ્યાર્થીઓને મળેલા પેકેજની વાત કરીએ તો આ વર્ષે હાઈએસ્ટ પેકેજ 25.93 લાખ રૂપિયા પ્રતિ વર્ષ સુધી પહોંચ્યું છે. જે ગયા વર્ષના 18.06 લાખ રૂપિયાના પેકેજ કરતાં ખૂબ વધુ આપવામાં આવ્યું છે.

# અમદાવાદ, બગોદરા અને ધોલેરામાં વરસાદી માહોલ જામ્યો : અરવલ્લી વાવાઝોડા સાથે વરસાદ વરસ્યો...

ગુજરાત | ગુજરાતમાં ચોમાસું બેસવાની તારીખ 15 જૂન છે અને 30 જૂન સુધીમાં તો ચોમાસું આખા ગુજરાતને કવર કરી લેતું હોય છે. પરંતુ, 15 જૂન વિતી ગયા બાદ પણ રાજ્યમાં સત્તાવાર ચોમાસાની એન્ટ્રી ન થતા ચિંતાના વાદળો ઘેરાયા છે. ચોમાસું 8 જૂનથી પશ્ચિમી તટ પર લગભગ સ્થિર છે. ત્યારે હવામાન એજન્સી સ્કાયમેટ અનુસાર, ચોમાસાને મુંબઈ પહોંચવામાં હજુ 7થી 8 દિવસ લાગી શકે છે.

તો આ તરફ આજે (17 જૂન) ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ, દાદરા અને નગર હવેલી, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે દાસે જણાવ્યા અનુસાર, આગામી 7 દિવસ માટે ગુજરાત, દીવ, દમણ અને દાદરા નગર હવેલી માટે કોઈ મોટું એલર્ટ નથી, પરંતુ કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 3 કલાક એટલે કે 1 વાગ્યા સુધી રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર અને અમદાવાદમાં ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. બનાસકાંઠા, મહિસાગર, દાહોદ, પંચમહાલ, ખેડા, આણંદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગરમાં હળવાથી મધ્યમ વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું છે.

અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો છે, શહેરના એસ. પી. રીંગ રોડ પર વૈષ્ણોદેવી સર્કલ નજીક વરસાદી છાંટા પડ્યા છે. છેલ્લા કેટલા દિવસથી ગરમીના બફારાના કારણે શહેરીજનો ત્રાહિમામ પોકારી ગયા હતા ત્યારે વરસાદી છાંટા પડવાના કારણે વાતાવરણમાં ઠંડક ફેલાઈ છે. એસ.પી. રીંગ રોડ પર ઓગણજથી વૈષ્ણોદેવી સર્કલ તરફના રોડ ઉપર વરસાદી છાંટા પડ્યા છે.

એસ.જી. હાઇ-વે પર વૈષ્ણોદેવી સર્કલ, રિંગ રોડ, જગતપુર, ગોતા સહિતના વિસ્તારોમાં વરસાદી છાંટા પડ્યા છે. હવામાન વિભાગ દ્વારા કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટાની આગાહી કરવામાં આવી હતી ત્યારે અમદાવાદમાં પશ્ચિમ વિસ્તારમાં વૈષ્ણોદેવી સર્કલ, જગતપુર અને આસપાસના વિસ્તારોમાં વરસાદી છાંટા પડતા વાતાવરણ એકદમ ઠંડક વાળું બની ગયું છે.

## વરસાદી ઝાપટાં પડતાં જ પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા

જામનગર | જામનગરમાં ચોમાસાની શરૂઆત થતાં જ મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી પડી છે. શહેરમાં માત્ર એક ઇંચ જેટલો નજીવો વરસાદ પડ્યો હોવા છતાં, ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં તંત્રના કાગળ પરના દાવાઓ ધોવાઈ ગયા છે. સ્થાનિકોમાં હવે સવાલ ઉઠી રહ્યો છે કે જો અત્યારથી જ આ હાલત છે, તો ખરું ચોમાસું બેસશે ત્યારે શું થશે?

નજીવા વરસાદના કારણે નાગનાથ ગેટ પાસે આવેલી મહેશ્વરી વાંસાની કેનાલ ઓવરફ્લો થઈ ગઈ હતી. કેનાલ અને ગટરના ગંદા પાણી મુખ્ય રોડ પર ફરી વળતાં રાહદારીઓ અને વાહનચાલકો માટે ત્યાંથી પસાર થવું અત્યંત મુશ્કેલ બન્યું હતું. ગંદકી અને દુર્ગંધના કારણે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. આશ્ચર્યજનક રીતે, માત્ર સામાન્ય વિસ્તારો જ નહીં, પરંતુ શહેરના પોશ વિસ્તારો અને મુખ્ય સરકારી કચેરીઓ પણ પાણી ભરાવવાની સમસ્યામાંથી બાકાત રહી નથી. જિલ્લા પંચાયત કચેરીનું કમ્પાઉન્ડ, ગવર્મેન્ટ કોલોની અને સર્કિટ હાઉસ સહિતના મહત્વના સરકારી પરિસરોમાં ચોતરફ પાણી ભરાઈ ગયા હતા. જામનગર શહેરમાં પ્રવેશતા જ સરકારી કચેરીઓના વરવા દ્રશ્યો સામે આવ્યા હતા.

# સુરતના એકાઉન્ટન્ટે પોતાને જ બનાવ્યો બંધક, LIVE ડેમો પરિવાર પાસે 50 લાખ પડાવવા અપહરણનું નાટક રચ્યું

સુરત | સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતા એક યુવકે પોતાના જ પરિવાર પાસેથી 50 લાખ પડાવવા માટે ફિલ્મી સ્ટાઈલમાં પોતાના જ અપહરણનું ઘાતકી નાટક રચ્યું હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે. 50 લાખ નહીં આપો તો લાશ મળશે તેવો ધમકીભર્યો હિન્દીમાં મેસેજ અને વીડિયો મોકલી પરિવારને ચોંકાવી દેનાર આ શખ્સને ઉત્રાણ પોલીસે ગણતરીના કલાકોમાં ગોધરાની એક હોટલમાંથી સહીસલામત દબોચી લીધો હતો. પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરતના મોટા વરાછામાં ભક્તિનંદન સેક્ટર-2માં રહેતા નિશાબેન તળાવિયાએ ગત તા. 12 જૂનના રોજ ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં તેમના 36 વર્ષીય પતિ જીગ્નેશ લાલજીભાઈ તળાવિયા ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. જોકે, ફરિયાદ નોંધાયા બાદ અચાનક જ ગુમ જીગ્નેશના મોબાઈલ પરથી પરિવારને એક ડરામણો મેસેજ મળ્યો હતો. હિન્દીમાં લખ્યું હતું કે, આના એકાઉન્ટમાં 50 લાખ નાખો નહીં તો તેની લાશ મળશે. તેનું અપહરણ કરાયું છે. પોલીસને ફરિયાદ કરી કે બેંક



ખાતું બંધ કરાવ્યું તો તેને મારી નાખીશું. આ મેસેજ અને સાથે આવેલા એક વીડિયોના કારણે પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. મામલાની ગંભીરતાને જોતા ઉત્રાણ પોલીસ સ્ટેશનના પીઆઇ એચ.આર. ગોસ્વામી અને સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમો તાત્કાલિક કામે લાગી હતી. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ, સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તા. 15 જૂનના રોજ બપોરે 1 વાગ્યે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલી શિવ હોટલમાંથી જીગ્નેશ તળાવિયાને સહીસલામત શોધી કાઢ્યો હતો.ગોધરાની હોટલમાંથી પકડાયેલા જીગ્નેશની જ્યારે પોલીસે કડકાઈથી પૂછપરછ કરી, ત્યારે તેણે પોતે જ આ આખું નાટક રચ્યું હોવાની કબૂલાત કરી હતી. પરિવાર પાસેથી મોટી રકમ મેળવવા માટે તેણે જાતે જ હિન્દીમાં મેસેજ ટાઈપ કર્યો હતો અને પોતે બંધક બન્યો હોય તેવો વીડિયો પણ બનાવ્યો હતો. પોલીસે તપાસ દરમિયાન આરોપી જીગ્નેશ પાસે તે કેવી રીતે બંધક બન્યો હતો અને વીડિયો શૂટ કર્યો હતો, તેનો લાઈવ ડેમો પણ કરાવ્યો હતો. આરોપી જીગ્નેશ તળાવિયા મૂળ બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રસનાળ ગામનો વતની છે અને સુરતમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. પોતાના જ અપહરણની ખોટી વાર્તા ઊભી કરી પોલીસને ગેરમાર્ગે દોરવા, સમય બગાડવા અને સરકારી સંસાધનોનો દુરુપયોગ કરવા બદલ ઉત્રાણ પોલીસે તેની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-2023ની કલમ 212, 217 અને 233 મુજબ ગુનો નોંધી જેલભેગો કરવાની તજવીજ હાથ ધરી છે.

## જૂનાગઢમાં ઉર્જા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં તા.૧૯મી જૂને પ્રાકૃતિક કૃષિ કાર્યશાળા યોજાશે.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૧૮ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ઉર્જા રાજ્ય મંત્રી તથા જિલ્લાના સહ પ્રભારી મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાની પ્રેરક ઉપસ્થિતિમાં જૂનાગઢ ખાતે પ્રાકૃતિક કૃષિ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ પ્રાકૃતિક કૃષિ શિબિર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સરદાર પટેલ સભાગૃહ ખાતે તા.૧૯-૦૬-૨૬ ના રોજ સવારે ૯:૪૫ કલાકે યોજાશે. આ કાર્યશાળામાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સંદર્ભે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ ઉપરાંત, પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂતો પણ ઉપસ્થિત રહીને પોતાના જાત-અનુભવો અને સફળતા ની ગાથા અન્ય ખેડૂતોને જણાવશે. આ પ્રસંગે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના કૃષિ ઉત્પાદનોના નિદર્શન માટે વિશેષ સ્ટોલ રાખવામાં આવ્યા છે. આ સાથે ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ, 'આત્મા' પ્રોજેક્ટ અને કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના સ્ટોલ પણ ઊભા કરવામાં આવ્યા છે, જેથી ખેડૂતો સરકારની વિવિધ કૃષિલક્ષી યોજના ઓથી વિગતવાર માહિતગાર થઈ શકે. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ ખેતીલક્ષી યોજના ઓના લાભાર્થીઓને પ્રતિકાત્મક રૂપે મંજૂરી હુકમો પણ એનાયત કરવામાં આવશે.

## જૂનાગઢ મહિલા આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતી મેળો સંપન્ન: ૬૩ તાલીમાર્થી બહેનોની પ્રાથમિક ધોરણે પસંદગી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૧૮. ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર સંચાલિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) અને સ્કિલ સર્ટિફિકેશન સેન્ટર, જૂનાગઢ (મહિલા) ખાતે તાજેતરમાં રોજગાર ભરતી મેળાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સ્ત્રી સશક્તિકરણ અને સ્વનિર્ભરતાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ ભરતી મેળામાં સંસ્થાની કુલ ૯૧ તાલીમાર્થી બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ભરતી મેળામાં રાજ્યની વિવિધ પ્રતિષ્ઠિત કંપનીઓ અને ઉદ્યોગો દ્વારા ઉપસ્થિત ઉમેદવાર બહેનોના રૂબરૂ ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. સઘન પસંદગી પ્રક્રિયા ના અંતે કુલ ૬૩ તાલીમાર્થી બહેનોની પ્રાથમિક ધોરણે પસંદગી કરવામાં આવી છે. જેમા જેસીબી કંપની, હાલોલમાં ૦૯ તાલીમાર્થી બહેનો,એચ.ડી.એફ.સી. લાઈફ ઈન્સ્યોરન્સ , જૂનાગઢમાં ૧૨ તાલીમાર્થી બહેનો,જૂનાગઢ જ્વેલરી પ્રાઈવેટ લિમિટેડમાં ૧૪ તાલીમાર્થી બહેનો,બોનાન્ઝા સેલોન રાજકોટમાં ૨૮ તાલીમાર્થી બહેનોની પ્રાથમિક ધોરણે પસંદગી કરવામાં આવી છે.

આમ, ભરતી મેળામાં હાજર રહેલ ૯૧ બહેનોમાંથી ૬૩ બહેનોને આત્મનિર્ભર બનવાની અને કારકિર્દી ઘડવાની રોજગારી ની ઉત્તમ તક પ્રાપ્ત થઈ છે.

## દાહોદ જિલ્લામાં સરકારી ગ્રાન્ટનું મોટું કૌભાંડ: આશ્રમશાળાઓ અને છાત્રાલયો માત્ર કાગળ પર ચાલતા હોવાનો ગંભીર આક્ષેપ!

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હેઠળ ચાલતી આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઇન-એઈડ છાત્રાલયોમાં કરોડો રૂપિયાનું મોટું ભ્રષ્ટાચાર કૌભાંડ ચાલી રહ્યું હોવાનો સનસનાટીભર્યો પત્ર સામે આવ્યો છે. માનનીય સંયુક્ત નિયામકશ્રી અને જિલ્લા પ્રભારી અધિકારી (દાહોદ) નયનાબેન શ્રીમાળીને સંબોધીને લખાયેલા આ પત્રમાં જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.માત્ર કાગળ પર ચાલતી સંસ્થાઓ: પત્રમાં આક્ષેપ કરાયો છે કે જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ દ્વારા સંચાલિત ૨૧ આશ્રમશાળાઓ અને ૬૨ ગ્રાન્ટ-ઇન-એઈડ છાત્રાલયોમાંથી મોટાભાગની સંસ્થાઓ બિલકુલ બોગસ છે. ત્યાં ન તો કોઈ વિદ્યાર્થીઓ છે, ન તો પૂરતી મકાન વ્યવસ્થા!કલ્પેશભાઈ પટેલનું નેટવર્ક: આ સમગ્ર કૌભાંડમાં કલ્પેશભાઈ પટેલ નામના વ્યક્તિની સંડોવણી હોવાનો સીધો આક્ષેપ છે. તેમના દ્વારા ૩ આશ્રમશાળા અને ૮ છાત્રાલયો ચલાવવામાં આવી રહ્યા છે, જે તમામ બોગસ હોવાનું જણાવાયું છે.ભૂતિયા વિદ્યાર્થીઓ અને ખોટી ગ્રાન્ટ દેવગઢ બારીઆ તાલુકાના તોયણી ગામે આવેલી આશ્રમશાળા (જે ૨૦૨૨માં પંચમહાલથી લવાઈ હતી) અને સંજેલી તાલુકાના ચમારીયા ગામે ચાલતા છાત્રાલયમાં કોઈ બોર્ડ કે મકાન જ નથી.

## જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા.૧૭ જુલાઈ સુધી હથિયારબંધી આદેશ જારી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮ જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત કરેલ હોય તે મુજબ જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ.બારડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ સમગ્ર જિલ્લામાં શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી, અથવા શારીરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહિ. પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્રો અથવા સાધનો લઈ જવા,એકઠા કરવા તથા તૈયાર કરવા નહિ.વ્યક્તિઓ અથવા શબ અથવા આકૃતિઓ વાળા પૂતળા દેખાડવા નહિ. અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભસ્ત સૂત્રો પોકારવા નહિ. અસ્લીલ ગીતો ગાવા નહિ. જેનાથી સુરૂચીનો શાંતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહિ,તેવા હાવ ભાવ કરવા નહિ,તેવી ચેષ્ટા કરવી નહિ તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહિ. આ હુકમ સરકારશ્રીની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીઓને ફરમાવ્યા હોય અથવા આવા કોઈ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ડીંડોલીમાં રોડ બેસતા મનપાનો સપાટો, કામગીરીમાં બેદરકારી દાખવનાર ૫૦ કોન્ટ્રાક્ટરોને નોટિસ

# સુરતમાં રોડ બેસતા પાલિકા તંત્ર એક્શન મોડમાં

(એજન્સી) સુરત । તા. 18

ચોમાસાની શરૂઆત પહેલા જ સુરત મહાનગરપાલિકાના પ્રી-મોન્સૂન પ્લાનની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. શહેરમાં હજુ તો ચોમાસું વ્યવસ્થિત રીતે જામ્યું પણ નથી, ત્યાં જ સુરતના ડીંડોલી વિસ્તારમાં ગુણવત્તાના કામના દાવાઓ ખોખલા સાબિત થયા છે. ડીંડોલીમાં માનસી રેસીડેન્સીની સામે અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાસે માત્ર ૧૫ દિવસ અગાઉ કરોડોના ખર્ચે બનાવવામાં આવેલો નવો રસ્તો અચાનક પત્તાના મહેલની જેમ બેસી જતા તંત્રની પોલ ખુલી ગઈ છે.

### બેદરકારી સામે મનપાની લાલ આંખ

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લેતા સુરત મહાનગરપાલિકાના ડ્રેનેજ અને રોડ વિભાગે તાત્કાલિક એક્શન મોડમાં આવીને સપાટો બોલાવ્યો છે. રસ્તાના કામમાં થયેલી આ ઘોર બેદરકારી અને નબળી ગુણવત્તાને કારણે પાલિકાએ અત્યંત કડક વલણ અપનાવ્યું છે. તંત્ર દ્વારા શહેરના ૫૦થી વધુ કોન્ટ્રાક્ટરોને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. આ નોટિસ દ્વારા કોન્ટ્રાક્ટરોને ચેતવણી આપવામાં આવી છે કે જો ભવિષ્યમાં કામગીરીમાં જરા પણ બેદરકારી જોવા મળશે તો તેમની સામે કાળી યાદીમાં મૂકવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે.

### સ્થાનિકોમાં ભારે આક્રોશ

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, કરોડો રૂપિયાના ખર્ચે બનેલો રસ્તો થોડા જ દિવસોમાં બેસી જવો એ વહીવટીતંત્ર અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત તેમજ ભ્રષ્ટાચારનું પરિણામ છે. લોકોનો આક્ષેપ છે કે પ્રી-મોન્સૂન કામગીરીના નામે માત્ર દેખાડો કરવામાં આવે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. રસ્તો બેસી જવાથી વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે અને નજીકના ભવિષ્યમાં અહીં અકસ્માતો થવાની ભીતિ પણ સેવાઈ રહી છે.




મનપાના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ડ્રેનેજ વિભાગ દ્વારા આ મામલે ઉચ્ચસ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. જે સ્થળે રસ્તો બેઠો છે ત્યાં તાત્કાલિક મરામત કામગીરી હાથ ધરવા માટે આદેશ આપવામાં આવ્યા છે. પાલિકાના વરિષ્ઠ અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે શહેરના વિકાસ કામોમાં કોઈપણ પ્રકારની ક્ષતિ સહન કરવામાં આવશે નહીં. જે કોન્ટ્રાક્ટરોએ નિયમો મુજબ કામ કર્યું નથી અથવા ગુણવત્તામાં બાંધછોડ કરી છે, તેમને બક્ષવામાં આવશે નહીં.

સુરત મહાનગરપાલિકા હવે શહેરભરના નવા બનેલા રસ્તાઓનું ઓડિટ કરાવવા અંગે પણ વિચારી રહી છે. ચોમાસા દરમિયાન રસ્તાઓનું ધોવાણ ન થાય અને નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે પાલિકાએ અત્યારથી જ દરેક ઝોનમાં ઈમરજન્સી ટીમો તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. ડીંડોલીની આ ઘટનાએ અન્ય કોન્ટ્રાક્ટરોને પણ ચેતવણી આપી છે કે હવે પાલિકા કામગીરીમાં સહેજ પણ ઉણપ ચલાવી લેશે નહીં.

આ ઘટના બાદ સુરત મનપાની વિશ્વસનીયતા પર ઉઠેલા સવાલોના જવાબ આપવા માટે તંત્રએ હવે મેદાને ઉતરવું પડશે. નાગરિકોની સુવિધા માટે ખર્ચાતા લાખો-કરોડો રૂપિયા યોગ્ય દિશામાં વપરાય તે સુનિશ્ચિત કરવું એ પાલિકાની પ્રાથમિક જવાબદારી છે, અને આ કેસમાં જવાબદારો સામે કાર્યવાહી કરીને પાલિકા પોતાનું વલણ સ્પષ્ટ કરી રહી છે.

## વડોદરામાં 4 કરોડના દારૂના જથ્થા પર રોલર ફરી વળ્યું, સ્વચ્છ ગુજરાત અંતર્ગત નાશ



વડોદરા | વડોદરા શહેર પોલીસ દ્વારા આજે દારૂબંધીના કાયદાના અમલીકરણના ભાગરૂપે એક મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. કોયલી ખાતે પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલા ૪ કરોડ રૂપિયાથી વધુની કિંમતના વિદેશી દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી 'સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત' અભિયાનના ભાગરૂપે હાથ ધરવામાં આવી હતી. વડોદરા શહેરના ત્રણેય ઝોન એટલે કે ઝોન-૧, ઝોન-૨ અને ઝોન-૩ હેઠળ આવતા કુલ ૧૫ પોલીસ સ્ટેશનોમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ ગુનાઓમાં દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, આજે પોલીસ અધિકારીઓની હાજરીમાં આ ૧ લાખ ૩૪ હજારથી વધુ દારૂની બોટલો પર રોલર ફેરવી તેને નાશ કરવામાં આવ્યો હતો. આટલી મોટી સંખ્યામાં દારૂનો નાશ કરવાની ઘટનાને પગલે આસપાસના વિસ્તારોમાં ભારે ચર્ચા જાગી હતી. આ આખી કામગીરી દરમિયાન ઉચ્ચ પોલીસ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. કાયદો અને વ્યવસ્થા જાળવવા અને દારૂબંધીના કડક અમલ માટે પોલીસ દ્વારા આ પ્રકારના પગલાં સમયાંતરે લેવામાં આવતા હોય છે.

## સુરતના એકાઉન્ટન્ટે પરિવાર પાસે 50 લાખ પડાવવા અપહરણનું નાટક રચ્યું

(એજન્સી) સુરત । તા. 18

સુરતના મોટા વરાછા વિસ્તારમાં રહેતા એક એકાઉન્ટન્ટે પોતાના જ પરિવાર પાસેથી ૫૦ લાખ રૂપિયા પડાવવા માટે ફિલ્મી સ્ટાઈલમાં અપહરણનું નાટક રચ્યાનો સનસનીખેજ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપી યુવકે પોતે જ બંધક બન્યો હોવાનો લાઈવ ડેમો આપી પરિવારને ધમકીભર્યા મેસેજ મોકલ્યા હતા. જોકે, સુરત પોલીસની સક્રિયતાને કારણે આરોપી ગોધરાની એક હોટલમાંથી મળી આવ્યો હતો.



આરોપી યુવક એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો હતો. તેણે આર્થિક લાભ મેળવવા માટે પોતાના જ અપહરણનું નાટક રચ્યું હતું. તેણે પરિવારને હિન્દી ભાષામાં એક મેસેજ મોકલીને ધમકી આપી હતી કે, "જો ૫૦ લાખ રૂપિયા નહીં આપો તો લાશ મળશે." આ સાથે તેણે પોતે બંધક હોવાનો વીડિયો પણ મોકલ્યો હતો, જેથી પરિવાર ગભરાઈ જાય. પરિવારજનો દ્વારા તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવતા સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની ટીમોએ તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે આરોપીનું લોકેશન ટ્રેસ કર્યું હતું. પોલીસે ખૂબ જ ઝડપથી તપાસ કરીને ગોધરાની એક હોટલમાંથી યુવકને જીવિત અને સહીસલામત અવસ્થામાં શોધી કાઢ્યો હતો. પોલીસની પૂછપરછમાં યુવકે કબૂલ્યું હતું કે તેણે રૂપિયા મેળવવા માટે આખું નાટક રચ્યું હતું. સુરત પોલીસ દ્વારા અત્યારે તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ઘટનાએ સોશિયલ મીડિયા અને ટેકનોલોજીના જમાનામાં થતી આવી છેતરપિંડી અંગે સમાજમાં જાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

## એકતા નગરમાં વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજાઈ, એકતા નગરના વિકાસ કામોની સમીક્ષા



(એજન્સી) એકતા નગર (નર્મદા) । તા. 18

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા નિગમની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા અને પ્રવાસીઓને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ્યથી એકતા નગર વહીવટી કાર્યાલય ખાતે એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. નર્મદા નિગમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના ચેરમેન શ્રી મુકેશ પૂરીની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી, જેમાં વિકાસકાર્યો અને પ્રવાસનને લગતા વિવિધ મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન એકતા નગર વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસ કાર્યો, પ્રવાસીલક્ષી સુવિધાઓ અને આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને પ્રિ-મોન્સૂન એક્ટિવિટીની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત, પ્રવાસીઓ તરફથી મળતા અભિપ્રાયો અને સૂચનોને આધારે કઈ રીતે સુધારા કરી શકાય, તથા પ્રવાસન પ્રકલ્પોના મરામત અને નિભાવણી અંગેની કામગીરી અંગે અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ચેરમેન શ્રી મુકેશ પૂરીએ ઉપસ્થિત તમામ અધિકારીઓ પાસેથી વિવિધ પ્રકલ્પોની માહિતી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન તથા સૂચનો આપ્યા હતા. તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે પ્રવાસીઓને કોઈ પણ અગવડતા ન પડે અને તેમને યોગ્ય સુવિધાઓની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવી એ આપણી પ્રાથમિકતા છે.

## રાજકોટમાં ભાગીદારોના દગાથી યુવકની 10મા માળેથી છલાંગ, ભાગીદારોના ત્રાસથી યુવાનનો અંત

(એજન્સી) રાજકોટ । તા. 18

રાજકોટના રૈયાધાર વિસ્તારમાં એક અત્યંત કરુણ અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. સંતોષ પાર્ક મેઈન રોડ પર આવેલા દર્શનસૃષ્ટિ એપાર્ટમેન્ટના ૧૦મા માળેથી ૨૧ વર્ષીય મિત માંડલિયા નામના યુવકે મોતની છલાંગ લગાવી જીવન ટૂંકાવતા સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફરી વળી છે. આ આત્મહત્યા પાછળ ભાગીદારો દ્વારા કરવામાં આવેલો 'દગો' અને સતત આપવામાં આવતો માનસિક ત્રાસ જવાબદાર હોવાના આક્ષેપ પરિવારજનો દ્વારા કરવામાં આવ્યા છે.



મૃતક મિત માંડલિયા સોના-ચાંદીના ધંધામાં જોડાયેલો હતો. પરિવારજનોના આક્ષેપ મુજબ, ધંધામાં ભાગીદારોએ રોકાણ કરાવીને મિતને ફસાવ્યો હતો. ભાગીદારો દ્વારા અવારનવાર ૫૦ ટકા ભાગ અને વ્યાજની માંગ કરવામાં આવતી હતી. આટલું જ નહીં, ભાગીદારોએ મિતનું અપહરણ કરીને તેની પાસે રહેલું સોનું પણ પડાવી લીધું હતું, જે અંગે પરિવારજનોએ ગંભીર આક્ષેપો કર્યા છે. ભાગીદારોના આ સતત દબાણ અને ધમકીઓને કારણે મિત માનસિક રીતે ભાંગી પડ્યો હતો. કામના સ્થળે અને અંગત જીવનમાં મળતી સતત પરેશાનીઓના કારણે તે ડિપ્રેશનમાં આવી ગયો હતો. ભાગીદારો દ્વારા આપવામાં આવતા ત્રાસથી કંટાળીને અંતે તેણે ૧૦મા માળેથી કૂદીને આત્મહત્યા જેવું આત્યંતિક પગલું ભર્યું હતું. આ ઘટના બાદ મૃતક યુવાનના પરિવારજનોએ ન્યાયની માંગ કરી છે. તેમનું કહેવું છે કે જો ભાગીદારો દ્વારા ત્રાસ ન આપવામાં આવ્યો હોત અને તેનું અપહરણ કરીને સોનું પડાવી લેવામાં ન આવ્યું હોત, તો આજે મિત જીવિત હોત.

## રાજકોટમાં પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી ધર્મ પરિવર્તનનું દબાણ, સોશિયલ મીડિયા દ્વારા પ્રેમજાળ



રાજકોટ | રાજકોટમાં સોશિયલ મીડિયાના માધ્યમથી એક પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી, તેની સાથે દુષ્કર્મ આચરવા અને ત્યારબાદ ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવતું હોવાની એક ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજકોટ તાલુકા પોલીસે ભોગ બનનાર પરિણીતાની ફરિયાદના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ભોગ બનનાર પરિણીતાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર 'જીદ્દી બોય' નામની આઈડી ધરાવતા એક યુવક સાથે વાતચીત શરૂ કરી હતી. પરિણીતાને લાગ્યું હતું કે તે યુવક હિન્દુ છે, પરંતુ હકીકતમાં તે જૂનાગઢનો અફઝલ સિડા હોવાનું બહાર આવ્યું હતું. આરોપીએ પરિણીતાનો વિશ્વાસ જીતીને તેને મળવા બોલાવી હતી અને ત્યારબાદ તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાના આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યા છે. માત્ર દુષ્કર્મ જ નહીં, પરંતુ આરોપીઓ દ્વારા પરિણીતા પર ધર્મ પરિવર્તન કરવા માટે પણ સતત દબાણ કરવામાં આવતું હતું. પરિણીતાએ આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવતા તપાસ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. આ કાવતરામાં એક મહિલાની પણ સંડોવણી સામે આવી છે, જેની ઓળખ મોરબીની અનિશા તરીકે થઈ છે.

## પાદરામાં અંધશ્રદ્ધાનો પર્દાફાશ

# પાદરામાં પત્નીને અંધશ્રદ્ધાના ખપ્પરમાં હોમતો પતિ



(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા જિલ્લાના પાદરા વિસ્તારમાંથી એક એવી ઘટના સામે આવી છે જેણે સમાજમાં વ્યાપેલી અંધશ્રદ્ધા અને મહિલાઓ પર થતા અત્યાચારનું કદરૂપું ચિત્ર રજૂ કર્યું છે. એક સનકી પતિ પોતાની પત્ની સાથે નાની-નાની બાબતોમાં ઝઘડો કરીને તેને ભૂવા પાસે લઈ જઈને અંધશ્રદ્ધાભરી વિધિ કરાવવા માટે મજબૂર કરતો હતો. આટલું જ નહીં, સુવાવડ માટે આવેલી પોતાની જ દીકરી પર પણ તેણે મારપીટ કરતા મામલો વણસ્યો હતો. અંતે, પીડિત પરિણીતાએ ૧૮૧ અભયમ હેલ્પલાઇનનો સંપર્ક કરતા ટીમે ઘટનાસ્થળે પહોંચીને આ શખ્સને કડક પાઠ ભણાવ્યો હતો.

પીડિત મહિલા સિનિયર સિટીઝન છે. તેણે અભયમ હેલ્પલાઈન પર ફરિયાદ કરતા જણાવ્યું હતું કે તેના પતિ છેલ્લા ઘણા સમયથી તેમને માનસિક અને શારીરિક ત્રાસ આપી રહ્યા હતા. પતિને અંધશ્રદ્ધામાં એટલો અંધવિશ્વાસ હતો કે ઘરમાં નાનો અમથો ઝઘડો થાય તો પણ તે પત્નીને ભૂવા પાસે લઈ જઈને વિધિ કરાવવા દબાણ કરતો હતો. આ પ્રકારના કૃત્યોથી પીડિતા લાંબા સમયથી પીડાઈ રહી હતી.

### દીકરી પર પણ હુમલો

ત્રાસની હદ ત્યારે વટાવી ગઈ જ્યારે પીડિતાની દીકરી, જે સુવાવડ માટે પિયર આવી હતી, તેના પર પણ આ વ્યક્તિએ હાથ ઉઠાવ્યો. સુવાવડ જેવી સંવેદનશીલ સ્થિતિમાં દીકરી સાથે કરેલી મારપીટના કારણે પરિણીતાએ હવે મૌન તોડવાનો નિર્ણય કર્યો હતો. અભયમની ટીમને જ્યારે આ વિગતો મળી ત્યારે તેઓ તાત્કાલિક પાદરા સ્થિત ઘરે પહોંચ્યા હતા.

### અભયમની ટીમની કામગીરી

ઘટનાસ્થળે પહોંચેલી અભયમની કાઉન્સેલરે પીડિતા અને તેની દીકરીની પૂછપરછ કરી અને તેમનું કાઉન્સેલિંગ કર્યું હતું. બીજી તરફ, પતિને બોલાવીને તેને કાયદાનું ભાન કરાવવામાં આવ્યું હતું. ટીમે તેને સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યું હતું કે પત્ની અને સંતાનો સાથે આ પ્રકારનું વર્તન કરવું અને અંધશ્રદ્ધા ફેલાવવી એ ગંભીર અપરાધ છે. શરૂઆતમાં પતિ પોતાની જીદ પર અડગ હતો, પરંતુ અભયમની ટીમે જ્યારે કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી ઉચ્ચારી, ત્યારે તે નરમ પડ્યો હતો. તેણે પોતાની ભૂલ સ્વીકારી હતી અને હવે ભવિષ્યમાં પત્ની કે પરિવારના કોઈપણ સભ્ય સાથે આવું વર્તન નહીં કરે તેવી બાંહેધરી આપી હતી. અભયમની ટીમે આ પરિવારનું કાઉન્સેલિંગ કરીને તેમને ફરીથી સુમેળભર્યા સંબંધો બાંધવા માટે સમજાવ્યા હતા.

## વડોદરામાં જર્જરીત ટાંકીનું પતન, સુરક્ષાના હેતુથી તંત્ર દ્વારા તોડી પડાઈ

# વડોદરામાં જર્જરીત પાણીની ટાંકી જમીનદોસ્ત કરાઈ

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ડબકા ગામમાં વર્ષોથી ઉભેલી એક જર્જરીત પાણીની ટાંકી આજે તંત્ર દ્વારા સલામત રીતે જમીનદોસ્ત કરવામાં આવી હતી. આ ટાંકી જર્જરીત હાલતમાં હોવાથી ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેમ હતી, જેથી કોઈ મોટી જાનહાનિ કે દુર્ઘટના ન સર્જાય તે માટે ગ્રામ પંચાયત દ્વારા તેને તોડી પાડવાનો નિર્ણય લેવાયો હતો.

છેલ્લા ઘણા સમયથી આ પાણીની ટાંકીની સ્થિતિ અત્યંત ખરાબ હતી. ટાંકીની દિવાલોમાં મોટી તિરાડો પડી ગઈ હતી અને તેના પરના કોંક્રિટના પોપડા પણ સતત ખરી રહ્યા હતા. ગામના રહીશો માટે આ ટાંકી ગંભીર જોખમ બની ગઈ હતી. સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા આ જોખમને ધ્યાનમાં રાખીને સુરક્ષાના હેતુસર તેને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા નિષ્ણાતોની દેખરેખ હેઠળ અત્યંત



સાવચેતીપૂર્વક આ ટાંકીને તોડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જેમ જ કામગીરી શરૂ થઈ, માત્ર ૪ સેકન્ડમાં જ આખેઆખી પાણીની ટાંકી ધડાકાભેર જમીન પર આવી પડી હતી. ટાંકી પછડાતાની સાથે જ આસપાસના વિસ્તારમાં ધૂળની ડમરીઓ ઉડી હતી. સદભાગ્યે, કોઈ પણ પ્રકારની



જાનહાનિ કે નુકસાન થયા વિના આ કાર્યવાહી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

ઘટના સ્થળે ગ્રામ પંચાયતના જવાબદાર અધિકારીઓ અને સ્થાનિક સ્ટાફ હાજર રહ્યો હતો. આસપાસના વિસ્તારને પહેલા જ ખાલી કરાવી દેવામાં આવ્યો હતો જેથી લોકોની સુરક્ષા સુનિશ્ચિત



કરી શકાય. ગ્રામજનોએ પણ તંત્રના આ સમયસરના નિર્ણયને આવકાર્યો છે. આ ટાંકી ધરાશાયી થવાની ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થયો છે, જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે આ વર્ષો જૂનું માળખું સેકન્ડોમાં પત્તાના મહેલની જેમ જમીનદોસ્ત થઈ ગયું.

## બાળકીનું અપહરણ કરી મોતને ઘાટ ઉતારી

# વડોદરામાં માતા સાથેના અફેરના વહેમમાં 5 વર્ષની બાળકીની હત્યા

(એજન્સી) વડોદરા । તા. 18

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સતીસણા ગામે એક અત્યંત હૃદયદ્રાવક અને માનવતાને શરમમાં મૂકે તેવી ઘટના સામે આવી છે. પાંચ વર્ષની એક નિર્દોષ બાળકીનું અપહરણ કરી તેની નિર્મમ હત્યા કરવામાં આવી છે. આ ઘાતકી ઘટનામાં બાળકીની લાશ નર્મદા કેનાલમાંથી મળી આવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે ગણતરીના સમયમાં જ આરોપી પાડોશીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે હત્યારો બાળકીનો પાડોશી હતો. તેને બાળકીની માતા સાથે પ્રેમસંબંધ હોવાની શંકા હતી, જેના વહેમમાં તેણે આ પાશવી કૃત્ય આચર્યું હતું. આરોપીએ બાળકીનું અપહરણ કર્યું હતું અને જ્યારે રસ્તામાં બાળકી જાગી ગઈ અને રડવા લાગી, ત્યારે તેણે દોરીથી ગળું દબાવીને તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી.

બાળકીની હત્યા કર્યા બાદ આરોપીએ



પુરાવાનો નાશ કરવા માટે તેના મૃતદેહને એક કોથળામાં ભરી દીધો હતો અને ત્યારબાદ તેને નર્મદા કેનાલમાં ફેંકી દીધો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ભારે જહેમત બાદ કેનાલમાંથી બાળકીનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે હત્યારા પાડોશીને શોધી કાઢ્યો હતો.

આ ઘટનાને પગલે સતીસણા ગામ અને આસપાસના વિસ્તારોમાં ભારે શોક અને આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે.

## કલેક્ટરને આવેદન આપી માંગણી દોહરાવી

# TET પરીક્ષાના વિરોધમાં રાજકોટના શિક્ષકો રસ્તા પર

(એજન્સી) રાજકોટ । તા. 18

સુપ્રીમ કોર્ટ દ્વારા વર્ષ ૨૦૧૦ પહેલાના શિક્ષકો માટે પણ ટીચર્સ એલિજિબિલિટી ટેસ્ટ (TET) ફરજિયાત બનાવવામાં આવતા સમગ્ર દેશના શિક્ષક આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ નિર્ણયના વિરોધમાં આજે રાજકોટના રેસકોર્સ વિસ્તારમાં ૧૦૦થી વધુ શિક્ષકો એકત્રિત થયા હતા અને પોતાની માંગણીઓના સમર્થનમાં ધરણા કરી રેલી યોજી હતી. ત્યારબાદ શિક્ષકોના પ્રતિનિધિમંડળે કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી આ નિર્ણય પર પુનર્વિચારણા કરવાની માંગ કરી હતી.

સુપ્રીમ કોર્ટના આ આદેશની સીધી અસર ગુજરાતના અંદાજિત ૭૫,૦૦૦ સહિત દેશભરના ૨૫ લાખ જેટલા શિક્ષકો પર પડી રહી છે. વર્ષોથી સેવા આપી રહેલા અનુભવી શિક્ષકોનું કહેવું છે કે, જેઓ લાંબા સમયથી શિક્ષણ કાર્ય સાથે સંકળાયેલા છે અને વિદ્યાર્થીઓને ભણાવી રહ્યા છે, તેમને હવે TET જેવી પાત્રતા પરીક્ષા આપવા માટે ફરજ પાડવી તે અત્યંત અન્યાયી છે. શિક્ષકોના મતે, આ નિર્ણય તેમના અનુભવ અને વર્ષોની મહેનતનું અપમાન સમાન છે. રાજકોટમાં આજે શિક્ષકોએ રેસકોર્સથી કલેક્ટર કચેરી સુધી રેલી કાઢી હતી. હાથમાં બેનરો અને સૂત્રોચ્ચાર સાથે શિક્ષકોએ 'TET પરીક્ષા રદ કરો' તેવી માંગણી બુલંદ કરી હતી. શિક્ષકોનું માનવું છે કે, જે શિક્ષકો પહેલેથી જ શિક્ષણ વ્યવસ્થામાં સ્થાયી થઈ ગયા છે, તેમના પર આ નવો નિયમ લાદવો વ્યવહારુ નથી. આવેદનપત્ર આપતી વખતે શિક્ષક સંગઠનના અગ્રણીઓએ સ્પષ્ટતા કરી હતી કે જો તેમની માંગણીઓનો સ્વીકાર કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. ગુજરાત સહિત દેશભરના શિક્ષકો એકત્રિત થઈને પોતાની વાત સરકાર સુધી પહોંચાડવા માટે કટિબદ્ધ છે. શિક્ષકોની આ લડત હવે રાજ્યવ્યાપી સ્વરૂપ ધારણ કરી રહી છે. હવે જોવાનું એ રહે છે કે સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા આ અંગે શું નિર્ણય લેવામાં આવે છે અને શિક્ષકોની આ મૂંઝવણનો શું ઉકેલ લાવવામાં આવે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે તમને ઘેરી વળનાર લાગણીશીલ મૂડમાંથી તમારે બહાર આવવાની ઈચ્છા ધરાવતા હો તો તમારે ભૂતકાળને ભૂલવો પડશે. વધુ પડતો ખર્ચ કરવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે .

**કર્ક : ડ. હ.**

ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે.

**સિંહ : મ. ટ.**

સ્વાસ્થ્યને દરકારની જરૂર પડશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. તમારા પર કુટેવોની અસર છોડી શકતા લોકોથી દૂર રહો. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો.

**કન્યા : પ. ઠ. ણ.**

ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. દૂરના કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર આખા પરિવાર માટે ખુશીની ક્ષણો લાવશે.

**તુલા : ર. ત.**

તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તાણની અવગણના કરતા નહીં. તે ઝડપથી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. આજે તમે પ્રેમના મૂડમા હશો.

**મકર : ખ. જ.**

તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારો જીદ્દી અભિગમ તમારા ખુશખુશાલ જીવન માટે ત્યજી દો, કેમ કે આ બાબત સમયનો નર્યો વેડફાટ છે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે.

**અમદાવાદ બાદ ભાવનગર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓનું રેગિંગ**

# ઓર્થોપેડિક વિભાગના 13 જુનિયર ડોક્ટરનું 6 સિનિયરે રેગિંગ કર્યું, પૈસાની માગણી કરી મુર્ગા બનાવતા

(એજન્સી) ભાવનગર | તા.18

રાજ્યની મેડિકલ કોલેજોમાં રેગિંગનું દૂષણ માઝા મૂકી રહ્યું છે. અમદાવાદ બાદ હવે ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં ઓર્થોપેડિક વિભાગના પ્રથમ વર્ષના તેર વિદ્યાર્થીઓએ પોતાના છ સિનિયર તબીબી વિદ્યાર્થીઓ સામે રેગિંગની ગંભીર લેખિત ફરિયાદ નોંધાવતા શિક્ષણ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ ચકચારી ઘટનામાં સિનિયરો દ્વારા જુનિયર તબીબોને અમાનવીય ત્રાસ આપવામાં આવતો હોવાનું બહાર આવતા વાલીઓ અને તંત્ર ચોંકી ઉઠ્યું છે.સર ટી. હોસ્પિટલના ટ્રોમા સેન્ટર બિલ્ડિંગમાં બનેલી આ ઘટનામાં ભોગ બનનારા વિદ્યાર્થીઓએ જે વિગતો વર્ણવી છે તે અત્યંત ચોંકાવનારી છે. સિનિયરો દ્વારા જુનિયર તબીબો પાસે દર મહિને અઢી લાખ રૂપિયા પડાવવામાં આવતા હતા. આ ઉપરાંત દારૂની બોટલો મંગાવવી, મુરઘા બનાવવા, આખી રાત એક પગે ઊભા રાખવા જેવી તાલિબાની સજાઓ આપવામાં આવતી હતી. વિદ્યાર્થીઓને ટ્રોમા સેન્ટરની બહાર નીકળવા પર મનાઈ ફરમાવવામાં આવી હતી અને છેલ્લા પંદર દિવસથી તો તેમને ન્હાવા પણ દેવામાં આવ્યા નહોતા. જમવા અને સૂવાનો સમય પણ આપવામાં ન આવતો હોવાથી વિદ્યાર્થીઓ શારીરિક અને માનસિક રીતે ભાંગી પડ્યા હતા. આખરે હિંમત કેળવીને તેમણે આ અંગે લેખિત ફરિયાદ કરી છે.મેડિકલ કોલેજના ડીન ડૉ. ચિન્મય શાહે જણાવ્યું હતું કે, બે દિવસ પહેલાં ઓનલાઈન ફરિયાદ મળતા જ નેશનલ મેડિકલ કમિશનના નિયમો મુજબ એન્ટી-રેગિંગ સ્ક્વોડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. જે છ સિનિયર વિદ્યાર્થીઓના નામ ફરિયાદમાં છે, તેમને બોલાવીને તેમના નિવેદનો લેવામાં આવ્યા છે. વિભાગના વડા અને અન્ય શિક્ષકો સાથે પણ આ અંગે પરામર્શ કરવામાં આવ્યો છે. હવે એક તટસ્થ કમિટી દ્વારા સમગ્ર દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. જો રેગિંગના પુરાવા મળશે તો સુપ્રીમ કોર્ટ અને યુજીસીના નિયમો મુજબ આકરી સજા કરવામાં આવશે. આ રિપોર્ટ ગાંધીનગર અને દિલ્હી સુધી મોકલવામાં આવશે.મેડિકલ કોલેજોમાં આ પ્રકારની ઘટનાઓ વારંવાર બનવી તે ચિંતાનો વિષય છે. ભૂતકાળમાં પણ ભાવનગર મેડિકલ કોલેજમાં અનેક વખત શરમજનક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ગત માર્ચ મહિનામાં છ સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા ત્રણ જુનિયર વિદ્યાર્થીઓનું અપહરણ કરી માર મારવાની ઘટના બની હતી. આ ઉપરાંત ૨૦૨૩માં એક રેસિડેન્ટ ડૉક્ટર દ્વારા જુનિયર વિદ્યાર્થીનું જાતીય શોષણ કરવાનો મામલો પણ ખૂબ ગાજ્યો હતો, જેમાં આરોપીને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો.અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં પણ રેગિંગની ફરિયાદ બાદ ત્રણ વિદ્યાર્થીઓને એક વર્ષ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ભાવનગરની આ લેટેસ્ટ ઘટના પછી વિદ્યાર્થીઓના સુરક્ષા અને શિસ્તના મામલે આકરી કાર્યવાહીની માંગ ઉઠી છે. દોષિતો સામે દાખલારૂપ પગલાં લેવામાં આવે તો જ ભવિષ્યમાં આવા કિસ્સાઓ પર લગામ આવી શકે તેમ છે. હાલ તો એન્ટી રેગિંગ કમિટીના નિર્ણય પર સૌની નજર ટકેલી છે.

**જાનથી મારી નાખવાની ધમકી આપી**

## વીજ કંપનીના ડેપ્યુટી એન્જિનિયર પર પાઈપથી હુમલો

(એજન્સી) ભાવનગર | તા.18

ભાવનગર શહેરના 150 ફૂટ રિંગ રોડ પર લાલાપાર્ક સોસાયટીમાં રહેતા અને વીજ કંપનીના હિલડ્રાઈવ સબ ડિવિઝનમાં ડેપ્યુટી એન્જિનિયર તરીકે ફરજ બજાવતા 42 વર્ષીય મહેશભાઈ ચુડાસમા પર તેમના જ પાડોશીએ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે.

સામાન્ય બોલાચાલીમાં પાઈપથી આરોપીએ હુમલો કર્યો, બનાવની વિગત એવી છે કે, મહેશભાઈના પુત્ર અને સોસાયટીમાં જ રહેતા રાકેશ સોંડાગરના પુત્ર વચ્ચે સાયકલ ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. આ બાબતનો ઝઘડો આગળ વધતા રાકેશની પત્નીએ મહેશભાઈની પત્નીને ઠપકો આપ્યો હતો.આ સામાન્ય વિવાદની દાઝ રાખીને ગત રાત્રે રાકેશ સોંડાગર લોખંડની પાઈપ લઈને ધસી આવ્યો હતો અને મહેશભાઈ પર આડેધડ ઘા ઝીંકી દીધા હતા. હુમલો કરીને આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ હુમલા અંગે ઈજાગ્રસ્ત ડેપ્યુટી એન્જિનિયરે ભરતનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે આરોપી રાકેશ સામે BNS એક્ટની કલમ 118(1), 115, 352, 351(3) તેમજ જીપી એક્ટ 135 મુજબ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બેડ ગામે LCBએ રૂ. 1.24 લાખનો દારૂ ઝડપ્યો:રહેણાંક મકાનમાંથી 238 બોટલ વિદેશી દારૂ જપ્ત, આરોપી ફરાર

જામનગર : જામનગર જિલ્લાના બેડ ગામમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા દરોડો પાડી એક મકાનમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની 238 બોટલ જપ્ત કરવામાં આવી છે. જપ્ત કરાયેલા દારૂની કિંમત રૂ. 1,24,570 આંકવામાં આવી છે. જોકે, દરોડા દરમિયાન મુખ્ય આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં દારૂ અને જુગારની બદી સામે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.



આ અભિયાનના ભાગરૂપે LCBના PI વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.દરમિયાન, LCBના કર્મચારીઓ મયુરસિંહ પરમાર, રૂષીરાજસિંહ વાળા અને યુવરાજસિંહ ઝાલાને મળેલી ખાનગી બાતમીના આધારે બેડ ગામે મોમાઈ માતાના મંદિર નજીક આવેલા એક મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ કરતા હરપાલસિંહ સુરુભા સોઢાના કબજાવાળા આ મકાનમાંથી વિદેશી દારૂની કુલ 238 બોટલ મળી આવી હતી.પોલીસે કુલ રૂ. 1,24,570નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગે પોલીસ હેડ કોન્સ્ટેબલ હિતેન્દ્રસિંહ જાડેજાની ફરિયાદના આધારે પોલીસ હેડ કોન્સ્ટેબલ દિલીપભાઈ તલાવડિયાએ પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વરસાદી ઝાપટાં પડતાં જ પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા:એક ઇંચ વરસાદમાં જ સરકારી કચેરીઓ, પોશ વિસ્તારો પાણી-પાણી

જામનગર: જામનગરમાં ચોમાસાની શરૂઆત થતાં જ મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીની પોલ ખુલી પડી છે. શહેરમાં માત્ર એક ઇંચ જેટલો નજીવો વરસાદ પડ્યો હોવા છતાં, ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં તંત્રના કાગળ પરના દાવાઓ ધોવાઈ ગયા છે. સ્થાનિકોમાં હવે સવાલ ઉઠી રહ્યો છે કે જો અત્યારથી જ આ હાલત છે, તો ખરું ચોમાસું બેસશે ત્યારે શું થશે? નજીવા વરસાદના કારણે નાગનાથ ગેટ પાસે આવેલી મહેશ્વરી વાંસાની કેનાલ ઓવરફ્લો થઈ ગઈ હતી. કેનાલ અને ગટરના ગંદા પાણી મુખ્ય રોડ પર ફરી વળતાં રાહદારીઓ અને વાહનચાલકો માટે ત્યાંથી પસાર થવું અત્યંત મુશ્કેલ બન્યું હતું. ગંદકી અને દુર્ગંધના કારણે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.આશ્ચર્યજનક રીતે, માત્ર સામાન્ય વિસ્તારો જ નહીં, પરંતુ શહેરના પોશ વિસ્તારો અને મુખ્ય સરકારી કચેરીઓ પણ પાણી ભરાવવાની સમસ્યામાંથી બાકાત રહી નથી. જિલ્લા પંચાયત કચેરીનું કમ્પાઉન્ડ, ગવર્મેન્ટ કોલોની અને સર્કિટ હાઉસ સહિતના મહત્વના સરકારી પરિસરોમાં ચોતરફ પાણી ભરાઈ ગયા હતા. જામનગર શહેરમાં પ્રવેશતા જ સરકારી કચેરીઓના વરવા દ્રશ્યો સામે આવ્યા હતા.હજી તો ચોમાસાની અસલી ઈનિંગ બાકી છે, ત્યારે આગામી દિવસોમાં જો ભારે વરસાદ પડશે તો શહેરની સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. તંત્ર વહેલી તકે જાગીને યોગ્ય પગલાં ભરે તેવી લોક માંગ ઉઠી રહી છે.

**અધિકારીઓએ રથયાત્રા રૂટનું નિરીક્ષણ કર્યું**

## મોહરમ-રથયાત્રા પૂર્વે પોલીસનું સતત બીજા દિવસે ફૂટ પેટ્રોલિંગ



ભાવનગર : આગામી મહોરમ અને ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈ ભાવનગર પોલીસ સતત બીજા દિવસે પણ એક્શન મોડમાં જોવા મળી હતી. જિલ્લા પોલીસવડા ડો. નિતેષ પાંડેય, સિટી ડીવાયએસપી સહિત શહેરના પાંચેય ડિવિઝનના પીઆઈઓએ રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં એરીયા ડોમીનેશન અને ફૂટ પેટ્રોલિંગ કરી તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચુસ્ત બંદોબસ્તની કામગીરી હાથ ધરવામાં આવી હતી.તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરવા પોલીસ તંત્ર સતર્ક ભાવનગરમાં આગામી મહોરમ અને ભગવાન જગન્નાથજીની રથયાત્રાના તહેવારોને લઈને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. આ સંદર્ભે આજરોજ જિલ્લા પોલીસવડા ડો. નિતેષ પાંડેય, નાયબ પોલીસ અધિક્ષક આર.આર. સિંધાલ સહિતના પોલીસ અધિકારીઓ રથયાત્રાના નિર્ધારિત રૂટ પર પહોંચ્યા હતા અને સમગ્ર માર્ગનું નિરીક્ષણ કરી સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. જિલ્લા પોલીસ વડા સહિતના અધિકારીઓનું ફૂટ પેટ્રોલિંગ

શહેરના સંવેદનશીલ અને ભીડભાડવાળા વિસ્તારોમાં એરીયા ડોમીનેશન અને ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આ પેટ્રોલિંગમાં નિલમબાગ, ઘોઘારોડ, બોરતળાવ, ગંગાજળિયા અને ભરતનગર પોલીસ મથકોના પીઆઈ, પીએસઆઈ, સર્વેલન્સ સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ જોડાયા હતા.

સાથે જ તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને લોકો નિર્ભય વાતાવરણમાં તહેવારોની ઉજવણી કરી શકે તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી તેમજ ચુસ્ત બંદોબસ્તની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

**ખેડૂત આંદોલન હવે નવા વળાંક પર**

# ખેડૂતોના પ્રશ્ને કીર્તિ પટેલનું આંદોલનમાં આગમન:કૃષિમંત્રીને ૧૫ દિવસનું અલ્ટીમેટમ

ભાવનગર : રાજ્યમાં ખેડૂતોના ખેતરમાંથી પસાર થતી વીજલાઈન અને અન્ય પ્રશ્નોને લઈને ખેડૂતોનું આંદોલન વધુ તેજ બન્યું છે. ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે ચાલતી આક્ષેપબાજી વચ્ચે હવે આ લડાઈમાં સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલે એન્ટ્રી કરી છે. કીર્તિ પટેલે ભાવનગરમાં કૃષિમંત્રી જીતુ વાઘાણીના કાર્યાલય પર પહોંચીને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે ૧૫ દિવસનું અલ્ટીમેટમ આપતા રાજકીય ગરમાવો વધી ગયો છે.

પત્રકારો સાથે વાતચીત કરતા કીર્તિ પટેલે આકરા શબ્દોમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી વિવિધ રાજકીય પક્ષો ખેડૂતોના મુદ્દા પર માત્ર પોતાની રાજકીય રોટલીઓ શેકી રહ્યા હતા, જેના કારણે ખેડૂતોને અન્યાય સહન કરવો પડતો હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાતના યુવાનો હવે જાગૃત થઈ ગયા છે અને જ્યાં સુધી ખેડૂતોને તેમનો હક અને યોગ્ય વળતર નહીં મળે ત્યાં સુધી આ આંદોલન અટકશે નહીં. પોતે એક ખેડૂતની દીકરી હોવાનું ગૌરવ લેતા તેમણે કહ્યું કે, સોશિયલ મીડિયા પર ખેડૂતો તરફથી મળેલા સંદેશાઓને પગલે જ તેમણે આ જવાબદારી ઉપાડી છે.

કૃષિમંત્રી જીતુ વાઘાણી વિશે વાત કરતા કીર્તિ પટેલે જણાવ્યું હતું કે, તેઓ પોતે એક ખેડૂત પુત્ર છે અને તેમને ખેડૂતોના પરસેવાની કિંમત સમજાય છે, તેથી તેમના પર અમને પૂરો વિશ્વાસ છે. જોકે, સાથે જ તેમણે ચેતવણી આપતા ઉમેર્યું હતું કે, જો ૧૫ દિવસની અંદર ખેડૂતોની માંગણીઓ અને યોગ્ય વળતર અંગે કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે, તો તેઓ ગુજરાતના તમામ યુવાનો અને સોશિયલ મીડિયાના સ્ટાર્સને સાથે લઈને ફરીથી ઉગ્ર રજૂઆત કરશે.કીર્તિ પટેલે ભાવનાત્મક અપીલ કરતા કહ્યું હતું કે, અમને કોઈ જશ કે લોકપ્રિયતાની જરૂર નથી, અમારે માત્ર ખેડૂતોનું ભલું જોઈએ છે. જો જરૂર પડશે તો ખેડૂતોને ન્યાય અપાવવા માટે અમે મંત્રીના પગ પકડવા પણ તૈયાર છીએ. તેમણે આશ્ચર્યજનક નિવેદન આપતા જણાવ્યું કે, “જો જીતુભાઈ ખેડૂતોને ન્યાય અપાવશે, તો હું તેમના પગ ધોઈને પાણી પીવા પણ તૈયાર છું.”

## જામનગરમાં જર્જરિત કસ્ટમ હાઉસની તોડફોડ દરમિયાન દુર્ઘટના:3 મજૂરો નીચે પટકાતા ઈજાગ્રસ્ત, હોસ્પિટલમાં સારવાર હેઠળ

(એજન્સી) જામનગર | તા.18

જામનગર શહેરમાં મહાનગરપાલિકા દ્વારા જર્જરિત અને ભયજનક ઈમારતો તોડી પાડવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ કામગીરી અંતર્ગત શહેરના પ્રખ્યાત ત્રણ દરવાજા વિસ્તાર પાસે આવેલા જૂના કસ્ટમ હાઉસની ઈમારતને તોડવાની કામગીરી ચાલી રહી હતી, તે દરમિયાન એક અકસ્માત સર્જાયો હતો. જેમાં કામ કરી રહેલા ત્રણ મજૂરો અચાનક નીચે પટકાયા હતા. ઈમારતનો ભાગ તૂટતાં નીચે પડેલા ત્રણેય મજૂરોને સ્થાનિકો અને તંત્રની મદદથી તાત્કાલિક સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ હોસ્પિટલમાં ત્રણેય ઈજાગ્રસ્તોની સઘન સારવાર ચાલી રહી છે.

**ભાઈ-ભત્રીજાએ 1.04 કરોડ પડાવ્યા, 9.43 લાખ પરત બાકીના રૂપિયા પરત ન કરતા ફરિયાદ**

## ભાવનગરના વૃદ્ધા સાથે 95 લાખની છેતરપિંડી

ભાવનગર: ભાવનગર શહેરના નવાપરા વિસ્તારમાં રહેતા એક વૃદ્ધાને અમદાવાદમાં રહેતા તેમના કાકાના દીકરા અને ભત્રીજાએ મોલનો સામાન સસ્તા ભાવે ખરીદીને મોટો નફો કમાવવાની લાલચ આપી રૂ. 1.04 કરોડથી વધુની રકમ મેળવી લીધી હતી. આ રકમમાંથી માત્ર રૂ. 9.43 લાખ પરત આપી, બાકી નીકળતા રૂ. 95.53 લાખ અવારનવાર માંગવા છતાં પરત ન કરી વૃદ્ધા અને તેમના પુત્રને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ મામલે પીડિત વૃદ્ધાએ પોતાના જ ભાઈ-ભત્રીજા સામે ગંગાજળિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ભાવનગરના નવાપરા વિસ્તારમાં આવેલા પ્રાઈમ ફ્લેટમાં ભાડેથી રહેતા ગુલશનબેન હસનભાઈ શ્રીમાળીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, આરોપી યુનુસ સુલેમાનભાઈ શ્રીમાળી (કાકાનો દીકરો) અને પરવેઝ યુનુસભાઈ શ્રીમાળી (ભત્રીજો) (રહે. બંને રોનક પાર્ક, વેજલપુર, જુહાપુરા, અમદાવાદ) અમદાવાદમાં અનાજ-કરિયાણા અને અન્ય ચીજવસ્તુઓનો મોલ ચલાવતો હતો.તેણે ગુલશનબેનને જણાવ્યું કે અમદાવાદમાં કેટલાક મોલ બંધ થવાના હોવાથી ત્યાંનો માલ સામાન ખૂબ સસ્તા ભાવે મળી રહ્યો છે. જો આ માલ ખરીદીને ઊંચા ભાવે વેચવામાં આવે તો મોટો નફો થઈ શકે તેમ છે. માલ ખરીદવા માટે પૈસાની જરૂરિયાત હોવાનું કહી બંને આરોપીઓએ વૃદ્ધાનો વિશ્વાસ જીતી અલગ-અલગ સમયે કુલ રૂ. 1,04,93,000 મેળવી લીધા હતા. આરોપીઓએ લીધેલી રકમમાંથી માત્ર રૂ. 9,43,000 પરત આપ્યા હતા, જ્યારે બાકીના રૂ. 95.53 લાખ ચૂકવ્યા ન હતા. વૃદ્ધાએ જ્યારે આ બાકી રકમ માટે રૂબરૂમાં અને ફોન પર અવારનવાર ઉઘરાણી કરી, ત્યારે પિતા-પુત્રએ નાણાં આપવાનો ઈનકાર કરી દીધો હતો. એટલું જ નહીં, આરોપીઓએ ગુલશનબેનને અપશબ્દો કહી જાનથી મારી નાખવાની તેમજ તેમના દીકરા ફયાજભાઈના ટાંટિયા ભાંગી નાખવાની ગંભીર ધમકીઓ આપી હતી.

**બોમ્બથી ઉડાવી દેવાની ધમકી**

## SOG, LCB, બોમ્બ અને ડોગ સ્કોડે સઘન તપાસ કરી, કર્મચારીઓને ઘરે મોકલ્યા ને અંતે કંઈ ન નીકળ્યું

ભાવનગર: ભાવનગર મહાનગરપાલિકાને બપોરે 3:11 કલાકે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મેયરના મેઈલ આઈ.ડી. પર આવતાની સાથે મહાનગરપાલિકામાં હડકંપ મચી ગયો હતો. આ ઘટનાની જાણ થતા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એલસીબી સહિત બોમ્બે સ્ક્વોડ, ડોગ સ્કોવડ આવી પહોંચી અને બોમ્બને શોધવાની કાર્યવાહી હાથ ધરી હતી.આ અંગે મનપાના નાયબ મ્યુનિસિપલ કમિશનર જીનેશ મહેતાએ જણાવ્યું હતું કે, એક મેઈલ મનપા કચેરી ખાતે રિસીવ થયેલો હતો જેમાં આ રીતનો ધમકીભર્યો સંદેશો હતો. તે મેઈલ પોલીસ વિભાગને તાત્કાલિક ફોરવર્ડ કર્યો અને પોલીસ વિભાગ દ્વારા તેમની નિયત ડ્રાઈવ, બોમ સ્કોવડ, ડોગ સ્કોડ, એસઓજી વગેરે તમામ ટીમને મનપા કચેરી મોકલી સંપૂર્ણપણે તપાસ કરાવેલી છે.અને હાલ કચેરીને નોર્મલ ડિક્લેર કરેલી છે માટે તમામે ફરીથી કામકાજ શરૂ કર્યું છે.મહાનગરપાલિકા ફરતે પોલીસ અને ફાયર બ્રિગેડ સ્ટાફને તૈનાત કરી દેવામાં આવ્યો

ભાવનગર સહિત ગુજરાતની અનેક મહાનગરપાલિકામાં મેયરના ઇ-મેઈલ આઈ.ડી. પર ખાલીસ્તાની દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ મેઈલ આવતાની સાથે જ મહાનગરપાલિકામાં દોડધામ મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ પોલીસ વિભાગને કરવામાં આવતાની સાથે જ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિત બોમ્બે સ્ક્વોડ, ડોગ સ્કોવડ સ્થળ પહોંચી હતી અને મહાનગરપાલિકાના તમામ કર્મચારીઓ અને પદાધિકારીઓને બહાર કાઢી પોલીસ દ્વારા મહાનગરપાલિકાને કોર્ડન કરી લીધી હતી. તદુપરાંત SOG, LCB અને બોમ્બ સ્ક્વોડની ટીમોએ બોમ્બ શોધવાની પ્રક્રિયા હાથ ધરી છે. મહાનગરપાલિકા ફરતે પોલીસ અને ફાયર બ્રિગેડ સ્ટાફને તૈનાત કરી દેવામાં આવ્યો છે.


**TET પરીક્ષા રદ કરવાની માંગ સાથે ઉગ્ર વિરોધ**

# ભાવનગરના શિક્ષકોનું આંદોલન વધુ તેજ, TET પરીક્ષા રદ કરવાની માંગ સાથે કલેક્ટરને આવેદન

(એજન્સી) ભાવનગર | તા.18

રાજ્યભરમાં પ્રાથમિક શિક્ષકોમાં ફરી એકવાર આક્રોશ જોવા મળી રહ્યો છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ અને નગર પ્રાથમિક શિક્ષણ સંઘના સંયુક્ત ઉપક્રમે ભાવનગરમાં આજે પાંચસોથી વધુ શિક્ષકોએ સરકાર સામે મોરચો માંડ્યો હતો. હાથમાં બેનરો અને સૂત્રોચ્ચાર સાથે નીકળેલી આ વિશાળ રેલી કલેક્ટર કચેરીએ પહોંચી હતી, જ્યાં શિક્ષકોએ પોતાની વ્યથા રજૂ કરતું આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ આંદોલનનું મુખ્ય કારણ સુપ્રીમ કોર્ટનો ટેટ (TET) પરીક્ષા ફરજિયાત બનાવવાનો નિર્ણય છે. મહાનગરપાલિકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ શૈલેષભાઈએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, “વર્ષ 2010 પહેલા જે શિક્ષકોની નિમણૂક થઈ હતી, તેમને તે સમયના તમામ નિયમો અને લાયકાતના ધોરણો મુજબ જ ભરતી કરવામાં આવી હતી. તે સમયે ટેટ પાસ કરવી



ફરજિયાત નહોતી. હવે દાયકાઓ સુધી સેવા આપ્યા બાદ ફરીથી ટેટ પરીક્ષા આપવી પડે તે તર્કહીન અને અન્યાયી છે.” શિક્ષકોની માંગ છે કે કેન્દ્ર સરકાર દ્વારા સંસદના આગામી ચોમાસુ સત્રમાં વિશેષ ખરડો પસાર કરવામાં આવે અને 2010 પહેલાના તમામ શિક્ષકોને આ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે.હજારો શિક્ષકો જેઓ વર્ષોથી નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવી રહ્યા છે, તેઓ હાલ ગંભીર માનસિક તણાવમાં છે. આ નિર્ણયને કારણે તેમના રોજગાર, પગાર અને ભવિષ્યના પેન્શનના લાભો પર જોખમ તોળાઈ રહ્યું છે. આ અનિશ્ચિતતાને કારણે માત્ર શિક્ષકો જ નહીં પરંતુ તેમના પરિવારોમાં પણ ભારે ચિંતાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. તેઓનું કહેવું છે કે સરકાર દ્વારા પાછલી અસરથી આ નિયમો લાગુ કરવા તે કુદરતી ન્યાયના સિદ્ધાંતની વિરુદ્ધ છે.

કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યા બાદ શિક્ષક સંઘે સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓનો સ્વીકાર કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. રાજ્ય સંઘના માર્ગદર્શન હેઠળ આગામી સમયમાં વિધાનસભા અને સંસદના સત્ર દરમિયાન રાજ્યભરમાં વિવિધ તબક્કે વિરોધ પ્રદર્શનો યોજાશે. હવે જોવાનું એ રહે છે કે સરકાર શિક્ષકોની આ વ્યાજબી માંગણીઓ પ્રત્યે કેવો પ્રતિભાવ આપે છે. આ વિવાદ આગામી સમયમાં રાજ્યના શિક્ષણ તંત્ર માટે મોટો પડકાર બની શકે તેમ છે.

**મિત્રની બાઈક અથડાવવા મુદ્દે માથાકૂટ**

## ત્રણ શખસનો યુવક પર છરીથી હુમલો કરીને ઢીકાપાટુનો માર માર્યો

ભાવનગર: ભાવનગરના મહુવા શહેરમાં ગ્રીન લોજ પાસે બાઈક અથડાવાની સામાન્ય બાબતમાં થયેલી માથાકૂટમાં ત્રણ શખ્સોએ 19 વર્ષીય યુવક પર છરી વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં યુવકના બે મિત્રોને પણ માર મારવામાં આવ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા બાદ આ મામલે મહુવા સીટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.છરીથી હુમલો કરીને ઢીકાપાટુનો માર માર્યો. મહુવા શહેરના વોરાવાડ વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા 19 વર્ષીય મહંમદ જવાબ મહમદ અબ્બાસ મીઠાણીના મિત્ર અકીલ અબ્બાસની બાઈક સાથે હુસેન અબુભાઈ પાયક નામની વ્યક્તિની બાઈક સામાન્ય અથડાઈ હતી. આ અકસ્માત બાદ મહંમદ જવાબ અને તેના મિત્રો બાઈકની ચાવી બાબતે ગ્રીન લોજ પાસે આવ્યા હતા. ત્યાં બાઈક અથડાવાની ભૂલ સ્વીકારવા છતાં હુસેન ઉર્ફે મેલડી અબુભાઈ પાયકે અપશબ્દો બોલી લાફા મારવાનું શરૂ કર્યું હતું.વાહન સરખું કરાવીને નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી ત્યારબાદ ત્યાં હાજર અન્ય શખ્સો પણ આ વિવાદમાં જોડાયા હતા. હુસેનના દીકરાએ આવીને મહંમદ જવાબનો કાઠલો પકડી, લાફો મારીને તેની સાથળના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. સાથોસાથ આરોપીઓએ ધમકી આપી હતી કે, જો વાહન સરખું કરાવીને નહીં આપે તો તેને જાનથી મારી નાખવામાં આવશે.

## 30000 કરોડનો આઈપીઓ જાહેર : વર્ષ ૨૦૨૬માં સૌથી મોટો આઈપીઓ

# એનએસઈનો સૌથી મોટો આઈપીઓ લાવવાની તૈયારી શરૂ થઈ

(એજન્સી) નવી દિલ્હી | તા.18



ભારતીય શેરબજારના ઇતિહાસમાં એક સીમાચિહ્નરૂપ ઘટના સામે આવી છે. દેશના સૌથી મોટા સ્ટોક એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ) એ બુધવારે પોતાનો ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી) રજૂ કર્યો છે. આ સાથે જ એક્સચેન્જ દ્વારા ૩૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અંદાજિત મૂલ્યનો આઈપીઓ લાવવાની પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે. આ જાહેર ભરણું ભારતના કોર્પોરેટ જગત માટે અત્યાર સુધીનો સૌથી મોટો આઈપીઓ સાબિત થશે.

પ્રસ્તાવિત આઈપીઓ ૧૪.૮૯ કરોડથી વધુ ઈક્વિટી શેરોનો હશે. આ પગલું ઓક્ટોબર ૨૦૨૪માં હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા દ્વારા રજૂ કરાયેલા ૨૭,૮૫૯ કરોડ રૂપિયાના આઈપીઓના રેકોર્ડને તોડીને નવો ઈતિહાસ રચશે. લાંબા સમયથી ચાલી રહેલા નિયમનકારી અવરોધોને પાર કરીને એનએસઇ હવે બીએસઈ પર પોતાની કંપનીના શેર સૂચિબદ્ધ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. આ પ્રક્રિયા વર્ષોની મહેનત અને વ્યૂહરચનાનું પરિણામ છે.સેબીમાં દાખલ કરવામાં આવેલા દસ્તાવેજો મુજબ, આ આઈપીઓ સંપૂર્ણપણે 'ઓફર ફોર સેલ' (ઓએફએસ) પ્રકારનો છે, જેમાં હાલના શેરધારકો તેમના શેર વેચશે. આ યાદીમાં સરકારી નાણાકીય સંસ્થાઓ અને સંસ્થાકીય રોકાણકારો મોખરે છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સૌથી વધુ, અંદાજે ૨.૪૭ કરોડ શેર વેચવાની યોજના ધરાવે છે. આ ઉપરાંત, એમ.એસ. સ્ટ્રેટેજિક (મોરેશિયસ) લિમિટેડ ૧.૬૦ કરોડ શેર અને કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ ૧.૧૮ કરોડ શેર બજારમાં લાવશે. આ સૂચિમાં બેંક ઓફ બરોડા, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરેશન, જનરલ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન અને ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ જેવી જાણીતી સંસ્થાઓ પણ સામેલ છે.એનએસઇના તાજેતરના નાણાકીય અહેવાલો મુજબ, એક્સચેન્જની આર્થિક સ્થિતિ મજબૂત જણાય છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે એક્સચેન્જની કુલ આવક ૧,૮૭,૧૩૩.૭૦ મિલિયન રૂપિયા રહી હતી, જે અગાઉના વર્ષના ૧,૯૧,૭૯૮.૩૧ મિલિયન રૂપિયાની સરખામણીએ થોડી ઓછી છે, પરંતુ વર્ષ ૨૦૨૪ના સ્તર કરતા ઘણી વધારે છે. ઓપરેટિંગ ખર્ચમાં થયેલા વધારા છતાં, કંપનીએ નાણાકીય સ્થિતિસ્થાપકતા જાળવી રાખી છે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬માં એક્સચેન્જનો ચોખ્ખો નફો ૧,૦૩,૦૨૦.૬૧ મિલિયન રૂપિયા નોંધાયો છે. જોકે આ આંકડો વર્ષ ૨૦૨૫ના નફા કરતા થોડો ઓછો છે, પરંતુ કંપનીની કામગીરી સતત નફાકારક રહી છે. વહીવટી ખર્ચમાં વધારો થવા છતાં, કુલ વ્યાપક આવક ૧,૦૩,૭૧૦.૯૩ મિલિયન રૂપિયા સુધી પહોંચી છે.

એનએસઇનો આ આઈપીઓ અંગે બજારના નિષ્ણાતો ખૂબ જ ઉત્સાહી છે. લાંબા સમયથી બજારમાં ચર્ચિત આ લિસ્ટિંગથી શેરબજારમાં રોકાણકારોનો વિશ્વાસ વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા છે. આઈપીઓની સત્તાવાર તારીખો અને ભાવના બેન્ડ અંગેની વિગતો આગામી સમયમાં જાહેર કરવામાં આવશે. દેશનું સૌથી મોટું એક્સચેન્જ જ્યારે પોતે શેરબજારમાં સૂચિબદ્ધ થશે, ત્યારે તે રોકાણકારો માટે એક નવો અને મહત્વનો વિકલ્પ બની રહેશે. અત્યારે સમગ્ર રોકાણકારોની નજર આ mega આઈપીઓના ભાવ અને સમયપત્રક પર ટકેલી છે.

## કિયા ઇન્ડિયા દ્વારા 1લી જુલાઈ, 2026થી અમલ સાથે 2 ટકા સુધી કિંમતમાં વધારો જાહેર

નવી દિલ્હી : દેશની અગ્રણીય માસ- પ્રીમિયમ વાહન ઉત્પાદકમાંથી એક કિયા ઈન્ડિયાએ 1લી જુલાઈ, 2026થી અમલ સાથે તેની મોડેલ રેંજમાં 2 ટકા સુધી કિંમતોમાં સુધારણાની ઘોષણા કરી છે. આ સુધારણા વધતુ ઈનપુટ ખર્ચ અને સંચાલન ખર્ચમાં એકંદર વધારાને લીધે જરૂરી બની છે.કિયા ઈન્ડિયા કક્ષામાં ઉત્તમ પ્રોડક્ટો અને માલિકી અનુભવ પ્રદાન કરવા કટિબદ્ધ છે અને આંતરિક વધતા ખર્ચાઓ નોંધપાત્ર ભાગ શોષીને કિંમત વધારો લઘુતમ કરવાનો પ્રયાસ કરવા માટે કટિબદ્ધ છે.કિંમતમાં વધારો વિવિધ મોડેલો અને પ્રકારોમાં ભિન્ન રહેશે, જેથી દરેક ઓફરનું એકંદર મૂલ્ય પરિમાણ જળવાઈ રહેવાની ખાતરી રહી શકે.

## મારવાડી યુનિવર્સિટીના સિતેંદર અઝરબૈજાનમાં યોજાનારી U-17 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

રાજકોટ : મારવાડી યુનિવર્સિટી માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. યુનિવર્સિટીના બેચલર ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ (BPES) અભ્યાસક્રમના વિદ્યાર્થી સિતેંદરની પસંદગી આગામી U-17 વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ-2026 માટે ભારતીય ટીમમાં કરવામાં આવી છે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધા 27 જુલાઈથી 2 ઓગસ્ટ, 2026 દરમિયાન અઝરબૈજાનના બાકુ શહેરમાં યોજાનારી છે.ભારતીય કુસ્તી સંઘ (WFI) દ્વારા વિશ્વ ચેમ્પિયનશિપ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં સિતેંદરને સ્થાન મળ્યું છે. લખનૌ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય પસંદગી ટ્રાયલ્સમાં તેણે શાનદાર દેખાવ કરતાં અત્યંત સ્પર્ધાત્મક 60 કિલોગ્રામ વજન વર્ગમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. દેશભરના પ્રતિભાશાળી યુવા પહેલવાનો વચ્ચે યોજાયેલી આ ટ્રાયલ્સમાં સિતેંદરની સિદ્ધિ વધુ નોંધપાત્ર માનવામાં આવી રહી છે.

## એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે દરરોજ રોકાણ કરવા શરૂ કર્યું 'રોઝાના SIP'નું નવું ડિજિટલ ફીચર

મુંબઈ : ભારતની અગ્રણી એસેટ મેનેજમેન્ટ કંપનીઓ પૈકીની એક એવી એક્સિસ મ્યુચ્યુઅલ ફંડે 'રોઝાના SIP' શરૂ કરવાની જાહેરાત કરી છે.તે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં સૌ પ્રથમ વખત રજૂ કરાયેલ એક એવી બંડલ ડેઈલી SIP છે કે જે કરોડો ભારતીય નાગરિકો માટે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણને વધારે સરળ અને સુલભ બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. રોઝાના SIP મારફતે રોકાણકારો એક્સિસ મ્યુચ્યુઅલ ફંડની વિવિધ સ્કીમોમાં દરરોજ સ્કીમ દીઠ ફક્ત રૂપિયા 10 જેટલી ઓછી રકમથી રોકાણની શરૂઆત કરી શકે છે. રોકાણકારો માટે 'રોઝાના SIP એ એક્સિસ મ્યુચ્યુઅલ ફંડની 10 જેટલી સ્કીમોમાં રોકાણ કરવા માટે ઉપલબ્ધ છે.તે એક સામાન્ય સેટઅપ દ્વારા ઈન-બિલ્ટ ડાયવર્સિફિકેશનની સુવિધા પૂરી પાડે છે.રોકાણકારો ઓછામાં ઓછી બે સ્કીમને પસંદ કરી દરરોજ સ્કીમ દીઠ રૂપિયા 10 થી શરૂઆત કરી શકે છે, અને પોતાની પસંદગીના આધારે તેને 10 સ્કીમ સુધી વધારી શકે છે.આ વિશેષતા રોકાણકારોની જરૂરિયાતો મુજબ ફેરફાર કરવા માટે જ તૈયાર કરવામાં આવી છે, જે કોઈપણ મહત્તમ મર્યાદા વગર જ ફ્લેક્સિબલ યોગદાન સાથે સુવિધા આપે છે. આ બાસ્કેટમાં એક્સિસ મલ્ટિકેપ ફંડ,એક્સિસ સ્મોલ કેપ ફંડ,એક્સિસ વેલ્યુ ફંડ,એક્સિસ ગોલ્ડ ફંડ,એક્સિસ બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ,એક્સિસ મિડ કેપ ફંડ,એક્સિસ ફ્લેક્સી કેપ ફંડ,એક્સિસ લાર્જ કેપ ફંડ,એક્સિસ મલ્ટી એસેટ એલોકેશન ફંડ,એક્સિસ અલ્ટ્રા શોર્ટ ડ્યુરેશન ફંડ અને એક્સિસ શોર્ટ ડ્યુરેશન ફંડનો સમાવેશ થાય છે.આ બાસ્કેટ રોકાણકારોને તેમના નાણાકીય લક્ષ્યાંકો અને એલોકેશનની પસંદગીના આધારે સ્કીમ પસંદ કરવાની સાનુકૂળતા પણ આપે છે.રિટેલ ઈન્વેસ્ટર્સની વધતી ભાગીદારી અને શિસ્તબદ્ધ રોકાણ પ્રત્યેના આકર્ષણને લીધે ભારતમાં SIP અપનાવવાનું પ્રમાણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. આ બેકડ્રોપ વચ્ચે રોઝાના SIP ગ્રાહકોની બદલાતી વર્તણૂક અને નાણાકીય હેબિટને અનુરૂપ,સતત રોકાણના એક નવા વિકલ્પની શરૂઆત કરે છે.તેને નવા રોકાણકારો દ્વારા સામનો કરવામાં આવતી સામાન્ય મુશ્કેલી જેમ કે મર્યાદિત બચત, રોકાણ અંગે જાણકારીનો અભાવ તથા બજારમાં સામેલ થવામાં ખચકાટ વગેરેને દૂર કરવા તૈયાર કરવામાં આવ્યું છે.

## ટાટા મોટર્સના કોમર્શિયલ વાહનોમાં ૧ જુલાઈથી ભાવ વધારો થશે

મુંબઈ: દેશની અગ્રણી ઓટોમોબાઈલ કંપની ટાટા મોટર્સે કોમર્શિયલ વાહનો ખરીદનારા ગ્રાહકો માટે એક મહત્વની જાહેરાત કરી છે. કંપનીએ ગુરુવારે સ્પષ્ટતા કરી છે કે આગામી ૧ જુલાઈ, ૨૦૨૬થી તેમના કોમર્શિયલ વાહનોના પોર્ટફોલિયોમાં ૨.૫ ટકા સુધીનો ભાવ વધારો કરવામાં આવશે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ કાચા માલના વધતા ભાવો અને ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો છે.કંપનીના નિવેદન અનુસાર, કોમર્શિયલ વાહન ઉદ્યોગ હાલમાં કોમોડિટીના વધતા ભાવો અને અન્ય ઈનપુટ ખર્ચના દબાણનો સામનો કરી રહ્યો છે.



ઉત્પાદન ખર્ચમાં થયેલા આ વધારાની અસરને આંશિક રીતે સરભર કરવા માટે કંપનીએ વાહનોના ભાવમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. ભાવમાં આ વધારો વાહનના મોડેલ અને તેના વેરિઅન્ટ મુજબ અલગ-અલગ હોઈ શકે છે. ટાટા મોટર્સના કોમર્શિયલ વાહનોમાં ટ્રક, બસ, પિક-અપ અને યુટિલિટી વાહનોનો સમાવેશ થાય છે, જે હવે ગ્રાહકો માટે થોડા મોંઘા પડશે.૧૮૦ અબજ ડોલરના ટાટા ગ્રુપનો ભાગ એવી ટાટા મોટર્સ ભારતની સૌથી મોટી કોમર્શિયલ વાહન ઉત્પાદક કંપની છે. આઠ દાયકાથી વધુનો અનુભવ ધરાવતી આ કંપની ભારતીય પરિવહન ક્ષેત્રે એક મજબૂત નામ છે. કંપનીના અદ્યતન પાવરટ્રેન્સ, કનેક્ટેડ વ્હીકલ ટેકનોલોજી અને ઈન્ટેલિજન્ટ ફ્લીટ સોલ્યુશન્સ છેલ્લા-માઈલની ડિલિવરીથી લઈને લોજિસ્ટિક્સ અને જાહેર પરિવહન સુધીની વિવિધ જરૂરિયાતો પૂરી કરે છે. ભારત અને દક્ષિણ કોરિયામાં કાર્યરત આ કંપની આફ્રિકા, મધ્ય પૂર્વ, લેટિન અમેરિકા, દક્ષિણ-પૂર્વ એશિયા અને સાર્ક દેશોમાં પણ પોતાની વૈશ્વિક હાજરી ધરાવે છે.આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે ઓટોમોબાઈલ ઉત્પાદકો સતત ખર્ચના દબાણનો સામનો કરી રહ્યા છે. કાચા માલના ભાવોમાં થતી વધઘટ આ ક્ષેત્ર માટે સતત ચિંતાનો વિષય રહી છે. આ તમામ પરિસ્થિતિઓ વચ્ચે કંપનીઓએ નફાકારકતા જાળવી રાખવા માટે ભાવ વધારાનો માર્ગ અપનાવવો પડે છે. આ અહેવાલ તૈયાર થયો ત્યારે મુંબઈ શેરબજારમાં ટાટા મોટર્સના શેર ૪૦૩ રૂપિયા પ્રતિ શેરના ભાવે ટ્રેડ થઈ રહ્યા હતા.

## ભારત અને બ્રિટન વચ્ચેના વેપાર કરારનો ૧૫ જુલાઈથી અમલ

નવી દિલ્હી: ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અને ઐતિહાસિક અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. યુકે ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ (યુકેઆઈબીસી) એ ભારત-યુકે કોમ્પ્રીહેન્સિવ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (સીઈટીએ) ના અમલીકરણની જાહેરાતનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે. આ કરાર આગામી ૧૫ જુલાઈ, ૨૦૨૬થી સત્તાવાર રીતે અમલમાં આવશે. આ વિકાસને બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણની અભૂતપૂર્વ તકો ખોલનાર એક સીમાચિહ્નરૂપ પગલું માનવામાં આવે છે.મીડિયા અહેવાલ મુજબ, આ કરાર બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જશે. વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટર સુધીના આંકડાઓ પર નજર કરીએ તો, ભારત અને બ્રિટન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર આશરે ૪૭.૯ અબજ પાઉન્ડ સુધી પહોંચ્યો હતો, જેમાં અગાઉના વર્ષોની સરખામણીએ ૧૦ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ કરાર હેઠળ ટેરિફમાં ઘટાડો અને બજારમાં બહેતર પ્રવેશ મળવાથી વેપાર અને રોકાણની ગતિવિધિઓમાં વધુ ઝડપ આવશે. આ કરાર ખાસ કરીને ભારતની સેવા ક્ષેત્રની કંપનીઓ માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. માહિતી ટેક્નોલોજી (આઈટી), આઈટી-સક્ષમ સેવાઓ, નાણાકીય સેવાઓ, વ્યવસાયિક સેવાઓ અને શિક્ષણ ક્ષેત્રે ભારતને આ કરારથી મોટો લાભ થવાની અપેક્ષા છે. આ સમજૂતીથી બંને દેશોના ઉદ્યોગસાહસિકો માટે બજારમાં પ્રવેશના નવા દ્વાર ખુલશે, જે લાંબા ગાળે રોજગારીની તકોનું પણ સર્જન કરશે. યુકેઆઈબીસીના ગ્રુપ મુખ્ય કાર્યકારી અધિકારી કિશોર જયરામનના મતે, આ કરાર દ્વિપક્ષીય સંબંધોમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન છે. તે વર્ષોથી વેપાર અવરોધો ઘટાડવા અને બજારમાં પારદર્શિતા લાવવા માંગતા ઉદ્યોગોની માંગને પૂર્ણ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ કરાર ભારતની 'વિકસિત ભારત ૨૦૪૭' ની દૂરંદેશીને સાકાર કરવામાં અને બંને દેશોના આર્થિક વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે. યુકેઆઈબીસી આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન સતત ઉદ્યોગ પરામર્શ અને નીતિ વિષયક ભલામણો દ્વારા મદદ કરી રહ્યું છે. સંસ્થાએ ખાતરી આપી છે કે તે આગામી સમયમાં પણ વ્યવસાયોને આ કરારની જોગવાઈઓ સમજવામાં અને તેનો મહત્તમ લાભ લેવામાં મદદ કરવાનું ચાલુ રાખશે.

## ઈન્ફિનિટી બાગને મળ્યો એવોર્ડ

## ઈન્ફિનિટી ગ્રુપના ઈન્ફિનિટી બાગને પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરાયું


સુરત: સુરતના જાણીતા રિયલ એસ્ટેટ ડેવલપર ઈન્ફિનિટી ગ્રુપ માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ સામે આવી છે. કંપનીના અગ્રણી રહેણાંક પ્રોજેક્ટ 'ઈન્ફિનિટી બાગ' ને ૧૩મા આઈસીઈઓ-અલ્ટ્રાટેક આઉટસ્ટેન્ડિંગ કોંક્રીટ સ્ટ્રક્ચર એવોર્ડ ૨૦૨૬ થી નવાજવામાં આવ્યું છે. આ સન્માન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિવિલ એન્જિનિયર્સ એન્ડ આર્કિટેક્ટ્સ (આઈસીઈઓ), સુરત દ્વારા અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડના સહયોગથી આપવામાં આવ્યું છે.

આ પુરસ્કાર સમારોહમાં શહેરના અગ્રણી આર્કિટેક્ટ્સ, એન્જિનિયર્સ અને ડેવલપર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ એવોર્ડ એવા પ્રોજેક્ટ્સને આપવામાં આવે છે જે સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ, બાંધકામની ગુણવત્તા, નવીનતા અને ટકાઉપણામાં શ્રેષ્ઠતાના ધોરણો દર્શાવે છે. બાંધકામ જગતમાં આ પુરસ્કારને અત્યંત પ્રતિષ્ઠિત માનવામાં આવે છે, જે એન્જિનિયરિંગ નિપુણતા અને લાંબા ગાળાના સ્ટ્રક્ચરલ પ્રદર્શનને બિરદાવે છે.

ઈન્ફિનિટી બાગ એ ૨ અને ૩ બીએચકે પ્રીમિયમ હોમ્સ ધરાવતો એક આયોજનબદ્ધ રહેણાંક પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટનું નિર્માણ પ્રકૃતિની વચ્ચે સુમેળભર્યા જીવનની કલ્પના સાથે કરવામાં આવ્યું છે. તે આધુનિક આર્કિટેક્ચર, ગુણવત્તાયુક્ત બાંધકામ અને લીલાછમ વિસ્તારોનું સંતુલન જાળવી રાખે છે. ઓપન સ્પેસ, ગ્રીનરી અને કાર્યક્ષમ આયોજન પરના ભારને કારણે, ઈન્ફિનિટી બાગ એક સીમાચિહ્નરૂપ રહેણાંક પ્રોજેક્ટ તરીકે ઉભરી આવ્યો છે, જે આધુનિક જીવનશૈલી અને એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા બંનેનું ઉદાહરણ પૂરું પાડે છે.

## 4થી 6 જુલાઈ દરમિયાન શ્રેષ્ઠ ડીલ્સ, સૌથી મોટી બચત અને બ્લૉકબસ્ટર મનોરંજનનો લાભ ઉઠાવો

## એમેઝોન ઈન્ડિયા દ્વારા પ્રાઈમ ડેની 10મી આવૃત્તિની જાહેરાત કરવામાં આવી




(એજન્સી) બેંગ્લુરુ | તા.18

એમેઝોને આજે જાહેરાત કરી છે કે, પ્રાઈમ ડે 2026ની 10મી આવૃત્તિ 4 જુલાઈના રોજ મધરાતે 12:00 વાગ્યાથી શરૂ થઈને 6 જુલાઈના રોજ રાત્રે 11:59 વાગ્યા સુધી ચાલશે, જેમાં પ્રાઈમ મેમ્બર્સને તેમના માટે ખાસ રીતે પસંદ કરવામાં આવેલી 72 કલાકની ડીલ્સ, બચત, નવા લૉન્ચ અને એક્સક્લુસિવ મનોરંજનનો લાભ ઉઠાવવાની તક મળશે. 10 વર્ષના આ સીમાચિહ્નરૂપ તબક્કાની ઉજવણીના ભાગરૂપે, એમેઝોન '10મી એનિવર્સરી ડીલ્સ' હેઠળ વિવિધ કેટેગરીઓમાં પ્રાઈમ મેમ્બર્સને આકર્ષક ઑફર્સનો લાભ આપી રહી છે. આ ઉપરાંત, એસબીઆઈ અને એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને થતી ચૂકવણી તથા ઈએમઆઈ ટ્રાન્ઝેક્શન્સ પર વધારાની 10% સુધીની બચતનો લાભ પણ મેળવી શકાશે. એમેઝોન પે આઈસીઆઈસીઆઈ બેંક ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરનારા પ્રાઈમ મેમ્બર્સને અમર્યાદિત 5% કેશબેક મળશે.આ પ્રાઈમ ડે દરમિયાન મેમ્બર્સને 500થી વધુ નવા ઉત્પાદનોની સાથે વર્ષની સૌથી ઓછી કિંમતો અને વનપ્લસ, સેમસંગ, લીગો, એડિડાસ તથા એલન સોલી જેવી ભારતીય અને વૈશ્વિક અગ્રણી બ્રાન્ડ્સની અગાઉ ક્યારેય જોવા ન મળી હોય તેવી ડીલ્સનું એક્સક્લુસિવ ઍક્સેસ પણ મળશે. આ ઉપરાંત, સ્મોલ એન્ડ મીડિયમ બિઝનેસિસ (એસએમબી)ના ઉત્પાદનો તો ઉપલબ્ધ રહેશે જ. ભારતમાં પ્રાઈમ ડેની 10મી આવૃત્તિની ઉજવણી નિમિત્તે, એમેઝોન નવા મેમ્બર્સ માટે મર્યાદિત સમયની એનિવર્સરી ઑફર રજૂ કરી રહી છે. આ ઑફર હેઠળ ગ્રાહકો પ્રાઈમની વાર્ષિક મેમ્બરશિપ (રૂ. 1,499) ફક્ત રૂ. 999માં મેળવી શકશે. ઉપરાંત, પ્રાઈમ લાઈટ ફક્ત વાર્ષિક રૂ. 599માં (રૂ. 799ને બદલે) તથા પ્રાઈમ શૉપિંગ એડિશન (પીએસઈ) ફક્ત વાર્ષિક રૂ. 299માં (રૂ. 399ને બદલે) ઉપલબ્ધ થશે, જેના પરિણામે કિંમતના દરેક વિકલ્પમાં પ્રાઈમ ડેનું ઍક્સેસ ઉપલબ્ધ થશે.એમેઝોન ઈન્ડિયાના પ્રાઈમના ડિરેક્ટર શ્રી અભિનવ અગ્રવાલે જણાવ્યું હતું કે, 'નવા લૉન્ચ અને બ્લૉકબસ્ટર મનોરંજનથી માંડીને ઝડપથી પહોંચાડવામાં આવતી શ્રેષ્ઠ ડીલ્સ સુધી, પ્રાઈમ ડે હંમેશાં અમારા મેમ્બર્સ, વિક્રેતાઓ અને બ્રાન્ડ પાર્ટનર્સને જબરદસ્ત લાભ આપવાની એક વિશિષ્ટ તક બની રહે છે. અમે પ્રાઈમ ડેની 10મી આવૃત્તિને ઉજવી રહ્યા છીએ ત્યારે આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ આ ઉજવણીને વિશેષ બનાવી દે છે, જે સમગ્ર ભારતમાં છેલ્લા એક દાયકાથી ખરીદી, બચત અને મનોરંજનના લાભ પહોંચાડવાની અમારી કટિબદ્ધતાને દર્શાવે છે. આ વર્ષે અમે પ્રાઈમ ડેની સમગ્ર 10મી આવૃત્તિ દરમિયાન અમારા પ્રાઈમ મેમ્બર્સ માટે સૌથી મોટા લૉન્ચ, અગાઉ ક્યારેય જોવા ન મળી હોય તેવી વિશેષ એનિવર્સરી ડીલ્સ, એઆઈના અદ્ભુત અનુભવો, બ્લૉકબસ્ટર મનોરંજન અને તેના જેવા બીજા ઘણાં લાભ દ્વારા ચઢિયાતો અનુભવ પૂરું પાડવા માટે ઉત્સાહિત છીએ.'ભારતમાં પ્રાઈમ ડેના 10 વર્ષ પૂરાં થવા નિમિત્તે એમેઝોન તેને શક્ય બનાવનારા તેના મેમ્બર્સને 'પ્રાઈમ પ્લેબૅક' દ્વારા બિરદાવી રહી છે, જે એઆઈ દ્વારા સંચાલિત એક પર્સનલાઈઝ્ડ વીડિયો છે અને પ્રાઈમ મેમ્બરના અનોખા અનુભવને ઉજાગર કરે છે - જેમાં ખરીદીના સીમાચિહ્નરૂપ તબક્કાઓ, બચતની મુખ્ય ઉપલબ્ધિઓ અને સૌથી વધુ જોવાયેલા કન્ટેન્ટનો સમાવેશ થાય છે. એઆઈનો આ અનોખો અનુભવ પ્રાઈમના કેટલાક પસંદગીના મેમ્બર્સ માટે 18 જૂનથી Amazon.in પર ઉપલબ્ધ થશે.પ્રાઈમ ડે 2026ની એક ઝલક* ખરીદી અને બચતના 72 કલાક: 4 જુલાઈના રોજ મધરાતે 12:00 વાગ્યાથી શરૂ થઈને 6 જુલાઈના રોજ રાત્રે 11:59 વાગ્યા સુધી.

## ફિઝિકલ AI યુગ માટે LG ઈલેક્ટ્રોનિક્સનો રોબોટિક્સ અંગેનો દૃષ્ટિકોણ

(એજન્સી) નવી દિલ્હી | તા.18

LG ઈલેક્ટ્રોનિક્સ તેના LG CLOiD રોબોટ દ્વારા (જેનું પ્રથમ અનાવરણ CES 2026 ખાતે કરવામાં આવ્યું હતું) ફિઝિકલ AIને ફેક્ટરી ફ્લોરથી ઘર સુધી લાવી રહ્યું છે. આ સાથે, કંપની ઘર, પરિવહન, વાણિજ્યિક તેમજ ઔદ્યોગિક એકમોના વાતાવરણની ઊંડી સમજ, મુખ્ય રોબોટિક્સ ટેક્નોલોજીઓ અને સર્વગ્રાહી ફિઝિકલ AI ઈકોસિસ્ટમ પર આધારિત તેની રોબોટિક્સ વ્યૂહરચના રજૂ કરી રહી છે. આ દૃષ્ટિકોણને શક્ય બનાવતા ચાર પરસ્પર સંકળાયેલા આધારસ્તંભો LGને ફેક્ટરીઓ અને વાણિજ્યિક સ્થળોમાંથી ફિઝિકલ AIને ઘર સુધી પહોંચાડવામાં સક્ષમ બનાવે છે: વિશ્વભરમાં ઉપયોગમાં લેવાતા લાખો ઘરગથ્થુ ઉપકરણો દ્વારા વર્ષોથી એકત્રિત કરવામાં આવેલ ગ્રાહક પ્રતિભાવો અને સંચાલકીય માહિતી રહેણાંક, વ્યાવસાયિક અને ઔદ્યોગિક પરિસ્થિતિઓમાં 20 વર્ષથી વધુનો રોબોટિક્સ વિકાસનો અનુભવ, કોર રોબોટિક્સ ટેકનોલોજી, જેમાં એક્ટ્યુએટર્સ, મોટર્સ અને પ્રિસિઝન મોશન સિસ્ટમ્સનો સમાવેશ થાય છે, જે બુદ્ધિશાળી મશીનોને ભૌતિક જગત સાથે આંતરક્રિયા કરવામાં સક્ષમ બનાવે છે, LG ગ્રૂપના સહયોગથી સક્ષમ બનેલી એક અનોખી ફિઝિકલ AI ઈકોસિસ્ટમ : ફિઝિકલ AI સતત વિકસતું જઈ



રહ્યું છે ત્યારે, આ ચાર પરસ્પર સંકળાયેલા પાસાં એવી ટેક્નોલોજીકલ આધારશિલા અને પાયારૂપ તત્વોનું નિર્માણ કરે છે, જે AIની બુદ્ધિમત્તાને વાસ્તવિક દુનિયાની ભૌતિક ક્રિયાઓ સાથે જોડે છે.'ઝીરો લેબર હોમ' તરફની આગેકૂચ : રોબોટિક્સ ક્ષેત્રની દાયકાઓની નિપુણતા અને તેના ફિઝિકલ AI ઈકોસિસ્ટમનો લાભ લઈને, LG 'ઝીરો લેબર હોમ' તરીકે ઓળખાતી તેની પરિકલ્પનાને સાકાર કરવા માટે કાર્યરત છે. ભવિષ્યની આ જીવનશૈલીમાં, બુદ્ધિશાળી રોબોટ્સ, પરસ્પર જોડાયેલા ઉપકરણો અને AI ઓર્કેસ્ટ્રેશન સિસ્ટમ્સ મળીને વપરાશકર્તાના ન્યૂનતમ હસ્તક્ષેપ સાથે ઘરગથ્થુ કાર્યોનું સક્રિયપણે સંચાલન કરશે.LG CLOiD હોમ રોબોટ આ પરિકલ્પનાને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ThinQ સાથે જોડાયેલા ઉપકરણોના ઈકોસિસ્ટમ સાથે સરળતાથી કાર્ય કરતાં, CLOiD રોજિંદા ઘરગથ્થુ કાર્યોમાં સહાય પૂરી પાડી શકે છે, સાથે જ AIની બુદ્ધિમત્તા અને ઘરેલુ વાતાવરણ વચ્ચે ભૌતિક માધ્યમ તરીકે પણ કાર્ય કરે છે.અંતે, LG એક એવા ઘરની પરિકલ્પના કરે છે જે માત્ર આદેશોનું પાલન જ નહીં, પરંતુ તેનાથી ઘણું વધારે કરે છે. દિનચર્યાઓને સમજીને, જરૂરિયાતોનો અગાઉથી અંદાજ લગાવીને અને સ્વયંસંચાલિત રીતે કાર્ય કરીને, 'ઝીરો લેબર હોમ' ગ્રાહકોને એક અત્યંત મૂલ્યવાન ભેટ આપવાનું લક્ષ્ય રાખે છે: તેમના અને તેમના પરિવાર માટે વધુ સમય.LG રોબોટિક્સ ક્ષેત્રમાં એક અનોખું સ્થાન ધરાવે છે, કારણ કે તે દાયકાઓના ઘરગથ્થુ ઉપકરણો ક્ષેત્રના નેતૃત્વ અને ThinQ ઈકોસિસ્ટમ ડેટાને જોડીને વ્યક્તિગત અને સંદર્ભ-સમજ ધરાવતા AI રોબોટ્સ વિકસાવે છે. આ ગ્રાહક સમજણ 20 વર્ષથી વધુના વાસ્તવિક કાર્યકારી માહિતી પર આધારિત છે–જે 2003માં તેના પ્રથમ ક્લીનિંગ રોબોટથી લઈને વિવિધ વ્યાવસાયિક અને ઔદ્યોગિક ઉપયોગો સુધી વિસ્તરેલો છે–જે સુરક્ષિત નેવિગેશન અને માનવ આંતરક્રિયાની કુદરતી ક્ષમતા સુનિશ્ચિત કરે છે. વધુમાં, આ બુદ્ધિમત્તા ચોક્કસ ભૌતિક હલનચલન માટે અદ્યતન એક્ટ્યુએટર્સ અને મોટર્સના મજબૂત હાર્ડવેર પાયા પર નિર્મિત છે. આ બધું એક સર્વગ્રાહી, જૂથ-વ્યાપી ફિઝિકલ AI ઈકોસિસ્ટમમાં એકીકૃત છે, જે LG AI રિસર્ચ, LG ઈનોટેક, રોબોસ્ટાર, LG એનર્જી સોલ્યુશન, LG CNS અને LG ઈલેક્ટ્રોનિક્સની સામૂહિક ક્ષમતાઓ દ્વારા પરિજ્ઞાન, બુદ્ધિમત્તા અને કાર્યને એકસાથે જોડે છે.

## એઆઈ અને ટેકનોલોજી પર ભાર

## પિયુષ ગોયલે લક્ઝમબર્ગના નાયબ વડાપ્રધાન સાથે કરી મહત્વની બેઠક

પેરિસ: ભારતના કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે પેરિસમાં આયોજિત 'વિવા ટેક્નોલોજી ૨૦૨૬' કાર્યક્રમ દરમિયાન લક્ઝમબર્ગના નાયબ વડાપ્રધાન ઝેવિયર બેટલ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક કરી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ફિનટેક, અંતરિક્ષ ટેક્નોલોજી, ડિજિટલ ઈનોવેશન અને નાણાકીય સેવાઓ જેવા ઉભરતા ટેક્નોલોજી ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વિસ્તારવાનો હતો.મંત્રી પિયુષ ગોયલે આ મુલાકાતને ખૂબ જ હૂંફાળી અને ફળદાયી ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, "ભારત અને લક્ઝમબર્ગ ઈનોવેશન, ટેક્નોલોજી અને સહિયારા આર્થિક લક્ષ્યો દ્વારા પોતાની ભાગીદારીને સતત મજબૂત બનાવી રહ્યા છે." ભારત અને યુરોપ વચ્ચેના આર્થિક સંબંધો હવે એક નવા વળાંક પર છે. મંત્રીએ નોંધ્યું હતું કે તાજેતરમાં સંપન્ન થયેલ ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર કરાર બંને દેશો વચ્ચેની નવી ટેક્નોલોજી પહેલને વેગ આપવામાં મદદરૂપ થશે. લક્ઝમબર્ગ ભારતની યુરોપ સાથેની આર્થિક અને તકનીકી સગાઈને મજબૂત કરવામાં એક મહત્વપૂર્ણ ભાગીદાર બની રહેશે. આ કાર્યક્રમ દરમિયાન 'ધ ન્યુ ગ્રોથ પ્લેબુક' વિષય પર આયોજિત એક પેનલ સત્રમાં મંત્રી પિયુષ ગોયલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અંગે ભારતની નીતિઓ રજૂ કરી હતી. આ સત્રમાં સંયુક્ત આરબ અમીરાતના અર્થતંત્ર મંત્રી અબ્દુલ્લા બિન તૌક અલ મરી અને ફ્રાન્સના પૂર્વ અર્થતંત્ર મંત્રી બ્રુનો લે મેયર પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી ગોયલે ભારપૂર્વક કહ્યું કે ભારતનું એઆઈ મોડેલ ટેક્નોલોજીકલ પ્રગતિની સાથે વિશ્વાસ, પારદર્શિતા અને જવાબદારીને સંતુલિત કરવા પર આધારિત છે. ભારત માને છે કે એઆઈ દ્વારા આર્થિક વિકાસની અપાર તકો રહેલી છે, જેને સમાવેશી અને સુરક્ષિત રીતે અમલમાં લાવવી જોઈએ.બેઠકના અંતે મંત્રીએ ભારતના ડિજિટલ માળખાની સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે, "ભારત ઝડપથી એઆઈ અને ડિજિટલ ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યું છે." દેશનું મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, વિશ્વ-સ્તરનું ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશાળ પ્રતિભાશાળી યુવા વર્ગ ભારતને આંતરરાષ્ટ્રીય ટેક્નોલોજી કંપનીઓ માટે એક આકર્ષક વૈશ્વિક સ્થળ બનાવે છે. ભારત હાલમાં નવીનતા, સાહસિકતા અને ટેક્નોલોજી આધારિત વિકાસ માટે વિશ્વનું એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે.

## 30 હજાર સરકારી શાળાઓને થશે લાભ

## એડીબી દ્વારા ભારતમાં ડિજિટલ શિક્ષણ માળખા માટે ૧૦ મિલિયન ડોલરની સહાય

નવી દિલ્હી: એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી) એ ભારતમાં શિક્ષણના સ્તરને સુધારવા અને ડિજિટલ માળખાગત સુવિધાઓના વિસ્તરણ માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. બેંકે 'સ્કૂલનેટ ઈન્ડિયા લિમિટેડ' સાથે ભાગીદારી કરીને ૧૦ મિલિયન ડોલરના નાણાકીય પેકેજની જાહેરાત કરી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય દેશની ૩૦,૦૦૦ સરકારી શાળાઓમાં ડિજિટલ લર્નિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવાનો છે, જેનો સીધો લાભ આશરે ૪.૫ મિલિયન વિદ્યાર્થીઓને મળશે.એડીબીના અહેવાલ મુજબ, ભારતમાં શિક્ષણ ક્ષેત્રે ઝડપી વિકાસ છતાં ડિજિટલ માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર તફાવત જોવા મળી રહ્યો છે. વર્તમાન આંકડાઓ દર્શાવે છે કે કિન્ડરગાર્ટનથી માધ્યમિક સુધીની માત્ર ૨૬ ટકા શાળાઓમાં કોમ્પ્યુટર લેબોરેટરી છે, જ્યારે માત્ર ૨૯ ટકા શાળાઓમાં જ સ્માર્ટ ક્લાસરૂમની સુવિધા ઉપલબ્ધ છે. 'સ્કૂલનેટ ડિજિટલ લર્નિંગ પ્રોજેક્ટ' આ અંતરને ઘટાડવા માટે કાર્ય કરશે. આ પ્રોજેક્ટ ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત છે, જે ટેકનોલોજી આધારિત શિક્ષણ પ્રણાલી પર ભાર મૂકે છે. યોજના મુજબ, ઓછામાં ઓછી ૧,૦૦૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ અને ૫૮,૦૦૦ ડિજિટલ ક્લાસરૂમ બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.આ ભંડોળમાં ૫ મિલિયન ડોલરની લોન 'લીપ ૨' (લીડિંગ એશિયાઝ પ્રાઈવેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ ૨) દ્વારા આપવામાં આવશે. આ ફંડ એડીબી દ્વારા સંચાલિત છે અને તેમાં જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સીનું ૧.૫ અબજ ડોલરનું રોકાણ છે. આ પ્રોજેક્ટ માત્ર હાર્ડવેર પર જ નહીં, પરંતુ માનવ મૂડી પર પણ વિશેષ ભાર મૂકે છે. પ્રોજેક્ટની રૂપરેખા મુજબ, ૫૬,૦૦૦ થી વધુ શિક્ષકોને ડિજિટલ શિક્ષણ પદ્ધતિ અંગે તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત, સર્વસમાવેશક, સુરક્ષિત અને સમાન શિક્ષણ પદ્ધતિઓને મજબૂત બનાવવા માટે શૈક્ષણિક સામગ્રી પણ પૂરી પાડવામાં આવશે.ભારત માટે એડીબીના કન્ટ્રી ડાયરેક્ટર મિયો ઓકાએ જણાવ્યું હતું કે, "આ વ્યવહાર ભારતમાં ડિજિટલ શિક્ષણ પ્રોજેક્ટ માટે એડીબીનું પ્રથમ ખાનગી ક્ષેત્રનું ધિરાણ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, અષાઢ સુદ-04

# રામ રાજ્યની વાતો કરતા સંગઠનો 'રામ લલાને લૂંટી રહ્યા છે'!

રામરાજ્યમાં ચોરીને રાજાની નિષ્ફળતા માનવામાં આવતી હતી, ક્યાંય ચોરી થાય અથવા તો કોઈની સાથે ભ્રષ્ટાચાર કે છેતરપિંડી કરવામાં આવે તો રાજા અને તેના ગુપ્તચરોની નિષ્ફળતા ગણાતી, રાજકોષમાંથી ચોરી અથવા ભ્રષ્ટાચાર પેટે ગુમાવેલી રકમ ચુકવવામાં આવતી પણ હવે તો સત્તાધારીઓના મળતીયાઓ જ લૂંટ અને લાંચનું અધિકારિક કામ કરવા લાગ્યા છે. તેમણે ભગવાનને પણ છોડયા નથી : ઉલ્લેખનીય છે કે, જાન્યુઆરી 2024માં ભગવાન રામનું મંદિર તૈયાર કરવામાં આવ્યું હતું. જૂન 2024માં શરૂ થયેલા ચોમાસાના પહેલા જ રાઉન્ડમાં મંદિરની અવદશા થઈ ગઈ હતી. મંદિર પરિસરમાં ઠેરઠેર પથ્થરો ઉખડી ગયા હતા, ખાડા પડી ગયા હતા. મુખ્ય માર્ગોની અવદશા થઈ ગઈ હતી. તેનાથી પણ ભયાનક સ્થિતિ એવી થઈ હતી કે, રામ લલાની મૂર્તિ જ્યાં હતી તે ગર્ભગૃહમાં જ છત ટપકવા લાગી હતી : ગુજરાતમાં પણ શક્તિપીઠ અંબાજી મંદિરમાં પ્રસાદનું કૌભાંડ કરવામાં આવ્યું હતું. કરોડો સનાતનીઓ અને હિંદુઓની આસ્થાના કેન્દ્ર એવા રામ મંદિરમાં આવતા દાનમાંથી કરોડો રૂપિયાની ઉચાપત થયાની ફરિયાદો સામે આવી છે. સેવાના નામે લોકોની આસ્થાના કેન્દ્રમાં ઘુસેલા અસુરોએ જ આત્મનિર્ભરતાનો હાથ ફેરો કર્યો છે. અયોધ્યામાં આવેલા ભગવાન શ્રી રામના મંદિરમાં દાનપાત્રમાં જે રકમ અને વસ્તુઓનું દાન આવે છે તેમાંથી કરોડો રૂપિયા અને વસ્તુઓ સગેવગે કરવાનો આરોપ મુકાયો છે. જાણકારોના મતે રામ મંદિર બનવાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં ૨૦૦ કરોડ કરતા વધારેની રકમ અને દાગીના તથા ભેટ સોગાદો ચોરી થયાનો અંદાજ માંડવામાં આવ્યો છે. આગામી સમયમાં આ આંકડો તેનાથી પણ મોટો થાય તો નવાઈ નહીં. દાનમાં આવતી રકમ અને વસ્તુઓની ગણતરી કરનારા કર્મચારીઓ સામે જ આંગળી ચિંધાઈ છે જે સ્વાભાવિક છે. ઉલ્લેખનીય છે કે, લોકોનો સીધો આરોપ છે કે, ભાજપ સત્તામાં આવ્યા બાદ ચારેતરફ દુર્દશાનું વાતાવરણ છે. ભ્રષ્ટાચાર તેની ચરમસીમા વટાવી ગયો છે. મળતીયાઓ અને કૌભાંડીઓનો અનરાધાર વિકાસ થઈ રહ્યો છે અને પ્રજા પીસાઈ રહી છે. પોતાની સરકાર હોવાથી પોતે જ સર્વસ્વ હોવાના લાગણી નેતાઓ અને કૌભાંડીઓમાં આવી ગઈ છે અને તેઓ હવે લોકોની સાથે સાથે ભગવાનને પણ છેતરવા લાગ્યા છે. રામ મંદિરમાં પણ આ જ સ્થિતિ થઈ છે. કૌભાંડીઓએ ૨૦૦ કરોડથી વધુની દાનની રકમ ચોરી લીધી છે. આ કેસમાં હાલમાં ૫૦ જેટલા કર્મચારીઓની ઓળખ કરવામાં આવી છે જે પગારદાર કર્મચારીઓ છે જ્યારે કેટલાક સ્વયંસેવકો છે. આ તમામ લોકોએ આત્મનિર્ભરતાની વાતને વધારે જ ગંભીરતાથી લઈને ભગવાનને દાનમાં આવેલી રકમ સ્વવિકાસ માટે લઈ જવાની શરૂઆત કરી દીધી અને કરોડોની સંપત્તીના માલિક બની ગયા.જાણકારોના મતે રામ મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે, મંદિરમાં દાનપાત્રમાં જે રકમ આવે છે અને જે ભેટ આવે છે તેની ગણતરી કરવા માટે વિશેષ રૂમ બનાવવામાં આવ્યો છે. ત્યાં ચોક્કસ કર્મચારીઓને જ અને ટ્રસ્ટના પદાધિકારીઓને જ પ્રવેશ આપવામાં આવે છે. ભેટની રકમ ગણવા માટે હાજર રહેતા આશરે ૫૦ જેટલા કર્મચારીઓ સામે તપાસ હાથ ધરવામાં આવી છે. દાનની ગણતરી કરવાની જે નોકરી કરનારા લોકો છે તેમનો પગાર પંદરથી અઢાર હજાર જેટલો છે. બીજી તરફ ટ્રસ્ટના લોકો તો સેવા જ આપે છે. સ્થિતિ એવી બની હતી કે, આ સેવકો અને કર્મચારીઓમાંથી કેટલાકની કરોડોની સંપત્તિની વાતો સામે આવવા લાગી હતી. ખાસ કરીને રામશંકર ઉર્ફે ટિન્નુ યાદવ અને તેના ભત્રીજા મનીષ યાદવનું ના આ ચોરી કૌભાંડમાં અગ્રેસર હતું. તે ઉપરાંત લવકુશ, અનુકલ્પ મિશ્રા, રાજેશ પાઠક, કે.ડી. તિવારી, કરુણ, રિતિક સિંહ, મૌર્ય અને કોઈ શ્રીવાસ્તવની ઓળખ કરવામાં આવી હતી જે છેલ્લાં ચાર-પાંચ વર્ષમાં અચાનક કરોડપતિ થઈ ગયા હતા. મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપતરાયનો સહયોગી, સાથી અને છેલ્લાં ત્રણ દાયકાથી તેમની પડખે રહીને મંદિર નિર્માણમાં સક્રિય રહેનાર રામશંકર જ આ ઘટનામાં મુખ્ય સૂત્રધાર હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત રામશંકરને રાજકીય પીઠબળ હોવાનું અને તેના ઈશારે જ બધું કાળુંધોળું કરવાની મંજૂરી મળતી હોવાના પણ આરોપો મુકવામાં આવ્યા છે. અયોધ્યામાં રીક્ષા ચલાવતો રામશંકર ઉર્ફે ટિન્નુ એકાએક કરોડપતિ થઈ ગયો હતો. તેની પાસે ૫૦ કરોડથી વધારેની સંપત્તી હોવાનું ચર્ચામાં છે. એરપોર્ટ રોડ ઉપર તેની ૭૦ રૂમની હોસ્ટેલ હતી. તે ઉપરાંત અયોધ્યામાં જ ૩ રેસ્ટોરાંમાં તેની ભાગીદારી હતી.

# નખત્રાણા લોહાણા મહાજન ખાતે 87મો નિઃશુલ્ક નેત્ર નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)



નખત્રાણા ખાતે શ્રી નખત્રાણા લોહાણા મહાજનના સાંનિધ્યમાં શ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ દ્વારા 87મો નિઃશુલ્ક નેત્ર નિદાન અને સારવાર કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો. કેમ્પ દરમિયાન કુલ 155 દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી અને જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક દવા તથા આંખના ટીપાં આપવામાં આવ્યા હતા. જ્યારે 25 જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે બસ મારફતે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા.

કેમ્પનું ઉદ્ઘાટન દાતા શ્રી વિવેકભાઈ હરેશભાઈ પલણ પરિવાર વતી શ્રીમતી છાયાબેન વિવેકભાઈ પલણના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નખત્રાણા લોહાણા મહાજનના આગેવાનો, દાતાશ્રીઓ તથા રાજકોટથી પધારેલા તબીબો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પ માટે સતત સહયોગ આપતા હરેશભાઈ દામજીભાઈ પલણ અને છાયાબેન વિવેકભાઈ પલણ પરિવારનું સમાજના આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

આરોગ્ય સમિતિના ચેરમેન પ્રાગજીભાઈ અનમે જણાવ્યું હતું કે કેમ્પમાં તપાસ કરાયેલા તમામ દર્દીઓને જરૂરી દવા અને ટીપાં આપવામાં આવ્યા છે, જ્યારે 25 દર્દીઓને ઓપરેશન માટે રાજકોટ મોકલવામાં આવ્યા છે. દર્દીઓ માટે ચા-પાણી તથા ફ્રૂટ પેકેટની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. રાજકોટ સ્થિત રણછોડદાસજી હોસ્પિટલ દ્વારા દર્દીઓને રહેવા, જમવા, ઓપરેશન, દવા અને ચશ્માં સહિતની તમામ સેવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે.

નખત્રાણા લોહાણા મહાજનના પ્રમુખ રાજુભાઈ પલણે જણાવ્યું હતું કે સમાજના દસ જેટલા કાયમી દાતાઓ ઉપરાંત ગામના અનેક સેવાભાવી લોકો કેમ્પમાં સહયોગ આપે છે. તેમણે આંખના આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા જણાવ્યું કે આંખ શરીરનું સૌથી કિંમતી અંગ છે અને ઓપરેશન બાદ દર્દીઓએ 15 દિવસ સુધી વિશેષ કાળજી રાખવી જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે રણછોડદાસજી ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા રોજ આશરે 300 જેટલા ઓપરેશનો કરવામાં આવે છે અને ગુજરાતના 135થી વધુ શહેરો તથા ગામોમાં આવા કેમ્પો યોજવામાં આવે છે.

# રાજપીપલા નગરપાલિકા ના નવા ચૂંટાયેલ સભ્યો ને C.O. માહિતી નથી આપતા

રાજપીપલા | રાજપીપલા નગરપાલિકા ની તાજેતર માં યોજાયેલી ચૂંટણી માં અપક્ષ ચૂંટાયેલા મહિલા સભ્ય એ પાલિકા ના વહીવટ સંદર્ભે ચીફ ઓફિસર પાસે માંગેલી માહિતી CO એ નહિ આપતા મહિલા સદસ્યએ કલેકટર ને ફરિયાદ નિવારણ કાર્યક્રમ માં રજુઆત કરીછે .પ્રાપ્ત માહિતી મુજબ નગરપાલિકા માં પ્રથમવાર ચૂંટાયેલા મહિલા સદસ્ય દામિનીબહેન વસાવા એ પાલિકા વહીવટ થી માહિતગાર થવા મુખ્યઅધિકારી પાસે કેટલીક માહિતી માંગી હતી જેમકે નગરપાલિકા નું કુલ મહેકમ, વિવિધ વિભાગો ના વડા માટેની લાયકાત અને હાલ ફરજ બજાવતા કર્મચારીઓ ની ડિગ્રી , કરાર આધારિત કર્મચારીઓ ની સંખ્યા , અને કરાર ની નકલ , હંગામી કર્મચારીઓ ની સંખ્યા તેમના પગાર ની માહિતી , કરાર આધારિત કર્મચારીઓ ની ભરતી ના નિયમો તેમજ તે અંગે જે જાહેરાત આપી હોય તેની નકલ , ઈન્ટર્નલ ઓડિટર ની લાયકાત તેમજ આ જગ્યા પર હંગામી કર્મચારી ની નિમણુંક થઇ શકે કે કેમ? ત્રિમાસિક આવક અને ખર્ચાઓ. પાલિકા અધિનિયમ મુજબ પ્રજા માટે જાહેર માં મુકવાના હોય છે ત્યારે સભ્યો ને પણ તેની નકલ આપવા ની માંગણી કરી છે જે માહિતી CO એ નહિ આપતા સદસ્ય દામિનીબેન વસાવા એ. કલેકટર ના ફરિયાદ નિવારણ કાર્યક્રમ માં રજુઆત કરી છે . ત્યારે ઉપરોક્ત માહિતી કદાચ પાલિકા પ્રમુખ પાસે પણ નહી હોય જયારે એક આદિવાસી મહિલા સદસ્ય એ જાગૃતિ બતાવી માહિતી માંગી છે તેની સૌ પ્રશંસા કરી રહ્યા છે .

# દાહોદ ખાતે મહિલા રોજગાર મેળાનું આયોજન: એમ.જી. મોટર્સ દ્વારા અનેક યુવતીઓને સ્થળ પર જ મળી નોકરી



દિપક રાવલ દાહોદ

રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ, દાહોદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લા સેવાસદન, છાપરી ખાતે વિશેષ 'મહિલા રોજગાર મેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રોજગાર મેળામાં હાલોલ સ્થિત જાણીતી કંપની 'એમ.જી. મોટર્સ' (MG Motors) દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. કંપનીના પ્રતિનિધિઓ દ્વારા મહિલા ઉમેદવારો માટે ખાસ ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મેળાની વિશેષતા એ રહી કે, ઉપસ્થિત મહિલા ઉમેદવારોની શારીરિક ક્ષમતા ચકાસવા માટે સ્થળ પર જ ઊંચાઈ અને વજનની માપણી કરવામાં આવી હતી, સાથે જ તબીબી તપાસ પૂર્ણ કરી ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. જે મહિલા ઉમેદવારો યોગ્ય જણાતા હતા, તેમને સ્થળ પર જ નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

રોજગાર મેળામાં દાહોદ જિલ્લામાંથી મોટી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પોતાની કારકિર્દી ઘડવા માટે આવેલી યુવતીઓ અને મહિલાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રકારના મેળાથી સ્થાનિક સ્તરે મહિલાઓને રોજગારી મેળવવામાં સરળતા રહે છે અને તેઓ આર્થિક રીતે સક્ષમ બની શકે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા રોજગાર કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સક્રિય જહેમત ઉઠાવવામાં આવી હતી. આ ઉપરાંત, કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને મહિલાઓને વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ધારેશી ખાતે આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા મમતા દિવસની ઉજવણી, અનેક આરોગ્યલક્ષી સેવાઓ અપાઈ

મહેશ એલ. સોની નખત્રાણા

આયુષ્માન આરોગ્ય મંદિર, ફુલરા દ્વારા આજરોજ ધારેશી ગામ ખાતે મમતા દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેમ્પમાં સગર્ભા માતાઓની સંપૂર્ણ તપાસણી કરવામાં આવી હતી તથા 0 થી 5 વર્ષના બાળકોનું રસીકરણ હાથ ધરાયું હતું. કિશોરીઓની આરોગ્ય તપાસણીની સાથે સાથે ગૌરવી દિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત 30 વર્ષથી વધુ વયના વ્યક્તિઓનું બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને ઓરલ કેન્સરનું સ્ક્રીનીંગ કરવામાં



આવ્યું હતું તેમજ હાઈપરટેન્શન અને ડાયાબિટીસના દર્દીઓનું ફોલો-અપ પણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓના ABHA કાર્ડ બનાવવાની કામગીરીની સાથે NFSA રેશનકાર્ડ ધરાવતા કુટુંબના સભ્યોના આયુષ્માન કાર્ડ બનાવવાની કામગીરી પણ હાથ ધરાઈ હતી. આ સમગ્ર આરોગ્યલક્ષી કામગીરી CHO, FHW, MPHW અને આશા વર્કર દ્વારા સુપેરે પાર પાડવામાં આવી હતી, જ્યારે FHS બહેન દ્વારા સપોર્ટીવ સુપરવિઝન કરવામાં આવ્યું હતું.

# બનાસકાંઠા પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અંબાજી ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ

પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે '૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે અંબાજી ગ્રામ પંચાયત સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન ગુજરાતના વિકાસને નવી દિશા મળી છે. સમાજના છેવાડાના વ્યક્તિ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તે માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. એક સમય એવો હતો જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી સહિતની પાયાની સુવિધાઓનો અભાવ હતો, પરંતુ જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડાંઓમાં ૨૪ કલાક વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. સાથે જ ૧૦૮ ઈમરજન્સી સેવા જેવી વ્યવસ્થાઓએ આરોગ્યક્ષેત્રે નાગરિકોને સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

# કેશોદ નગરપાલિકામાં 'વિકસિત ભારત જન કલ્યાણ શિબિર' યોજાઈ, સરકારી યોજનાઓની માહિતી માટે નાગરિકોમાં ઉત્સાહ

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૧૮ : વિકસિત ભારત-વિકસિત ગુજરાત અને 'વિકસિત ભારત-2047'ની સંકલ્પનાને સાકાર કરવા કેશોદ નગરપાલિકા દ્વારા ચાર ચોક સ્થિત નગરપાલિકા કચેરી ખાતે 'વિકસિત ભારત જન કલ્યાણ શિબિર' નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સવારે 9 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી યોજાયેલી આ શિબિરમાં શહેરના મોટી સંખ્યામાં નાગરિકોએ ઉપસ્થિત રહી વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી, માર્ગદર્શન અને સહાય મેળવી હતી. કાર્યક્રમનો પ્રારંભ કેશોદના ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમ, નગરપાલિકા પ્રમુખશ્રી પ્રતીક્ષાબેન દેવડીયા તથા પૂર્વ પ્રમુખશ્રી મેહુલભાઈ ગોંડલીયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નગરપાલિકાના સભ્યો, ભાજપ સંગઠનના હોદ્દેદારો, અધિકારીઓ તથા અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.શિબિર દરમિયાન કેન્દ્ર ને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. લાભાર્થીઓને સ્થળ પર જ જરૂરી માર્ગદર્શન, સહાય અને વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સાથે જ નાગરિકોની અરજીઓ સ્વીકારી તેમના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવા માટે વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી, જેને કારણે લોકોને સરકારી કચેરીઓ ના ધક્કા ખાવાથી મુક્તિ મળી હતી. આ ઉપરાંત નેશનલ અર્બન લાઈવલિહુડ મિશન (NULM) હેઠળ રોજગાર, સ્વરોજગાર અને આર્થિક સશક્તિકરણ સંબંધિત યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. 'વોકલ ફોર લોકલ' અભિયાન અંતર્ગત સ્થાનિક ઉત્પાદનો ને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક ઉદ્યોગોને વધુ મજબૂત બનાવવા અંગે પણ માર્ગદર્શન અપાયું હતું. કેશોદ નગરપાલિકા દ્વારા આયોજિત આ 'વિકસિત ભારત જન કલ્યાણ શિબિર' નાગરિકો માટે અત્યંત ઉપયોગી સાબિત થઈ હતી.

# ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત સિવિલ હોસ્પિટલ જુનાગઢની ABHA ટોકન જનરેશનની પ્રશંસનીય કામગીરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮. જી એમ ઈ આર એસ જનરલ હોસ્પિટલ, જૂનાગઢ ખાતે વર્ષ ૨૦૨૩ ઓક્ટોબરથી આભા ટોકન જનરેશન ની કામગીરી કાર્યરત છે અને જી એમ ઈ આર એસ જનરલ હોસ્પિટલ, જૂનાગઢના તબીબી અધિક્ષક ડૉ.કૃતાર્થ બ્રહ્મભટ્ટ ની સૂચના મુજબ સિસ્ટમ મેનેજરશ્રી માધવભાઈ વાણવી એ કેસ બારીમાં પૂરતું ધ્યાન આપી અને આભા સિસ્ટમમાં સુધારા વધારા કર્યા બાદ છેલા ૩ વર્ષમાં 1,80,561 દર્દીઓએ આભા (abha) સિસ્ટમ થી opd કેસ બારીમાં કેસ કઢાવેલ છે જેમાં દર્દીઓમાં મોટી રાહત જોવા મળેલ છે. વર્ષ 2026માં અત્યાર સુધીમાં કુલ 49,301 આભા એકાઉન્ટ ક્રિએટ થયેલ છે. આભા (ABHA - આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ) સિસ્ટમ થી દર્દીઓને થતા ફાયદાઓ લાંબી લાઈનો માંથી મુક્તિ: ઓ.પી.ડી. (OPD) કેસ બારી પર કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાની જરૂર પડતી નથી. ઝડપી કેસ રજીસ્ટ્રેશન: હોસ્પિટલની કેસ બારી પાસે રાખેલા QR Code ને મોબાઈલ એપથી સ્કેન કરીને સેકન્ડોમાં ડાયરેક્ટ ટોકન મેળવી શકાય છે.

સમયની બચત: ટોકન નંબર સીધો જ જનરેટ થઈ જતો હોવાથી દર્દીઓનો કિંમતી સમય બચે છે અને ઝડપથી ડોક્ટર પાસે ચેકઅપ કરાવી શકાય છે. સરળ અને ડિજિટલ પ્રક્રિયા: દર્દી પોતાના મોબાઈલમાં જ આભા એપ્લિકેશન ડાઉનલોડ કરીને આખી પ્રક્રિયા જાતે જ ખૂબ સહેલાઈથી કરી શકે છે. ડિજિટલ હેલ્થ રેકોર્ડ (અન્ય ફાયદો): દર્દીના તમામ મેડિકલ રિપોર્ટ્સ અને પ્રિસ્ક્રિપ્શન ડિજિટલી સચવાયેલા રહે છે, જેથી દર વખતે જૂના કાગળો કે ફાઈલો સાથે રાખવાની ઝંઝટ રહેતી નથી. આભા (ABHA) સિસ્ટમથી દર્દીઓને થતા ફાયદાઓ લાંબી લાઈનોમાંથી મુક્તિ: ઓ.પી.ડી. (OPD) કેસ બારી પર કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવાની જરૂર પડતી નથી. ઝડપી કેસ રજીસ્ટ્રેશન: હોસ્પિટલની કેસ બારી પાસે રાખેલા QR Code ને મોબાઈલ એપથી સ્કેન કરીને સેકન્ડોમાં ડાયરેક્ટ ટોકન મેળવી શકાય છે. સમયની બચત: ટોકન નંબર સીધો જ જનરેટ થઈ જતો હોવાથી દર્દીઓનો કિંમતી સમય બચે છે અને ઝડપથી ડોક્ટર પાસે ચેકઅપ કરાવી શકાય છે. સરળ અને ડિજિટલ પ્રક્રિયા: દર્દી પોતાના મોબાઈલમાં જ આભા એપ્લિકેશન ડાઉનલોડ કરીને આખી પ્રક્રિયા જાતે જ ખૂબ સહેલાઈથી કરી શકે છે. ડિજિટલ હેલ્થ રેકોર્ડ (અન્ય ફાયદો): દર્દીના તમામ મેડિકલ રિપોર્ટ્સ અને પ્રિસ્ક્રિપ્શન ડિજિટલી સચવાયેલા રહે છે, જેથી દર વખતે જૂના કાગળો કે ફાઈલો સાથે રાખવાની ઝંઝટ રહેતી નથી. આભા દ્વારા કેસ કઈ રીતે કાઢવો :- દર્દી પોતાના મોબાઈલથી આભા એપ્લિકેશન ડાઉનલોડ કરીને O.P.D. કેસબારી પાસે QR Code ના સ્ટેન્ડ રાખેલા હોય છે જેમાં QR Code સ્કેન કરીને ડાયરેક્ટ આભા કેસબારી માં જઈને ટોકન નંબર બતાવે એટલે કેસ નીકળી જાય છે.

# પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે જિલ્લાકક્ષાની મુખ્ય ઉજવણી

પાલનપુર | વિકસિત ભારત સંકલ્પ અંતર્ગત રાજ્યભરમાં વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લામાં આગામી ૨૧મી જૂન, ૨૦૨૬ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન કરાશે. બનાસકાંઠા જિલ્લામાં મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી અને રાજ્યસભાના સાંસદ શ્રી બાબુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ પાલનપુર ખાતે જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી કરાશે. આ આયોજનને આખરી ઓપ આપવા અને કાર્યક્રમને સર્વાંગી રીતે સફળ બનાવવા માટે બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને પાલનપુર કલેક્ટર કચેરી ખાતે સંબંધિત ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઈ હતી.

# મંત્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અંબાજી ખાતે જન કલ્યાણ શિબિર યોજાઈ

પાલનપુર | વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે '૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન વિવિધ જનકલ્યાણલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાનના ભાગરૂપે અંબાજી ગ્રામ પંચાયત સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પ્રભારી મંત્રીશ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૨૫ વર્ષ દરમિયાન ગુજરાતના વિકાસને નવી દિશા મળી છે. સમાજના છેવાડાના વ્યક્તિ સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચે તે માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. એક સમય એવો હતો જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં વીજળી સહિતની પાયાની સુવિધાઓનો અભાવ હતો, પરંતુ જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડાંઓમાં ૨૪ કલાક વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. સાથે જ ૧૦૮ ઈમરજન્સી સેવા જેવી વ્યવસ્થાઓએ આરોગ્યક્ષેત્રે નાગરિકોને સમયસર સારવાર ઉપલબ્ધ કરાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સેવા અને સદાવ્રતની પરંપરા ધરાવતી ધરતી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં કોરોના મહામારી દરમિયાન કેન્દ્ર સરકારે અન્ન સુરક્ષા યોજના હેઠળ દેશના કરોડો નાગરિકોને મફત અનાજ પહોંચાડીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આજે પણ દેશના આશરે ૮૧ કરોડ લોકોને દર મહિને મફત રાશન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. ઉજ્જવલા યોજના હેઠળ ૧૧ કરોડથી વધુ ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, જ્યારે આયુષ્માન ભારત યોજના દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને રૂ. ૧૦ લાખ સુધીની મફત આરોગ્યસેવાની સુવિધા ઉપલબ્ધ થઈ છે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય પરિવારમાંથી ઊભરીને દેશના સર્વોચ્ચ પદ સુધીની યાત્રા કરી છે.

# કમિશનરશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ શહેરમાં મુરલીધર પ્રાથમિક શાળાના બાળકો માટે ફાયર સેફ્ટી મોકડ્રિલ કાર્યક્રમ યોજાયો.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૮. મહાનગરપાલિકા, જૂનાગઢના મ્યુનિસિપલ કમિશનરશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ, મહાનગરપાલિકા ની ફાયર શાખા દ્વારા દાતાર રોડ સ્થિત મુરલીધર પ્રાથમિક શાળા ખાતે વિશેષ 'બેસિક ફાયર ઈન્ડક્શન તાલીમ' કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો. મુરલીધર પ્રાથમિક શાળાના બાળકો અને શૈક્ષણિક સ્ટાફ આપત્તિના સમયે સુરક્ષિત રહી શકે તેવા ઉદ્દેશ્ય સાથે કમિશનરશ્રી પ્રભવ જોષીના નેતૃત્વમાં આ જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.આ તાલીમ અંતર્ગત જૂનાગઢ મહાનગરપાલિકાની ફાયર શાખાના જવાનો અને અધિકારીઓ દ્વારા હાજર દરેક વ્યક્તિને ફાયર સેફ્ટી સિસ્ટમની વિસ્તૃત જાણકારી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આગ વિશે જાગૃતિ જેવી વિવિધ આપત્તિઓ દરમિયાન અપનાવવાના મહત્વપૂર્ણ સુરક્ષા પગલાંઓ અને આપત્તિ પ્રતિસાદ માટેની આધુનિક તકનીકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ફાયર શાખાની ટીમ દ્વારા સૈદ્ધાંતિક માહિતીની સાથે-સાથે શાળાના પટાંગણમાં જ પ્રાયોગિક નિદર્શન પણ કરવામાં આવ્યું હતું, જેમાં આગ બુઝાવવાના સાધનોનો લાઈવ ઉપયોગ કરીને કટોકટીના સમયે ત્વરિત પ્રતિસાદ આપવાની તકનીકો શીખવવામાં આવી હતી.માન. કમિશનરશ્રીની આ સુરક્ષાલક્ષી પહેલ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં શાળાના આશરે ૬૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦ જેટલા શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લઈ અગ્નિશમનની પાયાની તાલીમ મેળવી હતી. ભવિષ્યની સુરક્ષા માટે અત્યંત ઉપયોગી એવી આ તાલીમ બદલ મુરલીધર પ્રાથમિક શાળા દ્વારા માન. કમિશનરશ્રી પ્રભવ જોષી તેમજ જૂનાગઢ મહાનગરપાલિકાની ફાયર શાખાની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે 'બાયોફર્ટીલાઈઝર પ્રોડક્શન યુનિટ'નું ઉદ્ઘાટન કરાયું

પાલનપુર | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની બેઝિક સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝ મહાવિદ્યાલયના માઈક્રોબાયોલોજી વિભાગ ખાતે 'બાયોફર્ટીલાઈઝર પ્રોડક્શન યુનિટ'નું કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીના વરદ હસ્તે વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ગરિમામય પ્રસંગે મહાવિદ્યાલયના આચાર્ય અને સંશોધન નિયામક ડૉ. એચ. એસ. ભદૌરિયા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી. એસ. પટેલ, કુલસચિવ ડૉ. પી. ટી. પટેલ, હિસાબ નિયામક ડૉ. એસ. કે. શાહ, કાર્યપાલક ઈજનેર ડૉ. આલોક ગોરા તેમજ અન્ય મહાવિદ્યાલયોના આચાર્યશ્રીઓ અને વિવિધ સંશોધન કેન્દ્રોના વડાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડૉ. આબિદઅલી ભગતે ઉપસ્થિત મહાનુભાવોને બાયોફર્ટીલાઈઝરના ઉત્પાદનના વિવિધ તબક્કાઓ તેમજ તેના વપરાશની વૈજ્ઞાનિક પદ્ધતિઓથી વિગતવાર વાકેફ કર્યા હતા. આ અવસરે સંબોધન કરતા માનનીય કુલપતિ ડૉ. એસ. ડી. સોલંકીએ આશા વ્યક્ત કરી હતી કે, યુનિવર્સિટી દ્વારા ઉત્પાદિત પ્રવાહી બાયોફર્ટીલાઈઝરના ઉપયોગથી વિવિધ સંશોધન કેન્દ્રો અને ખેડૂતોની રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા ઘટશે.

# અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામમાં સિંહ દ્વારા યુવકને ફાડી ખાવાના અત્યંત ગંભીર મામલે

રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કોવાયા ગામમાં સિંહ દ્વારા યુવકને ફાડી ખાવાના અત્યંત ગંભીર મામલે વન વિભાગે મોટું મેગા ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું છે. ગુજરાતની આ સંભવિત પ્રથમ એવી ઘટના છે, જેમાં સિંહોએ યુવકનો શિકાર કર્યો હોય અને માત્ર માથું (ખોપરી) જ મળી આવ્યું હોય.

આ ચકચારી મામલો રાજ્ય સરકાર સુધી પહોંચતા કેબિનેટ વનપ્રધાન અર્જુન મોઢવાડિયાએ તાત્કાલિક કડક પગલાં લેવાની સૂચના આપી હતી. જેના પગલે DCF ચિરાગ અમીને વહેલી સવારથી જ ગ્રાઉન્ડ પર સતત મોનિટરિંગ શરૂ કર્યું હતું. ACF વિરલસિંહ ચાવડાની ટીમ દ્વારા હાથ ધરાયેલા આ મેગા ઓપરેશનમાં વન વિભાગને મોટી સફળતા મળી છે.

ઘટનાસ્થળે મૃતકની બાજુમાં જ ૪ સિંહો શંકાસ્પદ



હાલતમાં ઘૂમતા હોવાથી વન વિભાગે તમામને રેસ્ક્યુ કર્યા છે. પહેલા ૨ સિંહો અને ત્યારબાદ વધુ ૨ સિંહોને પાંજરે પૂરવામાં આવ્યા છે, આમ કુલ ૪ સિંહોને પાંજરે પૂરી દેવાયા છે. હાલ વન વિભાગ દ્વારા તમામ સિંહોના સેમ્પલ લેવામાં આવ્યા છે, જેનો લેબોરેટરી રિપોર્ટ આવ્યા બાદ જ કયો સિંહ માનવભક્ષી બન્યો છે તે સત્તાવાર રીતે નક્કી કરવામાં આવશે.

# બોલિવૂડનો લાડલો ઓરી એક રીલના ₹76 લાખ લે છે!

## પાર્ટી માટે ₹15થી 25 લાખનો ભાવ ફિક્સ, ઇન્ફ્લુએન્સરે કહ્યું- પૈસા ફેંકો એટલે હું તમારો






(એજન્સી) મુંબઇ | તા 18


સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઓરી, જેનું સાચું નામ ઓરહાન અવત્રામણી છે, લાંબા સમયથી તેની કમાણી અને પ્રોફેશનને લઈને ચર્ચામાં રહે છે. હવે તેણે પોતે આ વાતનો ખુલાસો કર્યો છે કે તે પૈસા કેવી રીતે કમાય છે. એક પોડકાસ્ટમાં ઓરીએ જણાવ્યું કે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ અને સ્પોન્સર્ડ કન્ટેન્ટ તેની કમાણીનો મોટો હિસ્સો છે.

એક રીલ માટે 76 લાખ રૂપિયા સુધી તે પેમેન્ટ લે છે. ઉપરાંત, ઓરી પ્રાઈવેટ ઈવેન્ટ્સમાં હાજરી આપવા માટે પણ મોટી ફી વસૂલે છે. તેણે તેના બિઝનેસ મોડેલ અને પર્સનલ ફાઈનાન્સ મેનેજમેન્ટ સંબંધિત ઘણી વાતો શેર કરી છે. ઓરી પહેલીવાર અંબાણી પરિવારના કાર્યક્રમોમાં હાજરી આપીને ચર્ચામાં આવ્યો હતો.

ઓરીએ કે કે ક્રિએશન સાથેના પોતાના પોડકાસ્ટમાં જણાવ્યું કે કોઈ પણ વ્યક્તિ તેની પ્રાઈવેટ ઈવેન્ટ માટે હાયર કરી શકે છે. તેમાં લગ્ન, જન્મદિવસ, લંચ કે ડિનર જેવા ઈવેન્ટ્સ સામેલ છે. ઓરીના મતે, આ ઈવેન્ટ્સમાં સામેલ થવા માટે તે 15 લાખથી લઈને 25 લાખ રૂપિયા સુધીની ફી ચાર્જ કરે છે. તેણે તેને 'ખરીદી શકાય તેવા અનુભવ' તરીકે વ્યાખ્યાયિત કર્યો. ઓરીએ કહ્યું કે આટલા પૈસામાં તે તે વ્યક્તિ સાથે ભળી જશે, સ્પિચ આપશે અને પરિવાર સાથે સમય પણ વિતાવશે.

પોડકાસ્ટ દરમિયાન ઓરીએ પોતાના સિગ્નેચર પોઝનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેણે દાવો કર્યો હતો કે ભારતમાં શાહરુખ ખાન સિવાય તે એકમાત્ર એવી વ્યક્તિ છે, જે પોતાના સિગ્નેચર પોઝ માટે જાણીતો છે. ઓરી અવારનવાર બોલિવૂડ સ્ટાર્સ સાથે ફોટો પડાવે છે, જેમાં તેનો હાથ સામેવાળા સેલિબ્રિટીની ચેસ્ટ પર હોય છે.








### માતા-પિતા ઓરીના પૈસા સંભાળે છે

સફળ પર્સનલ બ્રાન્ડ બનાવ્યા હોવા છતાં, ઓરીએ જણાવ્યું કે તે આજે પણ પોતાની કમાણીનું મેનેજમેન્ટ જાતે કરતો નથી. તેણે કહ્યું કે તેમના માતા-પિતા જ તેના પૈસા સંભાળે છે અને તેને નથી લાગતું કે ભવિષ્યમાં તેમાં કોઈ ફેરફાર આવશે. ઓરીનું માનવું છે કે તેઓ આ મામલે પોતાના માતા-પિતા પર જ નિર્ભર રહેશે. તેના આ જવાબથી લોકોને આશ્ચર્ય થયું, કારણ કે તેઓ તેની લક્ઝરી લાઈફસ્ટાઈલ માટે ખૂબ જ ચર્ચિત રહે છે.

ઓરીને પહેલીવાર અંબાણી પરિવારના કાર્યક્રમો અને બોલિવૂડ હસ્તીઓ સાથે વેકેશન્સ પર સ્પોટ કરવામાં આવ્યો હતો. ઈન્સ્ટાગ્રામ પર તેમના 2.5 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. તે અવારનવાર જાહ્નવી કપૂર, ખુશી કપૂર અને ઈન્ડસ્ટ્રીના અન્ય મોટા સિતારાઓ સાથે જોવા મળે છે. ઓરીએ અત્યાર સુધી બોલિવૂડના ઘણા હાઈ-પ્રોફાઈલ ઈવેન્ટ્સમાં પોતાની હાજરીથી એક ખાસ જગ્યા બનાવી લીધી છે. તે અવારનવાર પોતાના ક્રિપ્ટિક જવાબોને કારણે પણ ચર્ચામાં રહે છે.









# તમિલનાડુના CM વિજયને મળી સામંથા

## મને પહેલેથી ખબર હતી કે તેઓ કંઈક મોટું કરવાના છે; બંને 3 બ્લોકબસ્ટર ફિલ્મોમાં સાથે કામ કર્યું છે

(એજન્સી) મુંબઇ | તા 18



સામંથા રૂથપ્રભુએ તાજેતરમાં તમિલનાડુના મુખ્યમંત્રી અને એક્ટર થલપતિ વિજયને ચેન્નઈમાં મળ્યા છે. આ ખાસ મુલાકાતની તસવીરો પોસ્ટ કરીને સામંથાએ વિજયના ખૂબ વખાણ કર્યા છે. સામંથાએ ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી તસવીરો પોસ્ટ કરીને લખ્યું છે, 'જ્યારે હું આજે ચેન્નઈ પહોંચી, ત્યારે મને ખૂબ આનંદ થયો, કારણ કે હું અમારા મુખ્યમંત્રીને મળવા જઈ રહી હતી. મને હંમેશા લાગતું હતું કે વિજય સર માત્ર પડદા પર હીરો બનવા માટે નથી બન્યા. તેમની ઉર્જા, તેમની હાજરી અને લોકોનો તેમના પ્રત્યેનો પ્રેમ હંમેશા એવો અહેસાસ કરાવતો હતો કે તેમનો હેતુ આનાથી પણ મોટો છે.'

આગળ તેણે લખ્યું, 'મને સૌથી વધુ જે વાતથી પ્રેરણા મળે છે, તે છે એક બિલકુલ નવા ક્ષેત્રમાં પગ મૂકવાનું સાહસ. એવી જગ્યાએ જવું, જ્યાં દાવ ક્યાંય વધુ મોટા હોય, જ્યારે તમે પહેલાથી જ તમારા જૂના ક્ષેત્રમાં સફળતા મેળવી ચૂક્યા હો. આ નિર્ણય એટલા માટે લેવામાં આવતો નથી કારણ કે તે સરળ છે, પરંતુ એટલા માટે કારણ કે તમને વિશ્વાસ હોય છે કે તમે બદલાવ લાવી શકો છો.'

'મારું માનવું છે કે જીવનમાં ક્યારેક ને ક્યારેક આપણા બધાની સામે એવી તક આવે છે, જ્યારે આપણે પોતાથી આગળ વધીને વિચારવું પડે છે અને આ સવાલ પૂછવો પડે છે કે આપણે સમાજ માટે શું યોગદાન આપી શકીએ છીએ. પરંતુ બહુ ઓછા લોકો તે પુકારનો જવાબ આપે છે.'

સામંથાએ લખ્યું, 'મને લાગે છે કે વિજય સર તે લોકોને પણ આશ્ચર્યચકિત કરી દેશે, જેઓ પહેલાથી જ તેમના પર ભરોસો કરે છે. તેનું કારણ તેમનું પદ નથી, પરંતુ તે નિયત છે જેની સાથે તે પોતાની જવાબદારી નિભાવે છે. હું તેમના માટે શક્તિ, સમજદારી અને પોતાના રસ્તા પર અડગ રહેવાની હિંમતની કામના કરું છું. અને દરેક યુવા માટે આ એક યાદ અપાવનારી વાત છે કે જીવન તે સપનાથી ક્યાંય મોટું હોઈ શકે છે, જેનાથી તમે શરૂઆત કરી હતી.'

**આ 3 બ્લોકબસ્ટર ફિલ્મોમાં જોવા મળી વિજય-સામંથાની જોડી-**

કથી (2014): એઆર મુરુગાદોસ દ્વારા નિર્દેશિત આ એક્શન-ડ્રામા ફિલ્મમાં વિજયે ડબલ રોલ ભજવ્યો હતો અને સામંથા તેની લીડ એક્ટ્રેસ હતી.

થેરી (2016): એટલી દ્વારા નિર્દેશિત આ એક મોટી એક્શન-થ્રિલર ફિલ્મ હતી, જે બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર સાબિત થઈ.

મેર્સલ (2017): આ એક સુપરહિટ ડ્રામા ફિલ્મ હતી જેમાં આ બંનેની જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી.

# બીમાર ફેનને મળીને પવન કલ્યાણ રડી પડ્યા...

## સારવાર માટે 1 લાખ રૂપિયા પણ આપ્યા; માનહાનિના કેસમાં કોર્ટે પક્ષમાં આદેશ આપ્યો



(એજન્સી) મુંબઇ | તા 18

આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી અને સાઉથ એક્ટર પવન કલ્યાણ એ દુર્લભ બીમારીથી પીડાઈ રહેલા એક નાના ફેનને મળ્યા. આ મુલાકાત પહેલાં પવન કલ્યાણ મંદિરે જઈને તેમના માટે પોતે થાળ લઈને આવ્યા. પથારીમાં સૂતેલા બીમાર ફેનને જોઈને પવન ભાવુક થઈ ગયા અને તેને ગળે લગાડીને રડી પડ્યા. તેણે તે ફેનના પરિવારને આર્થિક મદદ પણ આપી છે.

પવન કલ્યાણે સોશિયલ મીડિયા દ્વારા જણાવ્યું છે કે તેમણે તાજેતરમાં વારંગલ જિલ્લાના હનમકોંડાના રહેવાસી નિરંજનનો એક વીડિયો જોયો હતો. નિરંજન એક દુર્લભ બીમારીથી પીડાઈ રહ્યો છે, જે પવન કલ્યાણનો મોટો ફેન છે. તેણે પવન કલ્યાણને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

આ અંગે પવન કલ્યાણે લખ્યું, 'મને લાગ્યું કે તેમની આ ઈચ્છા ચોક્કસ પૂરી થવી જોઈએ. આજે હું તેના ઘરે હનમકોંડા પહોંચ્યો અને તેને મળ્યો. નિરંજનની હિંમત, આત્મવિશ્વાસ અને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવાનો તેનો જુસ્સો ખરેખર પ્રેરણાદાયક છે. આટલી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ હોવા છતાં તેનો મજબૂત જુસ્સો પ્રશંસનીય છે.'


# રામચરણની નવી ફિલ્મ 'RC17' મોડી રિલીઝ થશે

## પુષ્પા ફ્રેન્ચાઈઝના ડિરેક્ટર સુકુમાર સ્ક્રિનપ્લે પર કામ કરી રહ્યા છે, એક્ટરને આરામ માટે વધારાનો સમય મળ્યો

મુંબઈ | સુપરસ્ટાર રામ ચરણ આ દિવસોમાં ફિલ્મ 'પેદ્દી'ની સફળતાની ઉજવણી કરી રહ્યા છે. 4 જૂને રિલીઝ થયેલી આ ફિલ્મ વિશ્વ સ્તરે 300 કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કરી ચૂકી છે. હવે તે ફિલ્મ 'RC17'માં જોવા મળશે. જેનું નિર્દેશન અલ્લુ અર્જુનની 'પુષ્પા ફ્રેન્ચાઈઝના નિર્દેશક' સુકુમાર કરશે.

ફિલ્મની પટકથા પર હજુ પણ કામ ચાલી રહ્યું છે. તેથી, તેને ફિલ્મ બનાવવા માટે સમય જોઈએ છે. રિપોર્ટ્સ અનુસાર 'RC17'ને સેટ પર લઈ જવા માટે સુકુમારને હજુ થોડો સમય જોઈશે. તે પટકથાના દરેક પાસાને બારીકાઈથી સુધારી રહ્યા છે. આ પ્રક્રિયામાં કોઈ ઉતાવળ કરવા માંગતા નથી. કહેવામાં આવી રહ્યું છે કે તેઓ પ્રોજેક્ટના આગલા તબક્કાની જાહેરાત કરતા પહેલા વાર્તાને સંપૂર્ણપણે તૈયાર કરવા માંગે છે.' RC17 ના વિલંબથી રામને સ્વાસ્થ્યની દ્રષ્ટિએ ફાયદો થઈ શકે છે. અહેવાલો અનુસાર, એક્ટર કાંડાની ઈજાથી પીડાઈ રહ્યો છે અને હાલમાં પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખી રહ્યો છે.

આ વધારાનો સમય તેને કોઈ અન્ય મોટી ફિલ્મ પર કામ શરૂ કરતા પહેલાં સંપૂર્ણપણે સ્વસ્થ થવામાં મદદ કરી શકે છે.



# '10-15 કરોડમાં દુબઈના શેખ સાથે સૂવાનું વિચારી શકું!'

(એજન્સી) મુંબઈ | તા 18

ઈન્ડિયા ગોટ લેટેન્ટથી વિવાદોમાં રહી ચૂકેલી અપૂર્વા માખિજા ફરી એકવાર વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. તાજેતરમાં તેનો એક જૂનો વીડિયો કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર ફરીથી વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેણે કહ્યું છે કે, હું 2 રૂપિયાના રોલ માટે કોઈની સાથે સૂતી નથી, હા જો દુબઈનો કોઈ શેખ મારા પર 10-15 કરોડ ફેંકીને મારે તો કદાચ હું આ વિશે વિચારીશ.

તેનો વીડિયો વાઈરલ થયા પછી કેટલાક ટ્રોલર્સે તેને અલગ-અલગ રેટ ઓફર કરવાનું શરૂ કરી દીધું, જેના પર ઈન્ફ્લુએન્સર ભડકી ગયા. અપૂર્વાએ આવા જ 12 હજાર ઓફર કરી રહેલા એક વ્યક્તિની કંપનીમાં જ તેની ફરિયાદ કરી દીધી છે. જેના પછી કથિત રીતે તે વ્યક્તિને તેની માફી માંગવી પડી છે.

અપૂર્વાએ વાંધાજનક કમેન્ટ કરનાર વ્યક્તિ પ્રશાંત વિશે તપાસ કરી તો સામે આવ્યું કે તે વ્યક્તિ પ્રોડક્શન હાઉસ DNEGમાં ગ્રાફિક્સ ડિઝાઈનર તરીકે કામ કરે છે. અપૂર્વાએ તે કંપનીને મેન્શન કરતા ઘટનાની જાણકારી આપી, જેના પછી પ્રોડક્શન હાઉસ તરફથી જવાબ આવ્યો કે તે આવા વ્યક્તિની સખત નિંદા કરે છે, જોકે 2024થી તે છોકરો તેની સાથે કામ કરવાનું બંધ કરી ચૂક્યો છે.

વધુ માહિતી એકત્ર કરતાં સામે આવ્યું કે તે પ્રશાંત ILM VFX માં કામ કરે છે. અપૂર્વાએ તે કંપનીને ટેગ કરીને લખ્યું, તમારી કંપનીનો કર્મચારી સ્ત્રીઓ માટે અપશબ્દો બોલે છે, શું આ યોગ્ય છે? જોકે, અત્યાર સુધી તેને આ કંપની તરફથી કોઈ જવાબ મળ્યો નથી.

અપૂર્વા માખિજાએ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટોરી સેક્શનમાંથી તે વ્યક્તિ દ્વારા મોકલવામાં આવેલા મેસેજનો સ્ક્રીનશોટ શેર કર્યો છે. અપૂર્વાએ છેલ્લી વાતચીત કરતા કહ્યું, "હું તારી સાથે કામ કરનારાઓને શોધી કાઢીશ અને તેમને વ્યક્તિગત રીતે મેસેજ કરીશ." આગળ તેણે લખ્યું - 'તેં કહ્યું કે તું મને 12 હજારમાં ખરીદી લઈશ. હું જોવા માંગીશ કે તું આ કેવી રીતે કરે છે.'જવાબમાં તે વ્યક્તિએ કહ્યું - 'શું તારી પાસે એટલો સમય છે?'

અપૂર્વાએ કહ્યું - 'હા.'





**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

# એશિયન ગેમ્સ માટે ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમર સજ્જ

**● એશિયન ગેમ્સ ૨૦૨૬ માં મેડલની આશા, રાઈફલ શૂટિંગમાં ભારતનું મજબૂત નામ**



(એજન્સી) નવી દિલ્હી । તા. 18

જાપાનના આઈચી-નાગોયા ખાતે ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન યોજાનારી એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે ભારતના સ્ટાર રાઈફલ શૂટર ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમર સંપૂર્ણપણે તૈયાર છે. બે વખત ઓલિમ્પિકમાં ભાગ લઈ ચૂકેલા ઐશ્વર્ય પોતાની તૈયારી અને આત્મવિશ્વાસના જોરે મેડલ જીતવા માટે આશાવાદી છે.

## તૈયારી અને પ્રક્રિયા પર વિશેષ ભાર

૨૫ વર્ષીય મધ્યપ્રદેશના આ શૂટરનું માનવું છે કે સ્પર્ધા કેટલી મોટી છે અથવા વિરોધી કેટલા મજબૂત છે તેના કરતાં પોતાની તૈયારી અને પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ જરૂરી છે. એક મીડિયા અહેવાલ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, "હું હંમેશા મારા પોતાના પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરું છું. હું મારી તાલીમમાં કોઈ કચાશ રાખતો નથી અને દરેક સ્પર્ધામાં સુધારો કરવા માટે તૈયાર રહું છું. જો હું મારી ટેકનિક પર યોગ્ય રીતે અમલ કરી શકું, તો ચોક્કસપણે ભારત માટે મેડલ જીતી શકું છું."

## અનુભવથી વધુ પરિપક્વ શૂટર

ટોક્યો ૨૦૨૦ અને પેરિસ ૨૦૨૪ ઓલિમ્પિકના અનુભવોએ ઐશ્વર્યને એક વધુ સંપૂર્ણ શૂટર બનાવ્યા છે. તેમણે કહ્યું કે, "જ્યારે હું ભૂતકાળના ઓલિમ્પિક પ્રદર્શનો પર નજર નાખું છું, ત્યારે મને સ્પષ્ટપણે દેખાય છે કે મેં કેટલો સુધારો કર્યો છે. મારા પરિણામોમાં સાતત્ય આવ્યું છે અને આ અનુભવો હવે મને વિશ્વના શ્રેષ્ઠ શૂટર્સમાં સ્થાન અપાવે છે." ૨૦૨૩થી અત્યાર સુધીમાં એશિયન ચેમ્પિયનશિપમાં પાંચ સુવર્ણ ચંદ્રક જીતવા એ તેમની અસાધારણ ફોર્મની સાબિતી છે.

# મનપ્રીત સિંહ ભારતીય હોકીના સૌથી વધુ મેચ રમતા ખેલાડી



(એજન્સી) નવી દિલ્હી । તા. 18


ભારતીય હોકી માટે આજે ગર્વનો દિવસ છે. આધુનિક હોકીના દિગ્ગજ મિડફિલ્ડર મનપ્રીત સિંહે આંતરરાષ્ટ્રીય હોકીમાં એક નવો વિક્રમ સ્થાપ્યો છે. રોટરડેમ ખાતે જર્મની સામે રમાયેલી એફઆઈએચ હોકી પ્રો લીગની મેચમાં ઉતરતાની સાથે જ મનપ્રીત સિંહ ભારત માટે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મેચો રમનાર ખેલાડી બની ગયા છે. તેમણે કુલ ૪૧૩મી મેચ રમીને પૂર્વ દિગ્ગજ ખેલાડી અને હાલના હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ તિર્કીનો ૪૧૨ મેચનો રેકોર્ડ તોડ્યો છે. વર્ષ ૨૦૧૧માં માત્ર ૧૯ વર્ષની ઉંમરે સિનિયર ટીમમાં પદાર્પણ કરનાર મનપ્રીત સિંહ છેલ્લા દોઢ દાયકાથી ભારતીય હોકીની ઓળખ રહ્યા છે. મિડફિલ્ડમાં એક 'એન્જિન' તરીકે કામ કરતા મનપ્રીતે અનેક દબાણભરી સ્થિતિઓમાં ટીમને જીત અપાવી છે. તેમની સાતત્યપૂર્ણ રમત અને નેતૃત્વ ક્ષમતાને કારણે જ ભારત આજે વિશ્વ હોકીના મંચ પર ફરીથી મજબૂત રીતે ઉભરી આવ્યું છે. આ સિદ્ધિ બદલ હોકી ઈન્ડિયાએ તેમને ૧૦ લાખ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરી છે.

૪૧૩ આંતરરાષ્ટ્રીય મેચો સાથે મનપ્રીત સિંહ હવે વિશ્વના સૌથી વધુ મેચ રમનાર ખેલાડીઓની યાદીમાં પાંચમા ક્રમે આવી ગયા છે. હાલના સમયમાં, તે વિશ્વ હોકીમાં ૪૦૦થી વધુ કેપ્સ ધરાવતા એકમાત્ર સક્રિય ખેલાડી છે, જે તેમની ફિટનેસ અને રમત પ્રત્યેની નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ છે.

પોતાની લાંબી કારકિર્દી દરમિયાન મનપ્રીતે લંડન ઓલિમ્પિકથી લઈને ટોક્યો અને પેરિસ ઓલિમ્પિકમાં સતત બે વખત બ્રોન્ઝ મેડલ જીતવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. ૨૦૧૪ અને ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ તેમજ એશિયા કપ અને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં અનેક સફળતાઓમાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. તેમના અસાધારણ પ્રદર્શન બદલ તેમને ૨૦૧૮માં અર્જુન એવોર્ડ અને ૨૦૨૧માં મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પોતાની આ સફળતા વિશે વાત કરતા મનપ્રીત સિંહે કહ્યું, "ભારત માટે આટલી બધી મેચો રમવી મારા માટે ગર્વની વાત છે.

# કપિલ દેવની એ ઐતિહાસિક 175 રનની યાદગાર ઈનિંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 18



ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં ૧૮ જૂનનો દિવસ એક સુવર્ણ અક્ષરે લખાયેલો છે. આજના દિવસે, ૪૩ વર્ષ પહેલાં, ૧૯૮૩ના એકદિવસીય વિશ્વકપ દરમિયાન ઝિમ્બાબ્વે સામેના મુકાબલામાં તત્કાલીન ભારતીય કેપ્ટન કપિલ દેવે અણનમ ૧૭૫ રનની એવી ઈનિંગ રમી હતી, જેને ક્રિકેટ જગત આજે પણ યાદ કરે છે. આ એક એવી ઈનિંગ હતી જેણે માત્ર તે મેચ જ નહીં, પરંતુ ભારતીય ટીમની આખી વિશ્વકપ સફરની દિશા બદલી નાખી હતી.

## શરૂઆતની આફત અને કપિલનો સંઘર્ષ

ઈંગ્લેન્ડના ટનબ્રિજ વેલ્સ ખાતે રમાયેલી આ મહત્વપૂર્ણ મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જોકે, ટીમ ઈન્ડિયાની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. માત્ર ૧૭ રનના સ્કોર પર ભારતે પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. સુનીલ ગાવસ્કર અને કે. શ્રીકાંત જેવા દિગ્ગજ ખેલાડીઓ ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન ભેગા થઈ ગયા હતા. મોહિન્દર અમરનાથ, સંદીપ પાટીલ અને યશપાલ શર્મા પણ કંઈ ખાસ કરી શક્યા ન હતા. ટીમ અત્યંત મુશ્કેલીમાં હતી અને હાર સ્પષ્ટ જણાતી હતી. છઠ્ઠા ક્રમે બેટિંગ કરવા ઉતરેલા કેપ્ટન કપિલ દેવે મોરચો સંભાળ્યો હતો. તેમણે એકલા હાથે રમતનું નિયંત્રણ હાથમાં લીધું અને પૂંછડિયા બેટ્સમેનો સાથે મળીને મહત્વની ભાગીદારી કરી હતી. રોજર બિન્ની, મદનલાલ અને સૈયદ કિરમાણી સાથે મળીને કપિલ દેવે સ્કોરને સન્માનજનક સ્થિતિ સુધી પહોંચાડ્યો હતો. કપિલે આક્રમકતાનો પરચો આપતા ૧૩૮ બોલમાં ૧૬ ચોગ્ગા અને ૬ છગ્ગાની મદદથી અણનમ ૧૭૫ રન ફટકાર્યા હતા. આ ઈનિંગના સહારે ભારત ૧૭/૫ના સ્કોર પરથી ૧૭૫ રનના કપિલના યોગદાન સાથે ૬૦ ઓવરમાં ૨૬૬/૮ સુધી પહોંચવામાં સફળ રહ્યું હતું. આજે ૪૩ વર્ષ પછી પણ કપિલ દેવની એ ઈનિંગની ચર્ચા પેઢીઓ સુધી થતી રહેશે. આ ઈનિંગ માત્ર રનનો આંકડો નથી, પરંતુ તે ભારતીય ક્રિકેટના સંઘર્ષ અને વિજયની ગાથાનું પ્રતીક છે.

### ઐતિહાસિક વિજય અને વિશ્વકપની શરૂઆત

કપિલ દેવના આ સાહસથી ઉત્સાહિત ભારતીય બોલિંગ આક્રમણે પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ઝિમ્બાબ્વેની ટીમને ૨૩૫ રનમાં ઓલઆઉટ કરીને ભારતે ૩૧ રનથી મહત્વનો વિજય મેળવ્યો હતો. કપિલ દેવને આ મેચના 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ટનબ્રિજ વેલ્સમાં મળેલી આ જીતે ભારતીય ટીમમાં નવો વિશ્વાસ જગાવ્યો હતો. આ તે વિશ્વાસ હતો જેણે ટીમને આત્મવિશ્વાસથી ભરી દીધી હતી અને ઠીક એક અઠવાડિયા પછી, ૨૫ જૂન ૧૯૮૩ના રોજ લોર્ડ્સના મેદાન પર ભારતે વેસ્ટ ઈન્ડિઝને ૪૩ રનથી હરાવીને તેમનો

# ટાઈમની યાદીમાં સ્મૃતિ મંધાના અને ટેમ્બા બાવુમા

(એજન્સી) નવી દિલ્હી । તા. 18



રમતગમતની દુનિયામાં વૈશ્વિક પ્રભાવ પાડનારા દિગ્ગજોની યાદીમાં આ વખતે બે ક્રિકેટરોના નામોએ ચમક્યા છે. ટાઈમ મેગેઝિન દ્વારા જાહેર કરવામાં આવેલી 'ધ ૧૦૦ મોસ્ટ ઈન્ફ્લ્યુએન્શિયલ પીપલ ઈન સ્પોર્ટ્સ ૨૦૨૬' (વિશ્વના ૧૦૦ સૌથી પ્રભાવશાળી રમતવીરો)ની યાદીમાં ભારતની મહિલા ક્રિકેટર સ્મૃતિ મંધાના અને દક્ષિણ આફ્રિકાની ટેસ્ટ ટીમના કેપ્ટન ટેમ્બા બાવુમાનું નામ સામેલ કરવામાં આવ્યું છે. આ યાદીમાં સ્થાન પામનાર આ બંને ખેલાડીઓ એકમાત્ર ક્રિકેટર છે, જે તેમની વૈશ્વિક સ્વીકાર્યતા અને પ્રભાવને દર્શાવે છે.

ટાઈમ મેગેઝિનના સંપાદક ચાર્લી કેમ્પબેલના જણાવ્યા અનુસાર, સ્મૃતિ મંધાનાની કારકિર્દી વિક્રમોથી ભરેલી છે. તેઓ ઘરેલુ વનડેમાં બેવડી સદી ફટકારનાર પ્રથમ ભારતીય મહિલા ક્રિકેટર છે. આ ઉપરાંત, ત્રણેય આંતરરાષ્ટ્રીય ફોર્મેટમાં સદી ફટકારવાનો રેકોર્ડ પણ તેમના નામે છે. તેમણે અત્યાર સુધીમાં ૧૭ આંતરરાષ્ટ્રીય સદીઓ નોંધાવી છે, જે મહિલા ક્રિકેટમાં સૌથી વધુ છે. ૨૦૨૪ અને ૨૦૨૬માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને મહિલા પ્રીમિયર લીગનું ટાઈટલ જીતાડવામાં તેમની ભૂમિકા મહત્વની રહી છે. ૨૦૨૫માં ભારતની મહિલા વિશ્વકપ જીતમાં વાઈસ-કેપ્ટન તરીકે તેમણે નિર્ણાયક યોગદાન આપ્યું હતું.

બીજી તરફ, દક્ષિણ આફ્રિકાના ટેમ્બા બાવુમાનું નામ પણ આ યાદીમાં ગૌરવથી લેવામાં આવ્યું છે. કેમ્પબેલના મતે, બાવુમાએ સામાજિક અને ઐતિહાસિક જવાબદારીઓ સાથે રમતને નવી ઊંચાઈ આપી છે. તેઓ ૨૦૧૬માં ટેસ્ટ સદી ફટકારનાર અને ૨૦૨૧માં રાષ્ટ્રીય ટીમના કેપ્ટન બનનાર પ્રથમ અશ્વેત દક્ષિણ આફ્રિકન ખેલાડી છે. વર્ષ ૨૦૨૫માં તેમના નેતૃત્વ હેઠળ દક્ષિણ આફ્રિકાએ ભારતમાં ઐતિહાસિક ટેસ્ટ સિરીઝ જીતી હતી અને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને હરાવી ટ્રોફી જીતી હતી. ઈજા હોવા છતાં ફાઈનલમાં તેમણે રમેલી ૬૬ રનની ઈનિંગ તેમની લડાયક વૃત્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

# શ્રીહરિ નટરાજે તોડ્યો 50મી બેકસ્ટ્રોકનો રાષ્ટ્રીય રેકોર્ડ



(એજન્સી) અમદાવાદ । તા. 18

અમદાવાદ ખાતે આયોજિત નેશનલ એક્વેટિક્સ ચેમ્પિયનશિપમાં ભારતીય તરવૈયાઓએ રેકોર્ડબ્રેક પ્રદર્શન કર્યું છે. એશિયન મેડલ વિજેતા શ્રીહરિ નટરાજે પુરુષોની ૫૦મી બેકસ્ટ્રોક ઈવેન્ટમાં પોતાનો જ સાત વર્ષ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડીને શાનદાર વિજય મેળવ્યો છે.

૨૫ વર્ષીય શ્રીહરિ નટરાજે બુધવારે સવારની હીટ્સમાં ૨૫.૨૧ સેકન્ડનો સમય નોંધાવીને ૨૦૧૯નો પોતાનો ૨૫.૫૮ સેકન્ડનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડી નાખ્યો હતો. ત્યારબાદ સાંજની ફાઈનલ મેચમાં તેણે ૨૫.૩૨ સેકન્ડના સમય સાથે સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યો હતો. આ પ્રદર્શન સાથે તેણે કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સ માટેની ક્વોલિફિકેશન માર્ક પણ હાંસલ કરી લીધી છે.

ચેમ્પિયનશિપમાં અન્ય તરવૈયાઓએ પણ પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું. મહિલાઓની ૨૦૦મી મેડલી ઈવેન્ટમાં સાનવી દેશવાલે ૨:૧૯.૧૫ ના સમય સાથે નવો રાષ્ટ્રીય વિક્રમ સ્થાપ્યો હતો. તેણે હશિકા રામચંદ્રના ત્રણ વર્ષ જૂના ૨:૨૧.૧૫ ના રેકોર્ડને તોડી નાખ્યો હતો. આ ઉપરાંત, કર્ણાટકના તરવૈયાઓએ ૪x૧૦૦મી ફ્રીસ્ટાઈલ મિક્સ્ડ રિલેમાં પણ નવો રાષ્ટ્રીય વિક્રમ નોંધાવ્યો હતો.

## ચેમ્પિયનશિપના પરિણામો પર એક નજર

પુરુષોની અન્ય ઈવેન્ટ્સમાં જશુઆ થોમસે ૫૦મી ફ્રીસ્ટાઈલ, દનુષ સુરેશે ૧૦૦મી બ્રેસ્ટસ્ટ્રોક અને કર્ણાટકની ટીમે ૪x૨૦૦મી ફ્રીસ્ટાઈલ રિલેમાં સુવર્ણ ચંદ્રક જીત્યા હતા. મહિલા વિભાગમાં ધિનિધિ સિંગુએ ૨૦૦મી ફ્રીસ્ટાઈલ અને સુવાના સી. ભાસ્કરે ૫૦મી બેકસ્ટ્રોકમાં વિજય પ્રાપ્ત કર્યો હતો.

# બંગાળ ટી20 લીગમાં રોયલ્સ પુરુલિયાનો શાનદાર વિજય



(એજન્સી) કોલકાતા । તા. 18

બંગાળ ટી૨૦ લીગમાં બુધવારે રમાયેલી એક રોમાંચક મેચમાં નૌસ રોયલ્સ પુરુલિયાએ સોબિસ્કો સ્મેશર્સ માલદા સામે ૮ રનથી નજીકનો વિજય મેળવ્યો છે. ઈડન ગાર્ડન્સના મેદાન પર રમાયેલી આ મેચમાં યુવરાજ કેસવાનીની આક્રમક બેટિંગ અને મિથિલેશ દાસ તથા પ્રદીપ્તા પ્રામાણિકની ઘાતક બોલિંગે પુરુલિયાને વિજય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ જીત સાથે જ રોયલ્સ પુરુલિયા સેમિફાઈનલમાં પહોંચનારી ત્રીજી ટીમ બની ગઈ છે.

## રોયલ્સ પુરુલિયાની બેટિંગ અને સંઘર્ષ

પ્રથમ બેટિંગ કરતા રોયલ્સ પુરુલિયાની શરૂઆત ખાસ રહી નહોતી. પાવરપ્લેમાં જ ટીમે ૫૩ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી, જેમાં બે વિકેટ સુરજ જયસ્વાલના નામે રહી હતી. ત્યારબાદ યુવરાજ કેસવાનીએ સ્થિતિ મુજબ બેટિંગ કરી હતી. તેણે ૨૮ બોલમાં ૪૦ રનની ઉપયોગી ઈનિંગ રમી, જેમાં ચાર ચોગ્ગા અને એક ગગનચુંબી છગ્ગો સામેલ હતો. નિર્ધારિત ૨૦ ઓવરમાં પુરુલિયાએ ૮ વિકેટના નુકસાને ૧૩૯ રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો. માલદા તરફથી રમેશ પ્રસાદ અને પ્રયાસ રાય બર્મને બે-બે વિકેટ ઝડપી હતી.

## ઘાતક બોલિંગનો જાદુ

૧૪૦ રનના સામાન્ય લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી સોબિસ્કો સ્મેશર્સ માલદાની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. ઓફ-સ્પિનર મિથિલેશ દાસે ચોથી ઓવરમાં જ અખિલ અને અભિમન્યુ ઈશ્વરનને પેવેલિયન ભેગા કરી દીધા હતા. મિથિલેશ દાસે કુલ ત્રણ વિકેટ ઝડપી હતી, જેના માટે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રદીપ્તા પ્રામાણિક અને અન્ય બોલરોએ દબાણ જાળવી રાખતા માલદાની ટીમ નિયમિત અંતરે વિકેટ ગુમાવતી રહી હતી.

## સેમિફાઈનલ તરફ આગેકૂચ

માલદાની ટીમ નિર્ધારિત ઓવરમાં ૮ વિકેટ ગુમાવીને માત્ર ૧૩૧ રન જ બનાવી શકી હતી. આ જીત સાથે રોયલ્સ પુરુલિયાએ આ સિઝનમાં પોતાની ચોથી સફળતા મેળવી છે. માલદા અને શ્રાચી રાઢ ટાઈગર્સ બાદ હવે પુરુલિયા પણ અંતિમ ચારમાં પહોંચી ગઈ છે. બંગાળ ટી૨૦ લીગમાં ટીમો વચ્ચેનો આ જંગ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચ્યો છે, જ્યાં દરેક ટીમ સેમિફાઈનલમાં પોતાની જગ્યા પાકી કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. પુરુલિયાના આ પ્રદર્શને ટીમના ચાહકોમાં ઉત્સાહનો માહોલ પેદા કર્યો છે.

# દીપ્તિ શર્મા બની ભારતની સૌથી વધુ વિકેટ લેનાર બોલર, સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ

## આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો

(એજન્સી) લીડ્સ । તા. 18



ભારતીય મહિલા ક્રિકેટની દિગ્ગજ ખેલાડી દીપ્તિ શર્માએ બુધવારે લીડ્સના હેડિંગલી મેદાન પર એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. મહિલા ટી૨૦ વિશ્વ કપના ગ્રુપ-એ મુકાબલામાં નેધરલેન્ડ સામે રમતી વખતે દીપ્તિએ ડચ ઓપનર ફીબે મોલ્કેનબોઅરને આઉટ કરીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેવાના મામલે પૂર્વ ભારતીય કેપ્ટન ઝુલણ ગોસ્વામીના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. દીપ્તિ શર્મા હવે ઝુલણ ગોસ્વામી સાથે સંયુક્ત રીતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાં ૩૫૫ વિકેટ સાથે ભારતના સૌથી સફળ બોલર બની ગઈ છે. આ સિદ્ધિ મેળવ્યા બાદ દીપ્તિએ વિશ્વ ક્રિકેટમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે લખાવ્યું છે. ઝુલણ ગોસ્વામી જેવા દિગ્ગજ ખેલાડીના વિક્રમની બરાબરી કરવી એ દીપ્તિની લાંબી અને સમર્પિત કારકિર્દીનું પરિણામ છે.

મહિલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલરોની યાદીમાં દીપ્તિ અને ઝુલણ હવે સંયુક્ત રીતે ટોચ પર છે. આ યાદીમાં ઈંગ્લેન્ડની કેથરિન સાયવર-બ્રન્ટ ૩૩૫ વિકેટ સાથે બીજા સ્થાને છે. દીપ્તિ શર્માની બોલિંગમાં રહેલી વિવિધતા અને વિકેટ લેવાની અજોડ ક્ષમતાને કારણે તે આજે આટલી મોટી સિદ્ધિ મેળવી શકી છે. ટી૨૦ વિશ્વ કપના આ ગ્રુપ સ્ટેજની મેચમાં નેધરલેન્ડની બેટરને આઉટ કરીને દીપ્તિએ માત્ર પોતાની વ્યક્તિગત સિદ્ધિ જ નોંધાવી નથી, પરંતુ ભારતીય ટીમને પણ મજબૂત શરૂઆત અપાવી હતી. દીપ્તિની આ સફળતાથી ભારતીય ટીમનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ ચોક્કસપણે વધ્યો છે. દીપ્તિએ જે રીતે પોતાની લય જાળવી રાખી છે, તે જોતા તે આવનારા સમયમાં ભારત માટે આ રેકોર્ડમાં વધુ વિકેટો ઉમેરે તેવી પૂરી સંભાવના છે.

ભારતીય ક્રિકેટ પ્રેમીઓ માટે આ ગર્વની ક્ષણ છે. દીપ્તિ શર્માએ માત્ર બોલિંગથી જ નહીં, પરંતુ ઓલરાઉન્ડર તરીકે પણ અનેક વખત ભારતને જીત અપાવી છે. હવે ક્રિકેટ જગતની નજર દીપ્તિ પર છે, જે હવે ઝુલણ ગોસ્વામીનો રેકોર્ડ તોડીને ભારત તરફથી સૌથી વધુ વિકેટ લેનારી એકમાત્ર મહિલા બોલર બનવા તરફ આગળ વધી રહી છે.

**ટેનિસ // લોસ એન્જલસમાં લેવર કપનો જંગ જામશે, ઈન્ટ્યુઈટ ડોમ બનશે રણમેદાન**

# 2027માં લોસ એન્જલસમાં રમાશે રોમાંચક લેવર કપ

(એજન્સી) લોસ એન્જલસ (અમેરિકા) । તા. 18



ટેનિસ જગતની પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ 'લેવર કપ' વિશે મોટા સમાચાર સામે આવ્યા છે. વર્ષ ૨૦૨૭માં આ રોમાંચક ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન અમેરિકાના લોસ એન્જલસ શહેરમાં કરવામાં આવશે. આયોજકો દ્વારા બુધવારે સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી હતી કે ૨૪ થી ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૭ દરમિયાન વિશ્વના દિગ્ગજ ટેનિસ ખેલાડીઓ અહીં પોતાની રમતનું પ્રદર્શન કરશે.

## ઈન્ટ્યુઈટ ડોમ બનશે યજમાન

આ આકર્ષક સ્પર્ધા માટે લોસ એન્જલસના ઈંગલવૂડ ઉપનગરમાં આવેલ અત્યાધુનિક 'ઈન્ટ્યુઈટ ડોમ' સ્ટેડિયમને પસંદ કરવામાં આવ્યું છે. આ સ્ટેડિયમ એનબીએની લોસ એન્જલસ ક્લિપર્સ ટીમનું હોમ ગ્રાઉન્ડ પણ છે. ઉલ્લેખનીય છે કે, ઈન્ટ્યુઈટ ડોમ અગાઉ ફેબ્રુઆરીમાં એનબીએ ઓલ-સ્ટાર ગેમનું આયોજન કરી ચૂક્યું છે અને વર્ષ ૨૦૨૮માં લોસ એન્જલસ ખાતે યોજાનારી ઓલિમ્પિક રમતો દરમિયાન બાસ્કેટબોલ સ્પર્ધાઓ માટે પણ આ જ સ્થળ મુખ્ય કેન્દ્ર રહેશે.

## ટીમ યુરોપ અને ટીમ વર્લ્ડ વચ્ચે ટક્કર

લેવર કપ એ વાર્ષિક ધોરણે રમાતી પુરુષ ટેનિસ ટુર્નામેન્ટ છે, જેમાં 'ટીમ યુરોપ' અને 'ટીમ વર્લ્ડ' વચ્ચે કાંટાની ટક્કર જોવા મળે છે. અત્યાર સુધીના લેવર કપના ઈતિહાસમાં ટીમ યુરોપ ૫-૩ થી આગળ છે. જોકે, છેલ્લા ચારમાંથી ત્રણ મુકાબલામાં ટીમ વર્લ્ડે જીત મેળવીને પોતાની તાકાત સાબિત કરી છે, જેનાથી આ સ્પર્ધા વધુ રસપ્રદ બની ગઈ છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં લંડન ખાતે યોજાનાર કાર્યક્રમ માટે પણ ખેલાડીઓ અત્યારથી જ ઉત્સાહિત છે, જે એટીપી ટૂર કેલેન્ડરનો એક ભાગ છે.

લેવર કપના મુખ્ય કાર્યકારી અધિકારી સ્ટીવ ઝેક્સે આ જાહેરાત અંગે ઉત્સાહ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "લોસ એન્જલસ એ મોટી રમતગમતની ઘટનાઓ માટે વિશ્વના અગ્રણી સ્થળો પૈકીનું એક છે. અમને નથી લાગતું કે લેવર કપની ૧૦મી આવૃત્તિ યોજવા માટે આનાથી વધુ સારું શહેર કે સ્થળ કોઈ હોઈ શકે."

## ટેનિસ પ્રેમીઓમાં ઉત્સાહ

લોસ એન્જલસમાં આ ટુર્નામેન્ટ યોજાવાથી અમેરિકાના ટેનિસ ચાહકોમાં ખુશીનો માહોલ છે. ઈન્ટ્યુઈટ ડોમમાં વિશ્વના શ્રેષ્ઠ ટેનિસ ખેલાડીઓને રમતા જોવા એ ચાહકો માટે એક યાદગાર અનુભવ બની રહેશે. ૨૦૨૭ની આ ટુર્નામેન્ટ માત્ર એક ખેલ જ નહીં, પરંતુ એક ભવ્ય ઉત્સવ બની રહેશે તેવી આશા સેવવામાં આવી રહી છે. હવે સૌની નજર આ વર્ષે યોજાનારા લેવર કપ પર છે, ત્યારબાદ ટેનિસ જગત લોસ એન્જલસમાં યોજાનારી આ ભવ્ય ઈવેન્ટ માટે સજ્જ થશે.

**3 ભારતીય શટલર્સ પ્રી-ક્વાર્ટરમાં**

# મકાઉ ઓપન બેડમિન્ટનમાં ભારતીય શટલર્સનો દબદબો

(એજન્સી) ચેન્નાઈ । તા. 18

મકાઉમાં રમાઈ રહેલી મકાઉ ઓપન સુપર ૩૦૦ બેડમિન્ટન સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે. મહિલા સિંગલ્સમાં અનમોલ ખરબ સહિત ત્રણ ભારતીય શટલર્સે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. યુવા ખેલાડીઓએ પોતાના ફોર્મને જાળવી રાખીને આ મહત્વપૂર્ણ સિદ્ધિ મેળવી છે.

## મહિલા સિંગલ્સમાં ભારતની સફળતા

ડેનમાર્ક ચેલેન્જમાં ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચેલી આઠમી સીડ અનમોલ ખરબે ઈન્ડોનેશિયાની મુતિયારા આયુ પુસ્પિતાસારીને ૪૨ મિનિટ સુધી ચાલેલી મેચમાં ૨૧-૧૩, ૨૧-૧૬ થી પરાજય આપીને આગેકૂચ કરી છે. હવે આગામી રાઉન્ડમાં તેમનો મુકાબલો મલેશિયાની ગોહ જીન વેઈ સાથે થશે. આ ઉપરાંત, રક્ષિતા શ્રી રામરાજે મલેશિયાની કિસોના સેલવાદુરાયને ૨૧-૧૬, ૨૪-૨૨ થી હરાવીને આગામી રાઉન્ડમાં પોતાનું સ્થાન પાકું કર્યું છે, જ્યાં તે દક્ષિણ કોરિયાની કિમ મીન સન સામે રમશે.

સંઘર્ષપૂર્ણ મુકાબલામાં સાતમી સીડ શ્રેયાંશી વલિશેટ્ટીએ અન્ય એક ભારતીય શટલર તસ્નીમ મીરને ૫૬ મિનિટ સુધી ચાલેલી રસાકસીભરી મેચમાં ૨૧-૧૮, ૧૯-૨૧, ૨૧-૧૫ થી પરાજિત કરી હતી. શ્રેયાંશી હવે પ્રી-ક્વાર્ટરમાં દક્ષિણ કોરિયાની કિમ મીન જી સામે ટકરાશે. જોકે, શ્રેયા લેલે અને આકર્ષી કશ્યપ પોતાની મેચ હારી જતાં સ્પર્ધામાંથી બહાર થઈ ગયા છે.



## પુરુષ સિંગલ્સ અને ડબલ્સમાં મિશ્ર પરિણામ

પુરુષ સિંગલ્સમાં રૌનક ચૌહાણે ચીની તાઈપેઈના વુ ઝે યિંગ સામે ૧૮-૨૧, ૨૧-૧૫, ૨૧-૧૯ થી વિજય મેળવીને પોતાની ક્ષમતા સાબિત કરી છે. બીજી તરફ, એસ. શંકર મુથુસ્વામી સુબ્રમણ્યન હારીને બહાર થયા હતા.

### યુદ્ધવિરામ કરાર બાદ પ્રથમ વાટાઘાટો, રાજદ્વારી વાટાઘાટો માટે તૈયારીઓ

# અમેરિકા ઈરાન શાંતિ માટે સ્વિટ્ઝર્લેન્ડમાં મળવાનું નક્કી

(એજન્સી) બર્ન | તા. 18

અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરમાં સંપન્ન થયેલા ઐતિહાસિક યુદ્ધવિરામ કરાર બાદ હવે બંને દેશો પ્રથમ રાઉન્ડની વાટાઘાટો માટે સ્વિટ્ઝર્લેન્ડમાં ભેગા થઈ રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આ બેઠક સ્વિટ્ઝર્લેન્ડના બ્યુર્ગનસ્ટોક પર્વતીય રિસોર્ટ ખાતે શુક્રવારે યોજાનાર છે, જેમાં કરારના અમલીકરણ અને શાંતિ પ્રક્રિયા અંગે ચર્ચા કરવામાં આવશે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ મહત્વપૂર્ણ બેઠકમાં અમેરિકા અને ઈરાનના પ્રતિનિધિઓ ઉપરાંત મધ્યસ્થી તરીકે પાકિસ્તાન અને કતારના અધિકારીઓ પણ ભાગ લેશે. સ્વિસ વિદેશ મંત્રાલયે આ બેઠકની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે પશ્ચિમ એશિયામાં શાંતિ અને સુરક્ષા સ્થાપિત કરવી એ તેમની વિદેશ નીતિની પ્રાથમિકતા છે. જોકે, બેઠકના ચોક્કસ સમયપત્રક અને અન્ય વિગતો હાલમાં જાહેર કરવામાં આવી નથી.

આ ઘટનાક્રમ બુધવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન દ્વારા વર્ચ્યુઅલ રીતે હસ્તાક્ષર કરાયેલા ૧૪ મુદ્દાઓના સમજૂતી કરાર બાદ સામે આવ્યો છે. આ



સમજૂતીનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેની દુશ્મનાવટનો અંત લાવવાનો, હોર્મુઝની સામુદ્રધુની ફરી ખોલવાનો અને આગામી ૬૦ દિવસમાં વ્યાપક અંતિમ કરાર માટેની પ્રક્રિયા શરૂ કરવાનો છે.

### કરારના મુખ્ય પાસાઓ

મીડિયા અહેવાલ મુજબ, આ કરારમાં લશ્કરી કામગીરીનું તાત્કાલિક બંધન, લેબનન સહિતના વિસ્તારોમાં શાંતિની સ્થાપના અને દરિયાઈ નાકાબંધી હટાવવા જેવી જોગવાઈઓ સામેલ છે.

ઈરાને પણ પુનઃ સ્પષ્ટ કર્યું છે કે તે પરમાણુ શસ્ત્રો વિકસાવશે નહીં અને યુરેનિયમના ભંડાર અંગે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીની દેખરેખ હેઠળ ચર્ચા કરવા તૈયાર છે. બદલામાં, અમેરિકા દ્વારા તબક્કાવાર આર્થિક રાહત, પ્રતિબંધો હળવા કરવા અને ઈરાન માટે ૩૦૦ અબજ ડોલરના આર્થિક વિકાસ કાર્યક્રમનું વચન આપવામાં આવ્યું છે.

આ સમજૂતીને વૈશ્વિક સ્તરે રાજદ્વારી સફળતા તરીકે જોવામાં આવી રહી છે. હવે દુનિયાભરની નજર શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં થનારી આ મંત્રણા પર ટકેલી છે.

જે પશ્ચિમ એશિયામાં સ્થાયી શાંતિ માટેનું એક નિર્ણાયક પગલું સાબિત થઈ શકે છે. પાકિસ્તાન અને કતારની મધ્યસ્થી વચ્ચે થનારી આ બેઠક પર સૌની મીટ મંડાયેલી છે.

### આબોહવા પરિવર્તનની અસરથી ચીનમાં વધતું જોખમ

# ગ્વાંગડોંગમાં ભારે વરસાદથી 40 હજાર લોકો સ્થળાંતરિત



(એજન્સી) ગ્વાંગડોંગ (ચીન) | તા. 18

ચીનનો ગ્વાંગડોંગ પ્રાંત હાલમાં કુદરતી આફતનો સામનો કરી રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા અનરાધાર વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. મીડિયા અહેવાલો અનુસાર, ઉચ્ચ જોખમ ધરાવતા વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૩૭,૬૦૧ જેટલા નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. સ્થાનિક વહીવટીતંત્રે બુધવાર સુધીમાં પૂર નિયંત્રણ માટે સ્તર-૩ અને આપત્તિ રાહત માટે સ્તર-૪ ની કટોકટીની સ્થિતિ જાહેર કરી દીધી છે.

#### શાળા-કોલેજો બંધ, પરિવહન સેવા ખોરવાઈ

ભારે વરસાદના પગલે ઝુહાઈ અને શેનઝેન જેવા મુખ્ય શહેરોમાં શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, રેલવે સેવાઓ પર પણ તેની અસર પડી છે. મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ચીન રેલવે ગ્વાંગડોંગ ગ્રૂપ દ્વારા ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યા છે. વહીવટીતંત્રે કોઈપણ અપ્રિય ઘટનાને ટાળવા માટે અત્યંત સાવચેતીના પગલાં લીધા છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ગ્વાંગડોંગ ફાયર એન્ડ રેસ્ક્યુ કોર્પ્સે શુક્રવારથી જ ૨૪૭ અગ્નિશામકો, ૫૩ ફાયર ટ્રકો અને ૩૭ બોટને મુખ્ય શહેરોમાં સ્ટેન્ડબાય પર રાખી છે. ગ્વાંગડોંગ પ્રાંતના જળ સંસાધન વિભાગ દ્વારા ડેમ અને જળાશયોની દેખરેખ માટે ૪૧,૭૬૮ પેટ્રોલિંગ ટીમો તૈનાત કરવામાં આવી છે. આપત્તિ રાહત કાર્ય માટે ૭,૨૨૬ ઈમરજન્સી મેન્ટેનન્સ કર્મચારીઓ, ૨,૯૯૪ સહાયક વાહનો અને ૨,૧૦૮ જનરેટર્સને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. અત્યાર સુધી સદભાગ્યે કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી.

પ્રાંતીય હવામાન વેધશાળાએ આગાહી કરી છે કે બુધવારથી ગુરુવાર સુધી ગ્વાંગડોંગના દક્ષિણી ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદ અને ક્યાંક ક્યાંક અત્યંત મુશળધાર વરસાદ ચાલુ રહેશે. જો કે, શુક્રવારથી શનિવાર દરમિયાન વરસાદનું જોર ઘટવાની શક્યતા છે. તેમ છતાં, વહીવટીતંત્ર સતત નજર રાખી રહ્યું છે.

#### આબોહવા પરિવર્તનનું ગંભીર સંકટ

આ કુદરતી આફત પાછળના વૈજ્ઞાનિક કારણો તરફ ધ્યાન દોરતા, જી૨૦ ક્લાઈમેટ રિસ્ક એટલાસે ચેતવણી આપી છે કે આબોહવા પરિવર્તનની અસર ચીન પર વિનાશક સાબિત થઈ રહી છે. જો ઉત્સર્જન ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે, તો ચીનમાં હીટવેવની અવધિ ૧,૫૬૩ ટકા વધી જશે અને ગરમી સંબંધિત મૃત્યુઆંકમાં ૯૨ ટકાનો વધારો થશે.

અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે ૨૦૫૦ સુધીમાં ૨.૫ કરોડથી વધુ લોકો નદીના પૂરના જોખમનો સામનો કરશે. ૨૧૦૦ સુધીમાં નદીના પૂરને કારણે ચીનની અર્થવ્યવસ્થાને ૪૧૪ અબજ યુરોનું નુકસાન થવાની સંભાવના છે. જો તાપમાનનો વધારો ૨ ડિગ્રી સેલ્સિયસ સુધી મર્યાદિત રાખવામાં આવે, તો ૨૧૦૦ સુધીમાં આબોહવાની અસરને લીધે થતું જીડીપીનું નુકસાન ૬.૩૩ ટકાથી ઘટીને ૨ ટકા પર આવી શકે છે.

આ સમગ્ર ઘટનાક્રમ ચીન માટે એક ચેતવણી સમાન છે. આધુનિક વિકાસની સાથે પર્યાવરણની સુરક્ષા અને આબોહવા પરિવર્તન જેવી વૈશ્વિક સમસ્યાઓ સામે લડવા માટે લાંબાગાળાની નીતિઓ બનાવવી કેટલી અનિવાર્ય છે, તે ગ્વાંગડોંગમાં સર્જાયેલી સ્થિતિ સ્પષ્ટ કરે છે. સ્થાનિક વહીવટીતંત્ર હાલમાં રાહત કાર્યોમાં વ્યસ્ત છે, પરંતુ ભવિષ્યના જોખમોને ટાળવા માટે વૈશ્વિક સહયોગ અને નીતિગત ફેરફારો અનિવાર્ય જણાય છે.

## ન્યૂઝ બ્રીફ

#### લેબનોનમાં હિઝબુલ્લાહના હુમલામાં ઇઝરાયેલ સૈનિકનું મોત



તેલ અવીવ | દક્ષિણ લેબનોનમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઈઝરાયેલને મોટો ઝટકો લાગ્યો છે. ગુરુવારે સવારે જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, એક વિસ્ફોટક ઉપકરણના હુમલામાં ઈઝરાયેલના એક સૈનિકનું મોત થયું છે. આ ઘટનામાં કુલ સાત જેટલા સૈનિકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે, જેમાં સેનાના ઉચ્ચ અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. ઈઝરાયેલી સૈનિકોની એક ટુકડી દક્ષિણ લેબનોનમાં કાર્યરત હતી તે સમયે આ દુર્ઘટના સર્જાઈ હતી. વિસ્ફોટક ઉપકરણ દ્વારા સેનાના વાહનને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ હુમલામાં ૩૬મી ડિવિઝનના માસ્ટર સાર્જન્ટ એલેક્ઝાન્ડર ફિલિનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. તેઓ હૈફાના રહેવાસી હતા. સેનાના જણાવ્યા અનુસાર, હુમલા બાદ જ્યારે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી ત્યારે બીજો એક વિસ્ફોટ થયો હતો, જેમાં વધુ એક સૈનિક ઘાયલ થયો હતો.

#### ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં મહિલા સશક્તિકરણને બિરદાવ્યું



ન્યૂયોર્ક | ભારતે બુધવારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં મહિલા સશક્તિકરણ અને શાંતિ સ્થાપનામાં પોતાની અગ્રેસર ભૂમિકાનું પ્રદર્શન કર્યું છે. પરિષદમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રાજદૂત હરીશ પર્વતનેનીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે મહિલાઓને રાજકીય, આર્થિક અને સામાજિક રીતે સશક્ત બનાવવામાં આવે છે, ત્યારે જ સ્થાયી પરિણામો પ્રાપ્ત થાય છે. રાજદૂતે સભાને સંબોધતા જણાવ્યું કે, ભારતમાં બંધારણીય અનામતને કારણે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં દસ લાખથી વધુ મહિલાઓ ચૂંટાયેલા પદ પર સેવા આપી રહી છે. આ ઉપરાંત, ૨૦૨૩નો મહિલા અનામત કાયદો સંસદમાં પણ મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરશે. તેમણે ગર્વ સાથે નોંધ્યું કે ભારતમાં સર્વોચ્ચ બંધારણીય પદો પર મહિલાઓ બિરાજમાન છે, જે સાબિત કરે છે કે મહિલા નેતૃત્વ દેશની પ્રગતિનો મુખ્ય સ્તંભ છે. સંયુક્ત રાષ્ટ્રના શાંતિ મિશનમાં ભારતીય મહિલાઓની ભૂમિકા અત્યંત પ્રભાવશાળી રહી છે. રાજદૂતે યાદ અપાવ્યું કે ભારત વિશ્વનો પ્રથમ દેશ હતો જેણે લાઈબેરિયામાં સંપૂર્ણ મહિલાઓની ટુકડી તૈનાત કરી હતી, જેણે હજારો સ્થાનિક મહિલાઓને પોલીસ દળમાં જોડાવા માટે પ્રેરિત કરી હતી.

### કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા વિશ્વનું કલ્યાણ સુનિશ્ચિત, માનવકેન્દ્રી અભિગમ અપનાવવા વિશ્વને અનુરોધ

# જી૭ શિખર સંમેલનમાં ભારતનો દમદાર અવાજ

(એજન્સી) એવિયન (ફ્રાન્સ) | તા. 18

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સના એવિયન ખાતે યોજાયેલા જી૭ શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. આ પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચ પર વડાપ્રધાને કૃત્રિમ બુદ્ધિમત્તાના સુરક્ષિત, ઝડપી અને કાર્યક્ષમ ઉપયોગ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે વિશ્વના અગ્રણી નેતાઓ સાથે મુલાકાત કરીને પૃથ્વી સામેના પડકારો અને મુખ્ય મુદ્દાઓ પર ગહન વિચાર-વિમર્શ કર્યો હતો. આ મુલાકાત ભારતની વૈશ્વિક છબીને વધુ ઉજ્જવળ બનાવનારી સાબિત થઈ છે.

#### માનવતાના ભલા માટે નવી ટેકનોલોજી

વડાપ્રધાને સંમેલન દરમિયાન સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કૃત્રિમ બુદ્ધિમત્તા એ એક પરિવર્તનકારી શક્તિ છે, જે માનવ સભ્યતાની દિશા બદલવાની ક્ષમતા ધરાવે છે. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે આ ટેકનોલોજીનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય માનવીને સશક્ત બનાવવાનો હોવો જોઈએ. ભારતે તાજેતરમાં જ આયોજિત કરેલા કૃત્રિમ બુદ્ધિમત્તા પ્રભાવ સંમેલનનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને જણાવ્યું હતું કે, ભારતનો આ સમગ્ર વિષય પરનો અભિગમ સંપૂર્ણપણે માનવકેન્દ્રી છે. તેમના મતે, ટેકનોલોજીનો વિકાસ સમાવેશી, સુરક્ષિત અને જાહેર હિતના પાયાના સિદ્ધાંતો પર આધારિત હોવો અનિવાર્ય છે.

#### સાયબર સુરક્ષા અને લોકશાહી મૂલ્યો

મીડિયા અહેવાલો અને સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, વડાપ્રધાને ભારપૂર્વક કહ્યું કે ભારતે હંમેશા સાયબર અવકાશને વૈશ્વિક જાહેર હિત તરીકે જોયું છે. લોકશાહી દેશો પાસે એવી કૃત્રિમ બુદ્ધિમત્તા મોડેલ્સની સુલભતા હોવી જોઈએ, જે તેમની મહત્વપૂર્ણ માહિતીના માળખાને સુરક્ષિત રાખી શકે અને સાયબર જોખમોનો સામનો કરવામાં મદદરૂપ થઈ શકે. વડાપ્રધાનના મતે, ટેકનોલોજીના વિકાસમાં સલામતી, ગતિ અને કાર્યક્ષમતાને એકીકૃત અભિગમ સાથે જોવી જોઈએ. આ એક એવો સમય છે જ્યારે ટેકનોલોજીએ માત્ર ગતિ જ નહીં, પરંતુ સુરક્ષાના માપદંડો પણ જાળવવા પડશે.

આ ગંભીર વિષય પર પોતાની વાત રજૂ કરતી વખતે, ભારતના વડાપ્રધાને વિશ્વ સમક્ષ ચાર મુખ્ય સૂચનો મૂક્યા છે:

૧. ડિઝાઈનથી સુરક્ષા: કૃત્રિમ બુદ્ધિમત્તા પ્રણાલીઓ એવી હોવી જોઈએ જે શરૂઆતથી જ સુરક્ષિત હોય.



૨. માર્ગદર્શિકા અને માનકો: આ ટેકનોલોજીના અમલીકરણ સાથે સામાન્ય માનકો, પરીક્ષણ માળખાં અને નિયમનકારી માર્ગદર્શિકાઓનું પાલન થવું જોઈએ.

૩. વૈશ્વિક સહયોગ: ડીપફેક, ખોટી માહિતી અને સાયબર છેતરપિંડી જેવી સમસ્યાઓ સામે લડવા માટે અસરકારક વૈશ્વિક સહયોગ અત્યંત જરૂરી છે.

૪. સમાવેશી વિકાસ: આ ટેકનોલોજીના ફાયદા માત્ર વિકસિત દેશો પૂરતા સીમિત ન રહેતા, ગ્લોબલ સાઉથના દેશો સુધી પણ પહોંચવા જોઈએ જેથી વિશ્વ વધુ સમાવેશી બની શકે.

#### માનવ ગરિમા અને ભવિષ્યની રાહ

વડાપ્રધાને પોતાના સંબોધનના અંતે ભારપૂર્વક કહ્યું કે કૃત્રિમ બુદ્ધિમત્તા માનવીય ક્ષમતાઓને વિસ્તારનારી, પસંદગીઓને સશક્ત કરનારી અને માનવ ગરિમાની રક્ષક હોવી જોઈએ. ભારત આ ઉદ્દેશ્યોને પ્રોત્સાહન આપવા માટે તમામ ભાગીદારો સાથે સતત કાર્યરત રહેશે. આ બેઠકમાં વડાપ્રધાને જે રીતે ભારતીય દ્રષ્ટિકોણ રજૂ કર્યો છે, તે દર્શાવે છે કે ટેકનોલોજીના ક્ષેત્રમાં ભારત હવે માત્ર એક અનુયાયી નથી, પરંતુ વૈશ્વિક નેતૃત્વ કરનાર દેશ તરીકે ઉભરી રહ્યો છે.

આ શિખર સંમેલને ફરી એકવાર સાબિત કર્યું છે કે ભારતનું માનવકેન્દ્રી દર્શન આધુનિક યુગના પડકારો સામે લડવા માટે સૌથી સચોટ માર્ગ છે. વિશ્વના નેતાઓ પણ ભારતની આ નીતિને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ ભારતની ભૂમિકા નિર્ણાયક બની રહેશે તેવું નિષ્ણાતો માની રહ્યા છે. આ મુલાકાત માત્ર એક કૂટનીતિક પ્રવાસ નથી, પરંતુ માનવતાના ભવિષ્યને સુરક્ષિત અને સમૃદ્ધ બનાવવાની એક મજબૂત કવાયત છે.

## જી7 સમિટમાં મોદી અને ઝેલેન્સ્કી વચ્ચે બેઠક, દ્વિપક્ષીય સહકાર વધારવા પર ભાર

(એજન્સી) એવિયન | તા. 18

ફ્રાન્સમાં આયોજિત જી૭ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સ્કી વચ્ચે એક મહત્વપૂર્ણ મુલાકાત યોજાઈ હતી. આ બેઠકમાં બંને નેતાઓએ ભારત અને યુક્રેન વચ્ચેના દ્વિપક્ષીય સહકારની સમીક્ષા કરી હતી અને વેપાર તેમજ આર્થિક સંબંધોને ફરીથી પાટા પર લાવવા માટેના માર્ગો વિશે વિગતવાર ચર્ચા કરી હતી.

બેઠક બાદ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ભારત અને યુક્રેન વચ્ચે હાલમાં વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક જોડાણ વધી રહ્યું છે. વડાપ્રધાને પુનરોચ્ચાર કર્યો હતો કે, ભારત હંમેશા શાંતિના પક્ષમાં રહ્યું છે અને માનવતાના મૂલ્યોને સર્વોપરી માને છે. બંને નેતાઓ વચ્ચે સહમતી સધાઈ હતી કે, યુદ્ધ પૂર્વે જે પ્રકારના વેપારિક સંબંધો હતા, તેને ફરીથી પુનઃસ્થાપિત કરવાની તાતી જરૂર છે. આ બેઠકમાં વિદેશ મંત્રી એસ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

#### આર્થિક અને ઉદ્યોગિક પ્રોજેક્ટ્સ

રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ પણ બંને દેશો વચ્ચેના સહકારની અપાર સંભાવનાઓ વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને યુક્રેન પહેલેથી જ કેટલાક સંયુક્ત પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યા છે, જેને વધુ મજબૂત અને વિસ્તૃત કરવા માટે બંને પક્ષો સહમત થયા છે. ઝેલેન્સ્કીએ વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન મોદી યુક્રેન સાથે પરસ્પર લાભદાયી સંબંધો વિકસાવવામાં વિશેષ રસ ધરાવે છે, જે બંને દેશોના નાગરિકો માટે સશક્ત ભાગીદારી સાબિત થઈ શકે છે. આગામી સમયમાં બંને દેશોની ટીમો આ પ્રોજેક્ટ્સની વિગતો પર કામ કરશે.

## તાઈવાનની આસપાસ આઠ ચીની યુદ્ધ જહાજોની હાજરી, ચીની નૌકાદળની સતત ઘૂસણખોરી, સૈન્ય ગતિવિધિથી ભયનું વાતાવરણ

(એજન્સી) તાઈપેઈ | તા. 18

તાઈવાનની આસપાસ ચીની સૈન્યની ગતિવિધિઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. તાઈવાનના રક્ષણ મંત્રાલયે ગુરુવારે સવારે માહિતી આપી હતી કે, ટાપુની આસપાસ ચીની નૌકાદળના ૮ જહાજોની હાજરી નોંધવામાં આવી છે. આ ગતિવિધિઓને પગલે સમગ્ર વિસ્તારમાં તણાવની સ્થિતિ સર્જાઈ છે અને તાઈવાનના સશસ્ત્ર દળો સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

રક્ષણ મંત્રાલય દ્વારા સોશિયલ મીડિયા પર આપવામાં આવેલી વિગતો મુજબ, સવારે ૬ વાગ્યા સુધીમાં આ જહાજોને ટાપુની આસપાસ જોવામાં આવ્યા હતા. મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આ સમયગાળા દરમિયાન કોઈ ચીની વિમાનને આસપાસ જોવામાં આવ્યા નથી, તેથી વિમાનના ઉડાન માર્ગ અંગે કોઈ નકશો જાહેર કરવામાં આવ્યો નથી. તાઈવાનની સેના દ્વારા આ સમગ્ર ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને યોગ્ય પ્રતિક્રિયા આપવામાં આવી છે. નોંધનીય છે કે, મંગળવાર અને બુધવારે પણ ક્રમશઃ ૬-૬ ચીની નૌકાદળના જહાજો જોવા મળ્યા હતા, જે દર્શાવે છે કે ચીન સતત દબાણ વધારી રહ્યું છે.

#### સ્વદેશી સબમરીનનું પરીક્ષણ

એક તરફ ચીન દ્વારા સૈન્ય દબાણ વધારવામાં આવી રહ્યું છે, તો બીજી તરફ તાઈવાને પોતાની સુરક્ષા ક્ષમતા મજબૂત કરવાનું શરૂ કર્યું છે. હાલમાં જ તાઈવાનની પ્રથમ સ્વદેશી બનાવટની સબમરીનને કાઓહસ્યુંગ બંદરથી તેના સી-ટ્રાયલ (દરિયાઈ પરીક્ષણ) માટે પ્રયાણ કર્યું હતું. આ તેનું ૧૫મું દરિયાઈ પરીક્ષણ હતું, જેમાં સબમરીનની ડાઈવ ટેસ્ટ કરવામાં આવી હતી. આ સબમરીન તાઈવાનની સંરક્ષણ તૈયારીઓમાં એક મહત્વનું પગલું ગણાય છે.

#### ચીન અને તાઈવાનનો વિવાદ

ચીન અને તાઈવાન વચ્ચેનો સંઘર્ષ ઐતિહાસિક અને રાજકીય કારણોથી વર્ષોથી ચાલ્યો આવે છે. બેઈજિંગ દાવો કરે છે કે તાઈવાન તેનો અભિન્ન હિસ્સો છે, જ્યારે તાઈવાન એક અલગ અને લોકશાહી દેશ તરીકે પોતાની સ્વતંત્ર સરકાર, સૈન્ય અને અર્થતંત્ર ચલાવે છે. કિંગ રાજવંશના સમયથી શરૂ થયેલો આ દાવો આજે આંતરરાષ્ટ્રીય કાયદા અને સાર્વભૌમત્વના મુદ્દે એક જટિલ ચર્ચા બની ગયો છે. ચીન દ્વારા તાઈવાનની સરહદ નજીક વધતી જતી આ સૈન્ય ગતિવિધિઓ પ્રાદેશિક સ્થિરતા માટે ખતરો બની રહી છે. વિશ્વભરના દેશો આ ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે, કારણ કે આ વિસ્તારમાં કોઈપણ નાની ભૂલ મોટા સંઘર્ષનું કારણ બની શકે છે. તાઈવાન પોતાની સ્વતંત્રતા અને અસ્તિત્વ ટકાવી રાખવા માટે સતત મક્કમતા દર્શાવી રહ્યું છે.

**વિરોધ પ્રદર્શન** કરાચી વિરોધ પ્રદર્શનમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ, મોંઘવારી ભથ્થું વધારવાની માગ સાથે હજારો રસ્તા પર

# સરકારી કર્મચારીઓના પ્રદર્શનથી કરાચી ઠપ્પ થયું

(એજન્સી) કરાચી (પાકિસ્તાન) | તા. 18

પાકિસ્તાનના કરાચી શહેરમાં આજે સામાન્ય જનજીવન ભારે મુશ્કેલીમાં મુકાયું હતું. પોતાની વિવિધ માંગણીઓ અને ખાસ કરીને વધતી જતી મોંઘવારી સામે પગાર વધારાની માગણી સાથે સરકારી કર્મચારીઓ રસ્તા પર ઉતરી આવતા વહીવટીતંત્રે આખા શહેરને જાણે ઘેરાબંધીમાં લઈ લીધું હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. મીડિયા અહેવાલો અનુસાર, પ્રદર્શનને રોકવા માટે સિંધ સરકાર દ્વારા મુખ્ય માર્ગો બંધ કરી દેવામાં આવતા શહેરભરમાં ટ્રાફિકની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી.

વહીવટીતંત્રે રેડ ઝોન અને કરાચી પ્રેસ ક્લબની આસપાસના મુખ્ય રસ્તાઓને મોટા કન્ટેનરો મૂકીને બ્લોક કરી દીધા હતા. સિંધ એસેમ્બલી અને પ્રેસ ક્લબની આસપાસ પોલીસના ભારે કાફલા સાથે મહિલા પોલીસકર્મીઓને પણ તૈનાત કરવામાં આવ્યા હતા. કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે લાઠીચાર્જ, ટીયર ગેસ અને વોટર કેનન સાથે દંગા



વિરોધી ટુકડીઓને સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. આ સુરક્ષા વ્યવસ્થાને કારણે શહેરના મધ્ય ભાગમાં ટ્રાફિકનું ચક્ર સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું, જેના કારણે ઓફિસ જતા લોકો અને સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

તમામ પ્રતિબંધો હોવા છતાં, ઓલ પાકિસ્તાન ક્લાર્ક્સ એસોસિએશન, પ્રાયમરી સ્કૂલ ટીચર્સ એસોસિએશન અને અન્ય અનેક સંગઠનોના સેંકડો કર્મચારીઓ કરાચી પ્રેસ ક્લબ બહાર એકત્ર થયા હતા. પ્રદર્શનકારીઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે વધતી જતી મોંઘવારીએ તેમની ખરીદશક્તિ ઘટાડી દીધી છે, જેના કારણે સામાન્ય પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે. કર્મચારી નેતાઓ સિકંદર જાતોઈ અને ઝુલ્ફીકાર શાહે સ્પષ્ટતા કરી હતી કે જ્યાં સુધી સરકાર તેમની માગણીઓ સ્વીકારે નહીં ત્યાં સુધી તેઓ આ આંદોલન ચાલુ રાખશે.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, કર્મચારીઓના એક પ્રતિનિધિ મંડળે કમિશનરની કચેરી ખાતે અધિકારીઓ સાથે મુલાકાત કરીને વિવાદ ઉકેલવા પ્રયાસ કર્યો હતો. જોકે, આ વાટાઘાટો કોઈ પણ નક્કર પરિણામ વિના સમાપ્ત થઈ હતી. પ્રતિનિધિઓએ પાછા ફરીને આંદોલનકારીઓને જાણ કરી હતી કે સરકાર કોઈ સમાધાન માટે તૈયાર નથી. આ સમાચાર બાદ પ્રદર્શનકારીઓ વધુ ઉશ્કેરાયા હતા અને સિંધ એસેમ્બલી તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસ દ્વારા ઉભા કરાયેલા બેરિકેડ્સને કારણે તેમને આગળ વધતા અટકાવી દેવામાં આવ્યા હતા.

## અમેરિકા ઈરાન કરાર બાદ હવે વાટાઘાટો પર અનિશ્ચિતતા

(એજન્સી) તેહરાન | તા. 18

અમેરિકા અને ઈરાન વચ્ચે તાજેતરમાં સંપન્ન થયેલા ૧૪ મુદ્દાના ઐતિહાસિક સમજૂતી કરાર બાદ હવે રાજદ્વારી સ્તરે નવી ચર્ચા શરૂ થઈ છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ એક મહત્વપૂર્ણ નિવેદન આપતા જણાવ્યું છે કે, બંને દેશોના સર્વોચ્ચ નેતાઓ દ્વારા કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જે કરારના ભંગના ખર્ચને અનેકગણો વધારી દે છે. આ પગલાને કારણે હવે કોઈપણ પક્ષ માટે કરારમાંથી પીછેહઠ કરવી મુશ્કેલ બનશે.

પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું છે કે, અગાઉ જે રીતે કરારો માત્ર કાગળ પર રહેતા હતા, તેના બદલે હવે રાષ્ટ્રપતિ સ્તરે સહી થવાથી તેની વિશ્વસનીયતા વધી છે. ઈરાનનું માનવું છે કે, આ સમજૂતીથી પશ્ચિમ એશિયામાં શાંતિની નવી આશા જન્મી છે. લેબનન સહિતના તમામ મોરચે લશ્કરી કામગીરી અટકાવવા માટે લેવાયેલો આ નિર્ણય પક્ષોની પરિપક્વતા દર્શાવે છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, ઈરાની જહાજો અને માલસામાનની હેરફેર હવે કોઈપણ અવરોધ વિના શરૂ થઈ ગઈ છે, જે કરારના સકારાત્મક અમલીકરણનો સંકેત આપે છે.

સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાનારી સંભવિત મંત્રણા અંગે ઈરાને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, શુક્રવારે નિર્ધારિત બેઠક અગાઉ પુષ્ટિ પામી હતી, પરંતુ બંને દેશોના રાષ્ટ્રપતિઓ દ્વારા કરાર પર હસ્તાક્ષર થઈ ગયા હોવાથી, હવે આ બેઠક અંગે ફરીથી વિચારણા કરવામાં આવી રહી છે. ઈરાન પક્ષે ભાર મૂક્યો છે કે, કરારની ભાષામાં કોઈ પણ પ્રકારની અસ્પષ્ટતા ન રહે તે માટે ફારસી અને અંગ્રેજી એમ બંને ભાષાઓમાં દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યા છે.

૬ બળવાખોર સાંસદોને કારણદર્શક નોટિસ : સંજય રાઉત અને અનિલ દેસાઈની આકરી ચેતવણી

# શિવસેના (UBT) માં ફરી આંતરિક સંકટ: ૬ બળવાખોર સાંસદો સામે કાર્યવાહીની તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા.19

શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષમાં ફરી એકવાર આંતરિક વિખવાદ અને ભંગાણના એંધાણ વર્તાઈ રહ્યા છે. પક્ષ દ્વારા બોલાવવામાં આવેલી મહત્વની સંસદીય બેઠકમાં ૯ માંથી ૬ સાંસદો ગેરહાજર રહેતા રાજકીય ગરમાવો આવ્યો છે. આ ૬ સાંસદો લોકસભામાં UBT સેનાની કુલ સંખ્યાના ૨/૩ ભાગ જેટલા છે, જેના કારણે પક્ષમાં મોટું ભંગાણ થવાની શક્યતા સેવાઈ રહી છે.બેઠક બાદ સાંસદ સંજય રાઉતે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, જે સાંસદો બેઠકમાં હાજર રહ્યા નથી, તેમના દ્વારા પક્ષના વ્હીપનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. તેમણે આ બળવાને 'ગદ્દારી, અપ્રામાણિકતા અને કાવતરું' ગણાવ્યું હતું. રાઉતે ચેતવણી આપી હતી કે,



"અમે આ સાંસદોને કારણદર્શક નોટિસ (Show-cause notice) આપી રહ્યા છીએ અને તેમનો જવાબ મળ્યા બાદ તેમનું સભ્યપદ રદ કરવા તરફ આગળ વધીશું." તેમણે ઉમેર્યું કે અરવિંદ સાવંત આ અંગેના દસ્તાવેજો તૈયાર કરી રહ્યા છે.

આજે સવારે ૧૧ વાગ્યે લોકસભાના નેતા અરવિંદ સાવંત અને મુખ્ય વ્હીપ અનિલ દેસાઈએ સાંસદોની બેઠક બોલાવી હતી, જેમાં માત્ર ત્રણ સાંસદો - અરવિંદ સાવંત, રાજાભાઉ વાજે અને અનિલ દેસાઈ હાજર રહ્યા હતા. અનિલ દેસાઈએ સ્પષ્ટ કર્યું કે તમામ ગેરહાજર સાંસદોને મેસેજ અને વોટ્સએપ દ્વારા જાણ કરવામાં આવી હતી, તેમ છતાં તેઓ આવ્યા નહોતા. આ ઘટનાને 'ઓપરેશન ટાઈગર' સાથે જોડવામાં આવી રહી છે, જેમાં એવી ચર્ચાઓ છે કે ઉદ્ધવ જૂથના ઘણા સાંસદો એકનાથ શિંદેના સંપર્કમાં છે.સંજય રાઉતે એકનાથ શિંદે અને ભાજપ પર પણ સીધો હુમલો કર્યો હતો. તેમણે કહ્યું, "તમે જે પક્ષના નામ અને ચિહ્ન પર ચૂંટણી જીત્યા છો, તે જ પક્ષ સાથે ગદ્દારી કરી રહ્યા છો. આ વખતે ગદ્દારી એકનાથ શિંદે અને આ બળવાખોરોને ભારે પડશે. ભાજપે પણ રાજકારણને ગંદું કરવા બદલ કિંમત ચૂકવવી પડશે."

મહારાષ્ટ્રમાં આ નવા રાજકીય ઘટનાક્રમે ૨૦૨૨ ના ભંગાણની યાદ તાજી કરી દીધી છે. શિવસેના (UBT) નેતાઓના આ આકરા વલણ પછી હવે ગેરહાજર સાંસદો શું જવાબ આપે છે તેના પર સૌની નજર ટકેલી છે. એક તરફ જ્યાં પક્ષ સભ્યપદ રદ કરવાની કાનૂની પ્રક્રિયા શરૂ કરી રહ્યો છે, ત્યારે બીજી તરફ બળવાખોર જૂથ લોકસભા સ્પીકરને મળીને પક્ષના વિલીનીકરણની માંગ કરી રહ્યું હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. આગામી દિવસોમાં મહારાષ્ટ્રના રાજકારણમાં આ વિવાદ કેટલો વકરશે તે જોવું રસપ્રદ રહેશે.

આરોપીની ધરપકડ કરાઈ

## પૂર્વ કૈલાશમાં ઘરેલું કામદારની હત્યા

નવી દિલ્હી: દિલ્હીના પૂર્વ કૈલાશ વિસ્તારમાં ગુરુવારે એક ૪૫ વર્ષીય ઘરેલું કામદારની હત્યાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. અમર કોલોની પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં બનેલી આ ઘટનામાં પીડિત મહિલાની ઓળખ ૪૫ વર્ષીય મીના તરીકે થઈ છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ ટીમને મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો, જેની સાથે ૫૦ વર્ષીય આરોપી પણ હાજર હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે હત્યારાએ પહેલા મહિલાને ક્રિકેટ બેટ વડે ફટકારી હતી અને ત્યારબાદ છરીના ઘા મારીને નિર્મમ હત્યા કરી હતી. પોલીસે ઘટનાસ્થળેથી હત્યામાં વપરાયેલા બંને હથિયારો એટલે કે ક્રિકેટ બેટ અને છરી કબ્જે કરી લીધા છે. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો છે. પોલીસ અત્યારે હત્યા પાછળના ચોક્કસ કારણો જાણવા માટે આરોપીની સઘન પૂછપરછ કરી રહી છે. આ અંગે કાયદાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ છે.આ ઘટના ઉપરાંત, દિલ્હી પોલીસને અન્ય એક મોટી સફળતા મળી છે. પોલીસે નવજાત બાળકોની ગેરકાયદેસર લે-વેચ કરતા માનવ તસ્કરીના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ કેસમાં પોલીસે ૧૨ આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં ગેંગની મુખ્ય સૂત્રધાર એક મહિલા છે જે પોતાની ઓળખ ડોક્ટર તરીકે આપતી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મહિલા એક નર્સિંગ હોમની માલિક છે, જોકે પોલીસ અત્યારે તેની શૈક્ષણિક અને વ્યવસાયિક ડિગ્રીની ચકાસણી કરી રહી છે. તે ખરેખર લાયકાત ધરાવતી ડોક્ટર છે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

## કર્ણાટક MLC ચૂંટણી માટે મતદાન CM ડીકે શિવકુમારે કર્યો મતાધિકારનો ઉપયોગ

બેંગલુરુ: કર્ણાટકમાં વિધાન પરિષદની ૭ ખાલી પડેલી બેઠકો માટે ગુરુવારે સવારથી મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રાજ્યના મુખ્યમંત્રી ડીકે શિવકુમારે વિધાનસભા સૌધા ખાતે પહોંચીને પોતાનો કિંમતી મત આપ્યો હતો. આ ચૂંટણીમાં કોંગ્રેસે ૫ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે અને પક્ષના વરિષ્ઠ નેતાઓ તમામ બેઠકો પર આરામદાયક જીત મેળવવાનો આશાવાદ વ્યક્ત કરી રહ્યા છે. મતદાન દરમિયાન કોંગ્રેસના નેતાઓએ પક્ષની જીત અંગે મક્કમ વલણ અપનાવ્યું હતું. કોંગ્રેસના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી સંતોષ લાડે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, "અમે ખૂબ જ આત્મવિશ્વાસ ધરાવીએ છીએ અને મને પૂરી ખાતરી છે કે અમારા પાંચેય ઉમેદવારો સરળતાથી જીતશે." વરિષ્ઠ નેતા સતીશ જારકીહોલીએ પણ પુષ્ટિ કરી હતી કે પક્ષ પાસે જીતવા માટે જરૂરી સંખ્યાબળ છે. તેમણે સ્વીકાર્યું કે પક્ષમાં જૂથબંધી હોઈ શકે છે, પરંતુ અંતે તો સૌ પક્ષના ઉમેદવારને જ મત આપશે. કોંગ્રેસના અન્ય નેતા દિનેશ ગુંડુ રાવે જણાવ્યું હતું કે પક્ષે ગઈકાલે જ મોક વોટિંગ જેવી તૈયારીઓ કરી લીધી હતી અને તેમની પાસે જીતવા માટે પૂરતી સંખ્યા છે.કોંગ્રેસના ધારાસભ્ય કે.એન. રાજન્નાએ ભાજપ અને જેડી(એસ) પર નિશાન સાધ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે જેડી(એસ)ના ઉમેદવારની હાર નિશ્ચિત હોવાથી ભાજપે મત ફાળવણીમાં ફેરફાર કર્યો છે. આ બાબત સાબિત કરે છે કે જેડી(એસ)ના ઉમેદવાર આ ચૂંટણીમાં હારનો સામનો કરશે.વિધાનસભા સૌધામાં સવારે ૯ વાગ્યે મતદાન શરૂ થયું હતું જે સાંજે ૪ વાગ્યા સુધી ચાલશે. ધારાસભ્યો ગુપ્ત મતદાન કરી શકે તે માટે સચિવાલયની અંદર બે મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. આ ચૂંટણી ૩૦ જૂનના રોજ ૭ એમએલસીના કાર્યકાળ પૂરો થવાના કારણે અનિવાર્ય બની હતી. સેવાનિવૃત્ત થતા સભ્યોમાં કોંગ્રેસના ગોવિંદરાજ, નસીર અહેમદ, તિપ્પનપ્પા, બી.કે. હરિપ્રસાદ તેમજ ભાજપના એમ.ટી.બી. નાગરાજ, પ્રતાપ સિંહ નાયક અને સુનીલ વલ્લ્યાપુરનો સમાવેશ થાય છે.૭૫ સભ્યોની ઉપલા ગૃહમાં અત્યારે કોંગ્રેસ પાસે ૩૭, ભાજપ પાસે ૨૯ અને જેડી(એસ) પાસે ૭ બેઠકો છે. આ ચૂંટણી દ્વારા કોંગ્રેસ પોતાની બેઠકોની સંખ્યામાં વધારો કરવા માટે પ્રયાસ કરી રહી છે. મુખ્યમંત્રી ડીકે શિવકુમાર અને અન્ય નેતાઓની હાજરી અને ઉત્સાહ જોતા કોંગ્રેસ આ ચૂંટણીમાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે કોઈ કસર બાકી રાખવા માંગતી નથી.

## યુપીમાં વિપક્ષી સાંસદોમાં નાસભાગ: ૨૪ થી વધુ નેતાઓ એનડીએમાં જોડાવાની અણી પર

લખનઉ: ઉત્તર પ્રદેશના રાજકારણમાં મોટા ફેરફારના એંધાણ મળી રહ્યા છે. નિષાદ પાર્ટીના વડા અને યુપી સરકારના મંત્રી સંજય નિષાદે દાવો કર્યો છે કે સમાજવાદી પાર્ટી (SP) અને કોંગ્રેસના બે ડઝનથી વધુ સાંસદો હાલ સત્તાધારી એનડીએ (NDA) ગઠબંધનના સંપર્કમાં છે અને પક્ષ બદલવા માટે આતુર છે.

સંજય નિષાદે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, જે વિપક્ષી નેતાઓ સરકાર બનાવવામાં નિષ્ફળ રહ્યા છે, તેઓ અત્યારે જનતાના ભારે દબાણ હેઠળ છે. તેમણે કહ્યું, "જ્યારે નેતાઓ સત્તાની બહાર હોય છે ત્યારે જનતા તેમને પૂછે છે કે તમે આપેલા વચનોનું શું થયું? આથી, મોટાભાગના સાંસદો અને ધારાસભ્યો અમારી સાથે સંપર્કમાં છે અને કેન્દ્રીય નેતૃત્વ સાથે વાતચીત કરવા માટે દિલ્હી લઈ જવાની માંગ કરી રહ્યા છે." તેમણે ઉમેર્યું કે જે નેતાઓ હિન્દુત્વની વિચારધારામાં માને છે, તેઓ ભાજપમાં જોડાઈને પોતાના સમુદાય માટે કામ કરવા ઈચ્છે છે.બીજી તરફ, મંત્રી ઓમ પ્રકાશ રાજભરે સમાજવાદી પાર્ટીના ટોચના નેતૃત્વ પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે દાવો કર્યો કે સપાનું નેતૃત્વ સીબીઆઈ તપાસથી બચવા માટે મરણિયા પ્રયાસો કરી રહ્યું છે. રાજભરે કહ્યું કે રામ ગોપાલ યાદવે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને લખેલો પત્ર તે સીબીઆઈ એફઆઈઆર સાથે જોડાયેલો છે જેમાં ગાયત્રી પ્રજાપતિ અને અખિલેશ યાદવના નામ છે. તેમણે વધુમાં દાવો કર્યો કે ગોમતી રિવર ફ્રન્ટ કેસમાં રામ ગોપાલ યાદવના પરિવાર સહિત સપાના અનેક સભ્યો ફસાયેલા છે.રાજભરે સપામાં આંતરિક અસ્થિરતાનો દાવો કરતા કહ્યું કે અખિલેશ યાદવનું પક્ષ પરનું નિયંત્રણ ઘટી રહ્યું છે. તેમણે કહ્યું, "અખિલેશ યાદવે પોતે કહ્યું હતું કે ભાજપ તેમના ધારાસભ્યોને તોડી રહ્યું છે. હકીકત એ છે કે તેમના પરિવારના ૪-૫ સભ્યો સિવાય બાકીના તમામ નેતાઓ તેમને છોડવા માટે તૈયાર છે."સપાના નેતા શિવપાલ યાદવે આ દાવાઓને 'પાયાવિહોણા' ગણાવ્યા છે, પરંતુ નિષાદ અને રાજભરના આ નિવેદનોએ યુપીના રાજકીય વર્તુળોમાં ભારે હલચલ મચાવી દીધી છે. જો આ દાવો સાચો સાબિત થાય, તો આગામી સમયમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ માટે ઉત્તર પ્રદેશમાં મોટું રાજકીય સંકટ ઊભું થઈ શકે છે. સત્તામાં હોવાને કારણે નેતાઓનું એનડીએ તરફનું આ આકર્ષણ આગામી દિવસોમાં રાજ્યના રાજકીય સમીકરણોમાં કેવા બદલાવ લાવે છે તે જોવું રસપ્રદ રહેશે.

## અંકિતિ બોસને માનહાનિ કેસમાં મોટી રાહત: દિલ્હી કોર્ટે આર્ટિકલ હટાવવાનો આદેશ આપ્યો

નવી દિલ્હી: ઉદ્યોગસાહસિક અને રોકાણકાર અંકિતિ બોસને દિલ્હીની દ્વારકા કોર્ટ તરફથી માનહાનિના એક કેસમાં મોટી વચગાળાની રાહત મળી છે. એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ હરજ્યોત સિંહ ભલ્લાની અદાલતે એક આદેશ દ્વારા પ્રતિવાદીઓને અંકિતિ બોસ વિરુદ્ધના વાંધાજનક લેખને પ્રકાશિત કરવા, ફરતા કરવા કે ફરીથી પોસ્ટ કરવા પર તાત્કાલિક રોક લગાવી છે અને આ લેખને દૂર કરવા નિર્દેશ આપ્યો છે.અદાલતે નોંધ્યું હતું કે વાંધાજનક લેખમાં જે ફોજદારી કાર્યવાહીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં અંકિતિ બોસ આરોપી નથી, પરંતુ તે પોતે મુંબઈમાં તેના પૂર્વ સહકર્મી અને ઝિલિંગોના સહ-સ્થાપક વિરુદ્ધ નોંધાયેલી FIRમાં ફરિયાદી છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે મીડિયાએ તપાસ હેઠળના કેસોમાં રિપોર્ટિંગ કરતી વખતે સાવચેતી રાખવી જોઈએ. કોઈપણ ન્યાયિક નિર્ણય વિના મીડિયા પોતાની રીતે કોઈને ગુનેગાર ઠેરવી શકે નહીં.કોર્ટે ટિપ્પણી કરી હતી કે જવાબદારી વિનાનું રિપોર્ટિંગ કોઈ વ્યક્તિની પ્રતિષ્ઠાને ગંભીર રીતે અસર કરી શકે છે. કોર્ટે બંધારણની કલમ ૨૧ હેઠળ મળેલા 'જીવન અને ગરિમાના અધિકાર'નો ઉલ્લેખ કરતા કહ્યું કે, કોઈ વ્યક્તિની પ્રતિષ્ઠા આ અધિકારનો અભિન્ન હિસ્સો છે. અદાલતે માન્યું કે અંકિતિ બોસના પક્ષમાં મજબૂત કાનૂની કારણો (prima facie case) છે અને આ સામગ્રીનું પ્રસારણ ચાલુ રહે તો તેને અફર નુકસાન થઈ શકે છે.કોર્ટે પ્રતિવાદીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે તેઓ અંકિતિ બોસ પર ફોજદારી ગેરવર્તણૂક, છેતરપિંડી કે મની લોન્ડરિંગ જેવા કોઈ પણ આરોપ સાથેની સામગ્રી પ્રકાશિત કરશે નહીં. જો આ આદેશનું પાલન કરવામાં નહીં આવે, તો અંકિતિ બોસ સીધા જ ઓનલાઈન પ્લેટફોર્મ્સ અને મધ્યસ્થીઓનો સંપર્ક કરીને તે સામગ્રી હટાવવા માટે સ્વતંત્ર છે.નોંધનીય છે કે આ અગાઉ પણ અંકિતિ બોસ સામેની વાંધાજનક સામગ્રીને બોમ્બે હાઈકોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો હતો. આજના આદેશ બાદ હવે કોઈ પણ પ્લેટફોર્મ પર આ પ્રકારના લેખનું પ્રસારણ કરવું એ કોર્ટના આદેશનું ઉલ્લંઘન ગણાશે. આ નિર્ણય વ્યક્તિગત પ્રતિષ્ઠાના રક્ષણ માટે અત્યંત મહત્વનો માનવામાં આવે છે.

૮ આરોપીઓની ધરપકડ, ૧૧ પિસ્તોલ કબજે

## આંતરરાષ્ટ્રીય હથિયાર તસ્કરીનું નેટવર્ક ઝડપાયું




અમૃતસર: પંજાબના અમૃતસર પોલીસ કમિશનરેટને આંતરરાષ્ટ્રીય હથિયાર તસ્કરીના કૌભાંડને પકડવામાં મોટી સફળતા મળી છે. પંજાબના ડીજીપી દ્વારા ગુરુવારે આપવામાં આવેલી માહિતી મુજબ, પોલીસે એક આંતર-સીમાવર્તી ગેરકાયદેસર હથિયાર તસ્કરી મોડ્યુલનો પર્દાફાશ કરીને ૮ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસની આ કાર્યવાહીમાં ૧૧ અત્યાધુનિક પિસ્તોલ અને ૮ જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે. ડીજીપીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ તમામ આરોપીઓ વિદેશમાં બેઠેલા ઓપરેટિવ્સના સતત સંપર્કમાં હતા. આ ગેરકાયદેસર હથિયારોનો ઉપયોગ રાજ્યમાં ખંડણી, હિંસક ગુનાઓ અને અન્ય ગેરકાનૂની પ્રવૃત્તિઓ માટે કરવામાં આવનાર હતો. પોલીસ દ્વારા અમૃતસરના એરપોર્ટ, સદર અને છેહરટા પોલીસ સ્ટેશનમાં વિવિધ એફઆઈઆર નોંધવામાં આવી છે. અત્યારે પોલીસ આ ગેંગના અન્ય સાથીદારોને પકડવા અને નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે ઊંડી તપાસ ચલાવી રહી છે.

કોંગ્રેસ તમામ પાંચ બેઠકો પર જીતવા માટે મક્કમ

## "અમારી પાસે પૂરતું સંખ્યાબળ છે": દિનેશ ગુંડુ રાવનો કોંગ્રેસની જીતનો દાવો

બેંગલુરુ: કર્ણાટક વિધાન પરિષદની ૭ બેઠકો માટે ગુરુવારે ચાલી રહેલા મતદાન વચ્ચે રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસના ધારાસભ્ય અને નેતા દિનેશ ગુંડુ રાવે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે પક્ષ તેના ઉમેદવારોને જીતાડવા માટે જરૂરી સંખ્યાબળ ધરાવે છે અને તેને કોઈ પણ બાહ્ય સમર્થનની જરૂર નથી.મતદાન અગાઉ પત્રકારો સાથે વાત કરતા દિનેશ ગુંડુ રાવે કહ્યું, "અમે અમારા પોતાના મતોના જોરે તમામ ૫ બેઠકો જીતીશું. અમે ગઈકાલે અમારા તમામ ધારાસભ્યોને એકત્ર કર્યા હતા અને મોક વોટિંગ પણ યોજ્યું હતું. અમારી પાસે જીતવા માટે પૂરતું સંખ્યાબળ છે." આ નિવેદન દ્વારા તેમણે પક્ષમાં કોઈ પણ પ્રકારના ક્રોસ-વોટિંગના ડરને ફગાવી દીધો છે. ઉલ્લેખનીય છે કે, ભાજપ દ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે ક્રોસ-વોટિંગના ડરથી કોંગ્રેસે પોતાના ધારાસભ્યોને રિસોર્ટમાં રાખ્યા હતા.બીજી તરફ, કર્ણાટક વિધાનસભામાં વિપક્ષના નેતા આર. અશોકાએ દાવો કર્યો છે કે ભાજપના બંને ઉમેદવારો ચોક્કસપણે જીતશે. તેમણે કહ્યું, "અમારા બે ઉમેદવારો જીતશે, તેમાં કોઈ શંકા નથી. અમારી પાસે સારા ધારાસભ્યો છે અને કોઈ ક્રોસ-વોટિંગ થશે નહીં. અમે વધારાના મતો જેડી(એસ)ને ટ્રાન્સફર કરવા પડશે, જેના માટે આજે એક બેઠક બોલાવી વ્હીપ આપવામાં આવ્યો છે."રાજ્યની ૭ બેઠકો માટે કુલ ૮ ઉમેદવારો મેદાનમાં છે. જીત મેળવવા માટે દરેક ઉમેદવારને ૨૮ મતોની જરૂર છે. કોંગ્રેસે ચાર ઉમેદવારો - બી.કે. હરિપ્રસાદ, તિપ્પન્નાપ્પા કામકનૂર, પી.વી. મોહન અને શિવન્ના માલવલ્લીને મેદાનમાં ઉતાર્યા છે.

એક જ પરિવારના ૬ સભ્યો સહિત ૭ લોકોએ ગુમાવ્યા જીવ

## ચંબામાં અકસ્માત: ૫૦૦ મીટર ઊંડી ખીણમાં કાર ખાબકતા ૭ ના મોત

ચંબા: હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં બુધવાર અને ગુરુવારની મધ્યરાત્રિએ સર્જાયેલા એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૭ લોકોના મોત નિપજ્યા છે. આ દુર્ઘટના ચંબા-મસરુંડ માર્ગ પર છતરુંડ નજીક બની હતી, જ્યાં એક બોલેરો કાર (HP-01C-2581) અનિયંત્રિત થઈને લગભગ ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી. મૃતકોમાં ૬ સભ્યો એક જ પરિવારના હોવાનું સામે આવ્યું છે.પ્રાપ્ત માહિતી મુજબ, તમામ મૃતકો કાકડોથા ગામમાં આયોજિત એક 'મુંડન સંસ્કાર' સમારોહમાં હાજરી આપીને મોડી રાત્રે પરત ફરી રહ્યા હતા. રાત્રે અંદાજે ૨ વાગ્યાના સુમારે છતરુંડ નજીક ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતા કાર સીધી ઊંડી ખીણમાં જઈ પડી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારના ફૂરચેફૂરચા ઉડી ગયા હતા અને વાહનમાં સવાર તમામ ૭ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યા હતા.આ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓમાં ૩ મહિલાઓ અને ૪ પુરુષોનો સમાવેશ થાય છે. જેમાં ત્રણ સગા ભાઈઓ ચુન્નીલાલ (૬૫), દેવીલાલ (૬૨) અને મોતીરામ (૫૦) તેમજ મોતીરામની પત્ની બબલી દેવી (૪૫), અનિતા કુમારી (૨૦), કુંતા દેવી (૫૩) અને મનોહર લાલ (૩૪) નો સમાવેશ થાય છે. આ તમામ કુથેડ પંચાયતના મહેલ ગામના રહેવાસી હતા.સ્થાનિક લોકો દ્વારા જાણ કરવામાં આવતા પોલીસ અને વહીવટીતંત્રની ટીમો ત્વરિત ઘટનાસ્થળે પહોંચી હતી. દુર્ગમ વિસ્તાર અને અંધારાને કારણે મૃતદેહોને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી, પરંતુ સ્થાનિક ગ્રામજનોની મદદથી મૃતદેહોને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે પંડિત જવાહરલાલ નેહરુ સરકારી મેડિકલ કોલેજ, ચંબા મોકલી આપવામાં આવ્યા હતા.

પોલીસે કેસ નોંધીને અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ શરૂ કરી છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે આ માર્ગ પર પૂરતા ક્રેશ બેરિયરનો અભાવ પણ દુર્ઘટનાનું એક કારણ હોઈ શકે છે.રાજ્યના મુખ્યમંત્રી ઠાકુર સુખવિંદર સિંહ સુખુએ આ ઘટના અંગે ઊંડું દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ મુશ્કેલ સમયમાં રાજ્ય સરકાર મૃતકોના પરિવારોની સાથે છે. તેમણે જિલ્લા વહીવટીતંત્રને પીડિત પરિવારોને શક્ય તમામ સહાય પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે. સમગ્ર પંથકમાં આ ઘટનાને પગલે શોકનું મોજું ફરી વળ્યું છે.



કોંગ્રેસમાં જૂથબંધીનો સ્વીકાર

## "કોંગ્રેસમાં જૂથો છે, પણ મત પક્ષને જ મળશે": સતીશ જારકીહોલી

બેંગલુરુ: કર્ણાટકમાં વિધાન પરિષદની ૭ બેઠકો માટે ચાલી રહેલા મતદાન વચ્ચે કોંગ્રેસ પક્ષમાં આંતરિક જૂથબંધીનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. રાજ્યના મંત્રી સતીશ જારકીહોલીએ ખુલ્લેઆમ સ્વીકાર્યું છે કે કોંગ્રેસમાં જૂથો કાર્યરત છે, પરંતુ સાથે જ તેમણે ખાતરી આપી હતી કે તમામ ધારાસભ્યો પક્ષના ઉમેદવારોને જ મત આપશે. વિધાનસભા સૌધા ખાતે પોતાનો મત આપ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા જારકીહોલીએ કહ્યું, "હા, કોંગ્રેસમાં જૂથો છે, પરંતુ તેઓ પક્ષ માટે જ મતદાન કરશે." તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે કોંગ્રેસે જે ૫ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે, તે તમામ પર પાર્ટી આરામદાયક રીતે વિજય મેળવશે. તેમણે ઉમેર્યું કે પક્ષ પાસે જીતવા માટે જરૂરી સંખ્યાબળ પહેલેથી જ છે, તેથી શંકાને કોઈ સ્થાન નથી. કોંગ્રેસના અન્ય વરિષ્ઠ નેતાઓએ પણ સમાન આશાવાદ વ્યક્ત કર્યો છે. પૂર્વ મંત્રી અને ધારાસભ્ય સંતોષ લાડે જણાવ્યું કે, "અમે ખૂબ જ આત્મવિશ્વાસ ધરાવીએ છીએ અને અમારા પાંચેય ઉમેદવારો સરળતાથી જીતશે." દિનેશ ગુંડુ રાવે પણ પક્ષના સંખ્યાબળ પર ભાર મૂકતા કહ્યું કે, "અમે અમારા પોતાના મતોના જોરે ૫ બેઠકો જીતીશું. અમે ગઈકાલે ધારાસભ્યો સાથે મોક વોટિંગ પણ કર્યું હતું, જેથી અમારી પાસે પૂરતી સંખ્યા હોવાની ખાતરી છે." કોંગ્રેસના ધારાસભ્ય કે.એન. રાજન્નાએ ભાજપના મત ફાળવણીના નિર્ણય પર કટાક્ષ કર્યો હતો. તેમણે દાવો કર્યો કે ભાજપે જે રીતે મતોની ફાળવણી ફરીથી કરી છે, તે સૂચવે છે કે જેડી(એસ)ના ઉમેદવારની હાર નક્કી છે. તેમણે કહ્યું કે આ ભાજપની અસલામતી અને જેડી(એસ) ઉમેદવારની હારની પુષ્ટિ કરે છે. ૭૫ સભ્યોની વિધાન પરિષદમાં હાલમાં કોંગ્રેસ પાસે ૩૭, ભાજપ પાસે ૨૯ અને જેડી(એસ) પાસે ૭ બેઠકો છે. ૩૦ જૂનના રોજ ૭ સભ્યોનો કાર્યકાળ પૂરો થતો હોવાથી આ ચૂંટણી અનિવાર્ય બની હતી.

દિલ્હી યુનિવર્સિટીનો વૈશ્વિક રેન્કિંગમાં ઉછાળો

## ભારતની પ્રથમ ક્રમાંકિત જાહેર યુનિવર્સિટી તરીકે યથાવત

નવી દિલ્હી: શિક્ષણ જગતમાંથી એક આનંદદાયક સમાચાર સામે આવ્યા છે. દિલ્હી યુનિવર્સિટી (DU) એ તાજેતરમાં જાહેર થયેલા 'ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ ૨૦૨૭' માં પોતાના પ્રદર્શનમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. યુનિવર્સિટીએ વૈશ્વિક સ્તરે ૬ સ્થાનનો કૂદકો મારીને ૩૨૨મો ક્રમ હાંસલ કર્યો છે, જે અગાઉના વર્ષે ૩૨૮મો હતો.દિલ્હી યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલર પ્રોફેસર યોગેશ સિંહે આ માહિતી શેર કરતા જણાવ્યું હતું કે, દિલ્હી યુનિવર્સિટી ભારતીય યુનિવર્સિટીઓમાં પ્રથમ ક્રમે અને તમામ ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ૭મા ક્રમે યથાવત છે. આ રેન્કિંગમાં વિશ્વની ૮,૮૦૮ સંસ્થાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૬ દેશોની ૧,૫૦૪ યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે. ભારતની ૫૨ સંસ્થાઓમાં DU એ પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે.યુનિવર્સિટીએ વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ખાસ કરીને 'સાયટેશન્સ પર ફેકલ્ટી'માં ૮૫ સ્થાનનો સુધારો કરીને તે ૪૦૩ થી ૩૧૮ પર પહોંચી છે, જે સંશોધનની ગુણવત્તામાં વૃદ્ધિ દર્શાવે છે. 'સસ્ટેનેબિલિટી'માં પણ તે ૨૯૭ થી ૨૪૦ પર પહોંચી છે, જે પર્યાવરણીય પ્રતિબદ્ધતાને સાબિત કરે છે. 'એમ્પ્લોયર રેપ્યુટેશન'માં ૧૫ સ્થાનનો સુધારો કરીને તે ૩૦૪ પર પહોંચી છે, જે DU ના સ્નાતકોની વિશ્વભરમાં માંગ દર્શાવે છે.પ્રો. યોગેશ સિંહે આ સફળતાનો શ્રેય ફેકલ્ટી, વિદ્યાર્થીઓ, સંશોધકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સામૂહિક પ્રયાસોને આપ્યો છે. તેમણે કહ્યું, "આ સુધારો અમારી શૈક્ષણિક ઈકોસિસ્ટમ, શિક્ષણની ગુણવત્તા, સંશોધન અને સામાજિક જવાબદારી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે. અમે યુનિવર્સિટીની વૈશ્વિક દૃશ્યતા વધારવા અને રાષ્ટ્ર નિર્માણમાં વધુ યોગદાન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ."દિલ્હી યુનિવર્સિટી 'એમ્પ્લોયમેન્ટ આઉટકમ્સ' માં ભારતીય સંસ્થાઓમાં બીજા ક્રમે, 'સસ્ટેનેબિલિટી' અને 'ઈન્ટરનેશનલ રિસર્ચ નેટવર્ક' માં ૪થા ક્રમે અને 'એકેડેમિક રેપ્યુટેશન' માં ૬ઠ્ઠા ક્રમે રહી છે. આ સિદ્ધિ ભારતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે ગર્વની વાત છે.

## મમતા બેનરજીને હાઈકોર્ટનો ઝટકો

બંગાળ: પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી માટે રાજકીય મુશ્કેલીઓ સતત વધી રહી છે. ચૂંટણી પરિણામો બાદ શરૂ થયેલો આંતરિક બળવો હવે કાનૂની વિવાદમાં ફેરવાયો છે. 18 જૂનના રોજ કોલકાતા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતાના પદને લઈને ચાલી રહેલા વિવાદ પર મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે વિધાનસભા સ્પીકરના નિર્ણય પર સ્ટે આપવાનો ઈનકાર કરી દીધો છે, જેનો અર્થ એ છે કે બળવાખોર ધારાસભ્ય વિપક્ષના નેતા પદે યથાવત્ રહેશે. રિપોર્ટ્સ અનુસાર, તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના વરિષ્ઠ નેતા શોભનદેબ ચટ્ટોપાધ્યાયે બળવાખોર ધારાસભ્યની વિપક્ષના નેતા તરીકેની નિમણૂકને હાઈકોર્ટમાં પડકારી હતી. વાસ્તવમાં, વિપક્ષના નેતા પદ માટે તૃણમૂલ તરફથી બે અલગ-અલગ નામ રજૂ કરવામાં આવ્યા હતા.

ઈ-હરાજી સૂચના

**(સ્ટ્રોમ (વાવાઝોડા) થી અસરગ્રસ્ત 1.6mm જાડાઈની ગાલવાલ્યુમ શીટ (પ્રોફલેક્સ શીટ))**

રસ ધરાવતા ખરીદદારો પાસેથી "જે સ્થિતિમાં છે, જ્યાં છે" ના ધોરણે, 'પ્રતિ કિલો' ના ભાવે સ્ટ્રોમ (વાવાઝોડા) થી અસરગ્રસ્ત અંદાજે 60 થી 65 MT 1.6mm જાડાઈની ગાલવાલ્યુમ શીટ (પ્રોફલેક્સ શીટ) (જેનો કેસ MACK ISLA દ્વારા સંભાળવામાં આવે છે) ના નિકાલ માટે ઈ-હરાજી ફોર્મ મંગાવવામાં આવે છે. આ સામગ્રી મેસર્સ ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની માલિકીની છે. ઉપરોક્ત સામગ્રીનું નિરીક્ષણ મેસર્સ ગ્રાસિમ સેલ્યુલોસિક ડિવિઝન, પ્લોટ નં. 1, GIDC - વિલાયત, તાલુકો વાગરા, ગુજરાત - 392012 ખાતે 19/06/26 થી 27/06/26 દરમિયાન, શ્રી રાજુ દાસ - 9910355611 પાસેથી અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને કરી શકાશે. ઈ-હરાજી 29/06/26 ના રોજ યોજાશે. ઈ-હરાજી ફોર્મ માટે, સંપર્ક કરો કુમારી ખુશી, મોબાઈલ - 9990857386.

**Salvor Settlers Pvt. Ltd.**
**(ઓક્શનિયર્સ)**
સરનામું: 203, 2જો માળ, ઉષા કિરણ બિલ્ડિંગ, આઝાદપુર કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દિલ્હી - 110033

અથવા વેબસાઈટ પરથી ડાઉનલોડ કરો:
**www.salvorsettlers.com**

ઈ-હરાજી ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ 29/06/26, રાત્રે 11:30 વાગ્યા પહેલા છે.

ફોર્મ નં. INC-26
[કંપનીઝ (ઈન્કોર્પોરેશન) રૂલ્સ, 2014 ના નિયમ 30 મુજબ]
કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ ગુજરાત રાજ્યમાંથી મહારાષ્ટ્ર રાજ્યમાં સ્થાનાંતરિત કરવા અંગે સમાચારપત્રમાં પ્રસિદ્ધ કરવાની જાહેરાત

કેન્દ્ર સરકાર સમક્ષ [રિજનલ ડાયરેક્ટર, નોર્થ-વેસ્ટર્ન રિજન, ROC અમદાવાદ, કોર્પોરેટ બાબતોનું મંત્રાલય] કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 13(4) અને કંપનીઝ (ઈન્કોર્પોરેશન) રૂલ્સ, 2014 ના નિયમ 30 ના સબ-રૂલ (5) ના ક્લોઝ (a) ના સંદર્ભમાં અને **AOSIGN મેડિકલ પ્રાઈવેટ લિમિટેડ** કે જેની રજિસ્ટર્ડ ઓફિસ બ્લોક-B1402 સૂર્યમ અનંતા, બિસાઈડ અર્પણ ઈન્ટરનેશનલ સ્કૂલ, વસ્ત્રાલ, અમદાવાદ, દસક્રોઈ, ગુજરાત, ભારત, 382418 ખાતે આવેલી છે, તેના સંદર્ભમાં સામાન્ય જનતાને આથી સૂચિત કરવામાં આવે છે કે કંપની, કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 13 હેઠળ કેન્દ્ર સરકારને અરજી કરીને કંપનીની મેમોરેન્ડમ ઓફ એસોસિએશનમાં ફેરફાર કરવાની પુષ્ટિ મેળવવા માંગે છે. આ ફેરફાર 6 મે, 2026 ના રોજ યોજાયેલી એક્સ્ટ્રા ઓર્ડિનરી જનરલ મીટિંગમાં પસાર કરવામાં આવેલા સ્પેશિયલ રિઝોલ્યુશન અનુસાર છે, જેનો હેતુ કંપનીની રજિસ્ટર્ડ ઓફિસને 'ગુજરાત રાજ્ય' થી બદલીને 'મહારાષ્ટ્ર રાજ્ય' માં લઈ જવાનો છે. જે કોઈપણ વ્યક્તિના હિતો પર આ પ્રસ્તાવિત ફેરફારથી અસર થવાની સંભાવના હોય, તેઓ પોતાની વાંધા-અરજી MCA પોર્ટલ (www.mca.gov.in) પર ઈન્વેસ્ટર કમ્પ્લેઈન્ટ ફોર્મ ભરીને અથવા એફિડેવિટ સાથે તેમના હિતનું સ્વરૂપ અને વિરોધના કારણો જણાવીને રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા રિજનલ ડાયરેક્ટર, નોર્થ-વેસ્ટર્ન રિજન (ગુજરાત), ROC ભવન, ઓપોઝિટ રૂપલ પાર્ક સોસાયટી, બિહાઈન્ડ અંકુર બસ સ્ટોપ, નારણપુરા, અમદાવાદ, ગુજરાત, ભારત 380013 ના સરનામે આ નોટિસ પ્રસિદ્ધ થયાના 14 દિવસ (ચૌદ દિવસ) ની અંદર મોકલી શકે છે. સાથે જ તેની એક નકલ નીચે જણાવેલ સરનામે આવેલી અરજદાર કંપનીની રજિસ્ટર્ડ ઓફિસને પણ મોકલવાની રહેશે:
કંપનીની રજિસ્ટર્ડ ઓફિસનું સરનામું આ મુજબ છે: બ્લોક-B1402 સૂર્યમ અનંતા, બિસાઈડ અર્પણ ઈન્ટરનેશનલ સ્કૂલ, વસ્ત્રાલ, અમદાવાદ, દસક્રોઈ, ગુજરાત, ભારત - 382418
સાચું પ્રમાણિત
**AOSIGN મેડિકલ પ્રાઈવેટ લિમિટેડ વતી**
સહી/-
તારીખ: 19/06/2026 — દીપક ચૌધરી
સ્થળ: અમદાવાદ — ડાયરેક્ટર (DIN: 11029753)

સિટી એક્સપ્રેસ
FRIDAY 19 JUNE-2026
AHMEDABAD

## અમદાવાદ બાદ ભાવનગર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓનું રેગિંગ

ભાવનગર | અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજ બાદ હવે ભાવનગરની સરકારી મેડિકલ કોલેજમાં પણ જુનિયર વિદ્યાર્થીઓ દ્વારા સિનિયર સામે રેગિંગની ફરિયાદ કરવામાં આવી છે. ઓર્થોપેડિક વિભાગના ફર્સ્ટ યરના 13 વિદ્યાર્થીઓ દ્વારા 6 સિનિયર વિદ્યાર્થીઓ સામે ફરિયાદ કરવામાં આવી છે. સિનિયર વિદ્યાર્થીઓ જુનિયર પાસે પૈસા માગતા હોવાનો અને મુર્ગા બનાવતા હોવાનો આક્ષેપ કરાયો છે. જુનિયર વિદ્યાર્થીઓની ફરિયાદ બાદ એન્ટી રેગિંગ સ્કવોડ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

## ભાવનગરમાં ગરમીના આકરા તડકા પછી મેઘમહેર

ભાવનગર | છેલ્લા દસ દિવસથી કાળઝાળ ગરમી અને અસહ્ય બફારાથી ત્રસ્ત ભાવનગરવાસીઓને આજે બપોર બાદ ધીમીધારે વરસાદનું આગમન થયું હતું, શહેરમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું, બપોરના સુમારે એકાએક વાતાવરણમાં પલટો આવતા ધીમીધારે વરસાદનું આગમન થયું હતું, જેના કારણે લોકોને ઉકળાટમાંથી થોડા અંશે ગરમીથી રાહત થઈ હતી.ભાવનગરમાં છેલ્લા 10 દિવસથી સરેરાશ 39થી 42 ડિગ્રી તાપમાન નોંધાઈ રહ્યું હતું. ધોમધખતા તડકા અને બફારાને કારણે જનજીવન ભારે પ્રભાવિત થયું હતું.

# સુરતમાં BAPS હોસ્પિટલની પાસે EVના શો રૂમમાં આગ કાબૂમાં...



**15થી વધુ વાહનો બળીને ખાખ, ક્રિષ્ના રેસ્ટોરન્ટ, એપોલો ફાર્મસી સહિતની દુકાનો સુધી આગ પ્રસરી હતી**





સુરત | સુરત શહેરના પોશ ગણાતા અડાજણ વિસ્તારમાં આજે 18 જૂને સવારે આગની ઘટના બની હતી. અડાજણ ચાર રસ્તા પાસે આવેલી BAPS હોસ્પિટલની નજીકની દુકાનોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આગ એક ઈલેક્ટ્રિક વ્હીકલના (EV) શો-રૂમમાંથી શરૂ થઈ હતી, જેણે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને બાજુમાં આવેલી એપોલો ફાર્મસી અને રેસ્ટોરન્ટને પણ ઝપેટમાં લેવામાં આવ્યા હતા.ફાયરની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

આગ એટલી પ્રચંડ અને ભયાવહ હતી કે તેના કારણે અસહ્ય ગરમી પેદા થઈ હતી. પતરાના શેડમાં બનાવવામાં આવેલી આ દુકાનોમાં લાગેલી આગની ભયંકર ગરમીના કારણે દુકાનોનું મજબૂત લોખંડનું સ્ટ્રક્ચર પણ ઓગળી ગયું હતું અને જોતજોતામાં નમી પડ્યું હતું. માળખું નમી પડવાને કારણે આસપાસના લોકોમાં વધુ ભયનો માહોલ જોવા મળ્યો હતો.

અડાજણ ચાર રસ્તા પાસે આવેલા TVS EV શો-રૂમમાં અચાનક કોઈ કારણોસર આગ લાગી હતી. EV વાહનોની બેટરી અને અન્ય સ્પેરપાર્ટ્સને કારણે આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું કે તે બાજુમાં આવેલી એપોલો ફાર્મસી અને એક પ્રખ્યાત રેસ્ટોરન્ટ સુધી પ્રસરી ગઈ હતી. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાતા આસપાસના લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. શો-રૂમમાં મૂકેલા વાહનો પણ આગની ચપેટમાં આવી જતાં બળીને ખાખ થઈ ગયા હતા.

ઘટનાની ગંભીરતાને જોતા સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. મેસેજ મળતાની સાથે જ સુરત ફાયર વિભાગની અલગ-અલગ પાંચ સ્ટેશનોની 10થી વધુ ગાડીઓ કાફલા સાથે ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ આગ વધુ ન પ્રસરે તે માટે ચારેય તરફથી પાણીનો ભારે મારો ચલાવવાનું શરૂ કર્યું હતું.

### હાલ કુલિંગની કામગીરી ચાલુ: ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર

આ દૂર્ઘટના અંગે માહિતી આપતા ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર એસ. ડી. ધોબીએ જણાવ્યું હતું કે, અમને દુકાનમાં આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચે તે પહેલા આગ આજુબાજુની અન્ય દુકાનોમાં પણ પકડાઈ ગઈ હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે તાત્કાલિક પાલનપુર, જહાંગીરપુરા, મોરાભાગળ અને મુગલીસરા ફાયર સ્ટેશનની ગાડીઓને ઘટનાસ્થળે બોલાવી લેવામાં આવી હતી. સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. હાલમાં આગ પર કાબૂ મેળવી લેવાયો છે અને કુલિંગની કામગીરી ચાલી રહી છે.

આગની આ ઘટના ચાલુ બજારે અને હોસ્પિટલ જેવા ભીડભાડ વાળા વિસ્તારની નજીક બની હોવા છતાં, સમયસૂચકતાના કારણે કોઈ મોટી જાનહાનિ થઈ નથી. જો કે, શો-રૂમ, ફાર્મસી અને રેસ્ટોરન્ટમાં લાગેલી આગને કારણે લાખો રૂપિયાનું માલસામાન બળીને ખાખ થઈ ગયું હોવાનું અનુમાન છે. ફાયર વિભાગની ત્વરિત કામગીરીને પગલે મોટી દુર્ઘટના ટળી છે.

## પશ્ચિમ રેલવે ચલાવશે ત્રણ જોડી નીટ પરીક્ષા સ્પેશિયલ ટ્રેનો



અમદાવાદ | અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાં ગઈકાલે(17 જૂન) મોડી રાત્રે અઢી વાગ્યાની આસપાસ 17 વર્ષના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી છે. કહાન પટેલે એરિસ્ટો આનંદમ ફ્લેટના B બ્લોકમાં છઠ્ઠા માળેથી બેડરૂમની બાલ્કનીની જાળી કાપી મોતની છલાંગ લગાવી હતી.

વિદ્યાર્થી નીચે પડતા સિક્યુરિટી ગાર્ડને જાણ થઈ અને તેને અન્ય લોકોને જાણ કરી હતી. બનાવમાં વિદ્યાર્થીનું ઘટનાસ્થળે જ મોત થયું છે. હાલ મૃતદેહને પીએમ માટે સિવિલ મોકલવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં મૃતક વિદ્યાર્થી NEETની પરીક્ષાની તૈયારી કરતો હોવાનું સામે આવ્યું છે.

મૃતકે NEETના વિકલ્પ તરીકે ફાર્મસીનું ફોર્મ પણ ભર્યું હતું. કયા કારણથી આત્મહત્યા કરી તે હજુ સુધી સામે આવ્યું નથી. બનાવની જાણ થતા સાબરમતી પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### 20 થી 30 જૂન સુધી ગોરાઘુમા-સાણંદ સ્ટેશનો વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નં. 16A બંધ રહેશે



અમદાવાદ : પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ગોરાઘુમા-સાણંદ સ્ટેશનો વચ્ચે સ્થિત રેલવે ક્રોસિંગ નં. 16A (કિ.મી. 517/33-35) પર અત્યંત આવશ્યક સમારકામ હાથ ધરવામાં આવનાર હોવાથી આ ફાટક 20 જૂન 2026ના રોજ સવારે 08:00 વાગ્યાથી 30 જૂન 2026ના રોજ સાંજે 08:00 વાગ્યા સુધી વાહનવ્યવહાર માટે બંધ રહેશે.આ સમયગાળા દરમિયાન માર્ગ ઉપયોગકર્તાઓને વૈકલ્પિક માર્ગ તરીકે રેલવે ક્રોસિંગ નં. 16 ખાતે રોડ ઓવર બ્રિજ (ROB) અને મણિપુરગામ અંડરપાસનો ઉપયોગ કરવાની વિનંતી કરવામાં આવે છે.

## શારદાબેન હોસ્પિટલમાં ડિલિવરી માટે આવેલી મહિલાનું મોત : તબીબી બેદરકારીથી મોતનો આક્ષેપ



અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સરસપુર શારદાબેન હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાનું ડોક્ટરોની બેદરકારીથી મૃત્યુ થયા હોવા મામલે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. બાપુનગર વિસ્તારમાં રહેતી મહિલાને ગઈકાલે ડિલિવરી માટે હોસ્પિટલમાં લાવ્યા હતા જ્યાં સારવાર ચાલી હતી ત્યારબાદ વહેલી સવારે મૃત્યુ થતાં પરિવારજનોને જાણ થઈ હતી. પરિવારજનો દ્વારા હાલમાં પોલીસ ફરિયાદ નોંધાવવા માટેની કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ શહેરના બાપુનગર વિસ્તારમાં સંજયનગરના છાપરામાં પ્રિયાબેન પટણી નામની મહિલા તેના પરિવાર સાથે રહેતી હતી. પ્રિયાબેન ગર્ભવતી હતા અને તેમની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી . જોકે ગઈકાલે બપોરે પ્રસુતિની પીડા ઉપડી હતી અને મધ્યમ વર્ગના પરિવાર હોવાથી સારવાર માટે તેઓ સરસપુર શારદાબેન હોસ્પિટલમાં દાખલ થયા હતા.

પ્રિયાબેનના પરિવારજનોના જણાવ્યા મુજબ ગઈકાલે બપોરના રોજ તેઓ હોસ્પિટલમાં દાખલ થયા બાદ તેમની સારવાર શરૂ થઈ હતી અને અચાનક જ મોડી રાત્રે તબિયત ખરાબ થઈ ગઈ હતી. વહેલી સવારે તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. ડોક્ટરોને આ બાબતે પૂછતા તેમણે જણાવ્યું હતું કે અચાનક જ તેમના ધબકારા વધી ગયા હતા અને બેભાન થઈ જવાના કારણે તેમનું મૃત્યુ થયું છે.

પરિવારજનોના જણાવ્યા મુજબ હોસ્પિટલ સ્ટાફ દ્વારા કરવામાં આવેલી ડિલિવરી અને ડોક્ટર દ્વારા ફોન પર આપવામાં આવેલા નિર્દેશોના કારણે કથિત તબીબી બેદરકારીથી 35 વર્ષીય મહિલાનું મૃત્યુ થયું છે. આ મામલે પોલીસને જાણ કરવામાં આવી છે મહિલાનું પોસ્ટમોર્ટમ કરાવવા માટેની માગ કરવામાં આવી છે જેથી પોસ્ટમોર્ટમ કરાવવામાં આવશે.

## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત



**પશ્ચિમ રેલવે | અમદાવાદ**

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન નું વિવરણ નીચે મુજબ છે: ટ્રેન નં. 09447 અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ 17 જૂન, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને 24 જૂન, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે. ટ્રેન નં. 09448 પટના-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ 19 જૂન, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને 26 જૂન, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.ટ્રેન સંખ્યા 09447ના વિસ્તૃત ફેરા માટે બુકિંગ 19-06-2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov પર મુલાકાત લઈ શકે છે.

## બનાસકાંઠામાં વીજ તાર પડતાં પિતા-પુત્રના મોત ગોંડલ, જામનગર, અમરેલી, વડોદરામાં પણ વરસાદ




ગુજરાત | ગુજરાતમાં કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટ વચ્ચે પ્રિ-મોનસૂન એક્ટિવિટીનો ધમાકેદાર પ્રારંભ થયો છે. 17 જૂનના રોજ રાજ્યના બનાસકાંઠા, મહીસાગર, દાહોદ, નવસારી, છોટાઉદેપુર, આણંદ, ગોધરા, અરવલ્લી સહિત અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા અને પવન સાથે ધોધમાર વરસાદ નોંધાયો છે. અમદાવાદમાં પણ રાત્રિના વરસાદી માહોલ છવાયો હતો અને સામાન્ય છાંટા વરસ્યા હતાં. આજે વહેલી સવારથી ગોંડલ, જામનગર, અમરેલી, વડોદરા, બનાસકાંઠા સહિતના વિસ્તારમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે.

આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાયા બાદ અચાનક વરસાદ શરૂ થતાં લોકોને છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી અસહ્ય ગરમી અને બફારાથી રાહત મળી છે. બીજી તરફ બનાસકાંઠાના વડગામ તાલુકાના સકલાણા ગામેથી દુ:ખદ ઘટના સામે આવી છે. ગત રાત્રે ખેતરમાં જઈ રહેલા પિતા-પુત્ર પર વીજળીનો તાર પડતાં ઘટનાસ્થળે જ બંનેના મોત નીપજ્યા હતા.

હાલમાં પવન અને વાદળછાયા વાતાવરણના કારણે રાજ્યના તાપમાનમાં 2 ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાતાં લોકોને ગરમીથી થોડી રાહત મળી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે આગામી ત્રણ કલાક એટલે કે, 4 વાગ્યા સુધી રાજ્યના અમરેલી, ભાવનગર, બોટાદ, દાહોદ, પંચમહાલ, મહિસાગર, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, અરવલ્લી, સાબરકાંઠા અને ખેડામાં યલો એલર્ટ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપી છે.

મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં રાત્રિ દરમિયાન સૌથી વધુ 5.78 ઈંચ (147mm) ધોધમાર વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત કોઠંબામાં 1 ઈંચ (26mm), લુણાવાડામાં 19mm, વીરપુરમા 11mm, ગોધરામાં 09mm અને ખાનપુરમાં 03mm વરસાદ નોંધાયો છે.

## પશ્ચિમ રેલવે ચલાવશે ત્રણ જોડી નીટ પરીક્ષા સ્પેશિયલ ટ્રેનો

**પશ્ચિમ રેલવે | અમદાવાદ**

પશ્ચિમ રેલવે દ્વારા રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET-2026)માં ભાગ લેનાર ઉમેદવારોની સુવિધા તથા વધારાની યાત્રાની માંગને ધ્યાનમાં રાખીને વિશેષ ભાડા પર ત્રણ જોડી સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે.1. ટ્રેન સંખ્યા 09472/09471 મણિનગર-બાંદ્રા ટર્મિનસ-મણિનગર સ્પેશિયલ [02 ફેરા], ટ્રેન સંખ્યા 09472 મણિનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ શનિવાર, 20 જૂન, 2026ના રોજ મણિનગરથી સવારે 08:30 વાગ્યે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે સાંજે 18:15 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. એ જ રીતે, ટ્રેન સંખ્યા 09471 બાંદ્રા ટર્મિનસ-મણિનગર સ્પેશિયલ શનિવાર, 20 જૂન, 2026ના રોજ બાંદ્રા ટર્મિનસથી રાત્રે 21:15 વાગ્યે પ્રસ્થાન કરશે અને રવિવાર, 21 જૂન, 2026ના રોજ સવારે 06:00 વાગ્યે મણિનગર પહોંચશે.આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં આણંદ, વિશ્વામિત્રી, ભરુચ, સુરત, નવસારી, વલસાડ, વાપી, પાલઘર તથા બોરીવલી સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં સ્લીપર તથા જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.2. ટ્રેન નં. 09554/09553 ઓખા-ગાંધીનગર કેપિટલ-ઓખા સ્પેશિયલ [02 ફેરા], ટ્રેન સંખ્યા 09554 ઓખા-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ શનિવાર, 20 જૂન, 2026ના રોજ ઓખાથી સવારે 05:00 વાગ્યે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે 15:00 વાગ્યે ગાંધીનગર કેપિટલ પહોંચશે. એ જ રીતે, ટ્રેન સંખ્યા 09553 ગાંધીનગર કેપિટલ-ઓખા સ્પેશિયલ રવિવાર, 21 જૂન, 2026ના રોજ ગાંધીનગર કેપિટલથી 20:55 વાગ્યે પ્રસ્થાન કરશે અને સોમવાર, 22 જૂન, 2026ના રોજ 06:40 વાગ્યે ઓખા પહોંચશે. આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં દ્વારકા, ભાટિયા, ખંભાળિયા, કાનાલુસ, જામનગર, હાપા, પડધરી, રાજકોટ, વાંકાનેર, થાન, મૂળી રોડ, સુરેન્દ્રનગર, વિરમગામ, આંબલી રોડ અને ચાંદલોડિયા બી સ્ટેશનો પર રોકાશે.આ ટ્રેનમાં સ્લીપર તથા જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે. 3. ટ્રેન સંખ્યા 09254/09253 ભાવનગર ટર્મિનસ-ગાંધીગ્રામ-ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ [02 ફેરા] ,ટ્રેન સંખ્યા 09254 ભાવનગર ટર્મિનસ-ગાંધીગ્રામ સ્પેશિયલ શનિવાર, 20 જૂન, 2026ના રોજ ભાવનગર ટર્મિનસથી 11:40 વાગ્યે પ્રસ્થાન કરશે અને તે જ દિવસે 16:10 વાગ્યે ગાંધીગ્રામ પહોંચશે. એ જ રીતે, ટ્રેન સંખ્યા 09253 ગાંધીગ્રામ-ભાવનગર ટર્મિનસ સ્પેશિયલ રવિવાર, 21 જૂન, 2026ના રોજ ગાંધીગ્રામથી 20:00 વાગ્યે પ્રસ્થાન કરશે અને સોમવાર, 22 જૂન, 2026ના રોજ 00:35 વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.આ ટ્રેન માર્ગમાં બંને દિશાઓમાં ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, ધંધુકા, ધોળકા, બાવળા અને સરખેજ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સ્લીપર તથા જનરલ શ્રેણીના કોચ ઉપલબ્ધ રહેશે.ટ્રેન સંખ્યા 09472/09471, 09554/09553 અને 09253/09254 માટેનું બુકિંગ 19 જૂન, 2026થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ કરવામાં આવશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય તથા કોચ સંરચનાની વિગતવાર માહિતી www.enquiry.indianrail.gov.in પરથી પ્રાપ્ત કરી શકાય છે.

## રાજ્યમાં શરૂઆતના બે મહિના વરસાદમાં મોટી ઘટ પડી શકે : 24થી 36 કલાકમાં ચોમાસું ફરી ગતિ પકડી શકે



ગુજરાત | ગુજરાતમાં સત્તાવાર ચોમાસું બેસવાની 15 જૂન વિતી ચૂકી છે. ખેડૂતો વાવણીની તૈયારી કરીને બેઠા છે પણ વાવણી લાયક વરસાદની રાહ છે. ત્યારે હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ આ વર્ષના ચોમાસાને લઈ મહત્વની આગાહી કરી છે. તેમના મતે આ વર્ષે સામાન્ય કરતા ઓછો વરસાદ પડશે અને ચોમાસું પણ મોડું બેસશે.

પરંતુ, સાથે કહ્યું છે કે, લોકો અને ખેડૂતોએ ચિંતા કરવાની જરુર નથી. જૂન-જુલાઈમાં રાજ્ય દર વર્ષની માફક ઓછો વરસાદ થશે. પરંતુ, 15 ઓગસ્ટ બાદ વરસાદનો જે રાઉન્ડ આવશે તે આખા વર્ષનું ચિત્ર બદલી નાખશે. પરેશ ગોસ્વામીએ અલનીનોની ભારત અને ગુજરાત પર થનારી અસરને લઈ પણ મહત્વની વાત કરી હતી.

ગુજરાતમાં સામાન્ય રીતે 15 જૂન આસપાસ ચોમાસાની વિધિવત શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ, આ વર્ષે મહારાષ્ટ્રના દક્ષિણ ભાગોથી ચોમાસું આગળ વધ્યું ન હોય હજી ગુજરાતમાં પ્રવેશ થયો નથી. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, દક્ષિણ મહારાષ્ટ્ર સુધી પહોંચેલું નૈઋત્ય ચોમાસું હાલમાં નિષ્ક્રિય બન્યું છે. અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં કોઈ મજબૂત હવામાન પ્રણાલી સક્રિય ન હોવા અને પવનની વધુ ઝડપને કારણે ચોમાસાની આગળ વધવાની પ્રક્રિયા અટકી ગઈ છે. તેમણે જણાવ્યું કે આગામી 24થી 36 કલાકમાં ચોમાસું ફરી ગતિ પકડી શકે છે અને ધીમે ધીમે ગુજરાત તરફ